An ISO 9001:2008 (QMS) Certified Company

ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં પ્રસિધ્ધ થતું એકમાત્ર આર્થિક સાપ્તાહિક

| | |
|---|---|
| સંવર્ધક તંત્રી | : સ્વ. કાન્તિલાલ એમ.શાહ |
| તંત્રી | : દિલીપ કે. શાહ |

આર્ચી પબ્લિકેશન્સ

311 & 313, નાલંદા એન્કલેવ
પ્રિતમનગર, એલીસબ્રીજ, અમદાવાદ.

Ph. : 079-26576639
Fax : 079-26579996

E-mail : smartinvest25@gmail.com
smartinvest25@yahoo.in
info@smartinvestment.in

website : www.smartinvestment.in

# સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ

GAMC No. : 1530/2019-2021 Valid Up to 31st December 2021



www.smartinvestment.in

સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ વેબસાઈટ ઈન્ડેક્સ
માત્ર એકજ સપ્તાહમાં 41,777 હીટ્સ
મબલખ કમાણી કરવા માટે દરરોજ લાભ ઉઠાવો
1,62,33,999 હીટ્સ
ડેઈલી ટ્રેડર્સો માટે કમાણીનો કુબેર ભંડાર

*Future - Options, Stock - Watch, Funda - Picks, Technical Shares, Speculative Scrips, Primary Market,*



Pages 22

SMART INVESTMENT

Vol : 22 | Issue No. : 36 | RNI No : GUJGUJ / 2000 / 7618 | 4th Oct. 2021 to 10th Oct. 2021

₹ 50/-

Published Place : 311 & 313, Nalanda Enclave, Opp. Sudama Resorts, Pritam Nagar 1st Dhal, Ellisbridge, Ahmedabad.


# ટ્રેડર્સ માટે હવે સાવચેતી રાખવાનો સમય

## Market Scan




Jatin Sanghavi
(Mumbai)
(M) 098205 26455
E-mail : jatinsanghavi100@yahoo.com


બજારમાં લાગલગાટ ૯ સપ્તાહની અવિરત તેજી પછી બન્ને ઈન્ડેક્સ થાક્યા છે અને બ્રેક લીધો છે. ગત સપ્તાહે બન્ને ઈન્ડેક્સે બેરીશ કેન્ડલ રચી છે જે છેલ્લાં બે મહિનામાં પહેલી વાર જોવા મળી છે. સેન્સેક્સ અને નિફ્ટી બન્ને ડાર્ક ક્લાઉડ કવર રચવાથી થોડાં દૂર રહી ગયા છે, પરંતુ તેનાથી કેન્ડલની બેરીશ ઈમ્પેક્ટ એટલે કે નરમાઈનો જે કરંટ છે તેનાથી બચી શકે તેમ નથી.

દૈનિક ચાર્ટ પર બન્ને ઈન્ડેક્સે ડોજી રચ્યું છે. હવે જો સોમવારે વ્હાઈટ બોડી કેન્ડલ રચાય તો તેને બુલીશ ડોજી કહી શકાય. જો નિફ્ટી ૧૭૯૪૭ની ઉપર ધ આવશે તો ગત સપ્તાહની નેગેટિવ અસર એટલે કે બેરીશનેસ ધોવાઈ જશે. આવા સંજોગોમાં બન્ને ઈન્ડેક્સ તેમના સાપ્તાહીક મીઝરિંગ ગેપ તરફ આગેકૂચ કરી શકે છે, જે સેન્સેક્સ માટે ૬૦૭૦૫ અને નિફ્ટી માટે ૧૭૯૭૩ છે. જો આ લેવલ જોવા મળશે તો ત્યાર પછી ડેઈલી ફ્લેગ પેટર્ન મુજબ સેન્સેક્સનો ટારગેટ ૬૧૪૩૧ અને નિફ્ટી માટે ૧૮૩૦૭ રહેશે. સેન્સેક્સ જ્યાં સુધી ૫૭૯૨૪ ઉપર અને નિફ્ટી ૧૭૨૫૪ ઉપર બંધ રહેશે ત્યાં સુધી આ ટારગેટ શક્ય છે.

***મહત્વની વાત, દૈનિક ચાર્ટ પર મોમેન્ટમ ઓસિલેટર્સ પર નેગેટિવ ડાઈવર્જન્સ જોવા મળ્યું છે જે ટ્રેડર્સને સાવચેતી રાખવાનો સંકેત કરે છે.***




### : INDEX LEVELS :

| | S3 | S2 | S1 | Close | R1 | R2 | R3 |
|---|---|---|---|---|---|---|---|
| Nifty | 17095 | 17254 | 17378 | 17532 | 17671 | 17792 | 17947 |
| Sensex | 57263 | 57764 | 58232 | 58765 | 59243 | 59737 | 60412 |

### This Weeks Recommendations

| | Stocks | CMP | SL | Tgt-1 | Tgt-2 |
|---|---|---|---|---|---|
| Buy | Fluoro Ch. | 1952 | 1907 | 2021 | 2095 |
| Buy | Angel Br. | 1439 | 1407 | 1489 | 1543 |
| Buy | CanFin H | 671 | 653 | 699 | 729 |
| Buy | CanBank | 176 | 172 | 184 | 193 |
| Buy | IDBI | 49 | 47 | 53 | 56 |

# આપણે મજબુત સપોર્ટ ઉપર છીએ !





Kiran Jadhav
SEBI Registered Research Analyst
www.kiranjadhav.com
info@kiranjadhav.com
Phone: 9595 11 33 44
You Tube: Kiran Jadhav /
Twitter: @kiran_jadhav_


***નિફ્ટીનો ટેકનીકલ વ્યૂહ :-*** છેલ્લા બે સપ્તાહથી આપણે એક તરફી વધી રહેલ માર્કેટમાં થોડી બ્રેકની અપેક્ષા કરી રહ્યા હતા. આ પ્રકારના કરેકશનમાં નબળા હાથ માર્કેટમાંથી નીકળી જાય છે જયારે મજબુત હાથ માર્કેટમાં જ રહે છે. આ ખરેખર રોકાણકારો માટે સારી નિશાની છે અને ગત સપ્તાહે આવું જ બનતું જોવાયું હતું. આપણે ૧૮૦૦૦ની સપાટીની નજીકથી કરેકશન દર્શાવ્યું છે અને સપ્તાહના છેલ્લા દિવસે આપણે ૧૭૪૦૦ નજીક સપોર્ટ લીધો છે. આ લેવલ્સ નિફ્ટી માટે સપોર્ટનું કામ કરી શકે છે. જોકે હું ૧૭૩૧૦ની સપાટીને મારો ફાયનલ સપોર્ટ માનીશ કેમકે આ લેવલ નજીક અગાઉ પણ માર્કેટમાં સપોર્ટ જોવા મળ્યો હતો. નિફ્ટીના ચાર્ટમાં આ સપોર્ટ મેં લાઈન દોરીને દર્શાવ્યો છે.

## RISING STAR : INDIAGLYCO (842.70)




આ સ્ટોક મેં અમારી ફ્રી ટેલીગ્રામ ચેનલ ઉપર ૨૭ સપ્ટેમ્બરના રોજ જણાવ્યો હતો. એ દિવસે સ્ટોકમાં ભારે વોલ્યુમ સાથે પીનન્ટ બ્રેક આઉટ જોવા મળ્યું હતું અને એ દિવસે સ્ટોક ૭૪૪ આસપાસ ટ્રેડ કરી રહ્યો હતો. આમ તમારી ટેલીગ્રામ ઉપર ભલામણ બાદ આ સ્ટોક ઓલરેડી ૧૦૦ રૂપિયા વધી ચુક્યો છે. એક તરફ ઇન્ડેક્સમાં કરેકશન જોવાઈ રહ્યું હતું ત્યારે આ સ્ટોક મજબૂતાઈ દર્શાવી રહ્યો હતો. હાલમાં સ્ટોક ૮૪૩ આસપાસ ટ્રેડ કરી રહ્યો છે. સ્ટોક શોર્ટ ટર્મમાં વધ્યો છે માટે રિસ્ક ટુ રીવોર્ડ રેશિયો ફેવરમાં ના હોય પણ વર્તમાન ભાવથી સ્ટોકમાં ૯૦૦ અને ત્યાર બાદ ૧૦૦૦ના ટાર્ગેટ બની શકે છે જેના માટે જો તમારા નાણાકીય સલાહકાર પરમીશન આપે તો ૭૭૦ના કલોઝિંગ બેઝીઝના સ્ટોપ લોસ સાથે ટ્રેડ લઈ શકો છો.

***બેંક નિફ્ટીનો ટેકનીકલ વ્યૂહ :-*** ભારતીય બજારોની આ તેજીમાં અત્યાર સુધી નિફ્ટીએ આઉટ પર્ફોમન્સ બતાવ્યું છે પણ હવે મને લાગે છે કે આવનાર સમયમાં બેંક નિફ્ટી મશાલ પકડી શકે છે. શા માટે બેંક નિફ્ટી આવનાર સમયમાં સારો દેખાવ કરી શકે છે કેમકે બેંક નિફ્ટીએ


*(અનુ. પાના નં. ૧૪ ઉપર)*


## BUY.... BUY....BUY

| Co. Name | Code | Price |
|---|---|---|
| IOB | 532388 | 22.00 |
| Patel Engg. | 531120 | 20.00 |
| Infibeam | 539807 | 41.00 |
| JMC Projects | 522263 | 109.00 |
| Jai Corp. | 512237 | 128.00 |
| Spencer Retail | 542337 | 129.00 |
| Welspun Corp. | 532144 | 142.00 |
| Indus Tower | 534816 | 315.00 |
| PNC Infra | 539150 | 372.00 |
| KEC Intl. | 532714 | 440.00 |
| GHCL | 500171 | 448.00 |
| TVS Motors | 532343 | 565.00 |
| GM Breweries | 507488 | 609.00 |
| IEX | 540750 | 620.00 |
| Canfin Homes | 511196 | 670.00 |
| Guj. Alkalies | 530001 | 737.00 |
| NELCO | 504112 | 755.00 |

## TIPS OF THE WEEK

| Co. Name | Code | Price |
|---|---|---|
| Sun Pharma | 524715 | 826.00 |
| M & M | 500520 | 827.00 |
| APL Apollo | 533758 | 851.00 |
| Tata Chemical | 500770 | 911.00 |
| Angel Broking | 543235 | 1443.00 |
| Birla Corp. | 500335 | 1387.00 |
| Godrej Prop. | 533150 | 2233.00 |
| Maithan Alloy | 590078 | 1155.00 |
| IPCA Lab. | 524494 | 2422.00 |
| Astral Ltd. | 532830 | 2198.00 |
| Dixon Techno | 540699 | 4849.00 |
| Ambika Cotton | 531978 | 1816.00 |
| Abbott India | 500488 | 22136.00 |
| ION Exchange | 500214 | 2225.00 |
| Sanofi India | 500674 | 7883.00 |
| TRENT | 500251 | 1045.00 |
| VST Ind. | 509966 | 3407.00 |


Nifty reached historical highest levels but Midcap & Small cap didn't performed last week

In coming days gaining in short term will be difficult & Only Selective stocks will outperform now.

To know which stocks will bring maximum returns.

Join Equity99 Telegram Channel.
https://t.me/equity99


# Dark Horse

## AGARWAL INDUSTRIAL CORPORATION LTD
### (531921 & NSE) (339)
### (Face Value Rs.10)
### (NSE Symbol: "AGARIND")

| Particulars | 3 Month Ended | | |
|---|---|---|---|
| | Q1FY21 | Q1FY20 | % Var. |
| Sales | 407.94 | 147.45 | 176.6 |
| Op. Pr. | 24.21 | 8.60 | 181.5 |
| PAT | 15.07 | 4 | 276.7 |

| RECENT HIGH OF STOCK PRICE | |
|---|---|
| Month of Latest High | May 2017 |
| High price | 791 |
| CMP | 339 |
| Discount from high | 57% |

પહેલી વાર ૩ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ આ સ્ટોક અમે ડાર્ક હોર્સમાં રૂ.૮૧માં જણાવ્યો હતો જયારે બીજી વાર ૩ મે ૨૦૨૧ના રોજ રૂ.૧૫૨માં આ સ્ટોક ડાર્ક હોર્સમાં જણાવ્યો હતો. અમારી ભલામણ બાદ આ સ્ટોક ઓગસ્ટ ૨૦૨૧માં રૂ.૩૮૫ની ઉંચી સપાટીને સ્પર્શ્યો હતો. જુન ક્વાર્ટરના બમ્પર પરિણામો બાદ ઉપરથી કરેક્ટ થયેલ આ સ્ટોક વર્તમાન ભાવે રોકાણ માટે ખુબજ આર્કષક લાગી રહ્યો છે. જેથી અમે ફરીથી આ સ્ટોકની ભલામણ કરી રહ્યા છીએ.


*(અનુ. પાના નં. ૧૨ ઉપર)*


## VIVO BIO TECH LTD
### (511509) (81.9)
### (Face Value Rs.10)

| Particulars | 3 Month Ended | | |
|---|---|---|---|
| | Q1FY22 | Q1FY21 | % Var. |
| Sales | 13 | 9.15 | 42.0 |
| Op. Profit | 5.69 | 2.88 | 97.5 |
| PAT | 1.24 | 0.98 | 26.5 |

૨૧ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ આ સ્ટોક અમે ડાર્ક હોર્સ તરીકે રૂ.૪૭.૫૦માં જણાવ્યો હતો. અમારી ભલામણ બાદ આ સ્ટોક ઉપરમાં રૂ.૧૧૫.૧ થતો જોવાયો હતો. કંપનીએ જુન ક્વાર્ટરમાં સુંદર પરિણામો જાહેર કર્યા છે અને હાલમાં જ જાણીતી કંપની સાથે લોંગ ટર્મ સપ્લાય કોન્ટ્રાક્ટ કર્યા છે જેના લીધે અમે આ સ્ટોકની વર્તમાન ભાવે ફરીથી ભલામણ કરી રહ્યા છીએ. વિવો બાયોટેક લીમીટેડ ફાર્માસ્યુટિકલ અને બાયોટેક કંપનીઓને ડ્રગ ડેવલોપમેન્ટ અને ડીસ્કવરી સર્વિસીસ પૂરી પાડે છે. કંપની વિવિધ પ્રકારની રીસર્ચ સર્વિસીસ ઉપર કામ કરે છે. આ પ્રકારની રિચર્ચ બેઈઝ સર્વિસીસ સીન્જીન અને સુવેન લાઈફ જેવી કંપનીઓ પૂરી પાડે છે.

કંપનીની ઈક્વિટી માત્ર રૂ.૧૨.૮૯ કરોડ છે


*(અનુ. પાના નં. ૧૨ ઉપર)*





SMART Investment

## બજાર કયા માર્ગે ?

Dilip K. Shah

**ગત સપ્તાહે આરંભે સેન્સેક્સે ૬૦,૦૦૦ નું લેવલ કુદાવી તથા નિફ્ટી એક તબક્કે ૧૮૦૦૦ ની નજીક જતા નવો ઈતિહાસ સર્જાયો**

**માર્કેટમાં તેજીનો ઉન્માદ ધીમો પડતાં પ્રોફિટ બુકિંગની સાથે સતત કરેક્શનની માર્કેટનું માહોલ ડોળાયું**

**ચાઇનામાં પાવર સંકટ, યુકેમાં ગેસની તંગી, યુએસ અને યુરોપમાં વધતા કોરોના વધતા સંક્રમણથી વૈશ્વિક સ્ત્રોવ વોલેટાઇલ વધી**

**ડોમેસ્ટિક માર્કેટમાં મેન્ય. PMI માં વધારો, GST & STT ની વસૂલાતમાં વૃદ્ધિ, ફિક્સ ડેફિસિટમાં ઘટાડો પ્લસ પોઇન્ટ્સ**

**US ઇકોનોમીમાં Q2 ની તુલનામાં સુધારે જ્યારે ચાઇનામાં ફેક્ટરી એક્ટિવીટીમાં સપ્ટે.માં સુધારો નોંધાવ્યો**

**જાપાનની સપ્ટે.માં ફેક્ટરી એક્વિટી ધીમી પડી, વિશ્વમાં ફુગાવામાં વૃદ્ધિનો વધતો ડર**

**સપ્તાહના અંતે શુક્રવારે યુએસ માર્કેટ ગ્રીનમાં જ્યારે યુરોપ અને એશિયનમાં માર્કેટ્સ રેડ ઝોનમાં**

**ડોમેસ્ટિક માર્કેટમાં ડોલર સામે નરમ રૂપિયો તેમજ બ્રેન્ટ ક્રૂડ અને ગેસના ભાવમાં વધારો ચિંતાના વિષય**

**માર્કેટની નજર ઓટો સિમેન્ટના ડિસ્પેચ ડેટા, ૩૦ કંપનીઓની બોર્ડ મીટિંગ અને RBIની ૮ ઓક્ટોબરે મીટિંગ પર બજારની નજર**

**સોમવારે માર્કેટનું ઓપનિંગ ગેપ અપ તથા પોઝિટિવ બની રહે - સપ્તાહ દરમિયાન વોલેટિલીટી જળવાઈ રહેશે**

ભારતીય શેરબજારોના સૂચકાંકો એ ગત સપ્તાહને આરંભે ઉંચો ઇતિહાસ સર્જવા સાથે નિફ્ટી એક તબક્કે સોમવારે ૧૮૦૦૦ ની નજીક જયારે સેન્સેક્સ ૬૦૦૦૦ ની મનોવૈજ્ઞાનિકસપાટી કુદાવી ૬૦૪૧૦ પ્લસ જોવા મળેલ. પરંતુ સોમવાર પછીના ચાર દિવસો દરમિયાન તેજીનો ઉન્માદ શમી ગયો હતો અને માર્કેટમાં પ્રોફિટ બુકિંગ સાથે કરેક્શન આવતા તેજીને બ્રેક લાગી ચૂકી છે. ઉપરાંત ગત સપ્તાહ સપ્ટેમ્બર એફએન્ડઓ એક્સપાયરીનું હોવાને કારણે માર્કેટમાં તીવ્ર વોલેટિલીટીની શક્યતા હતી જે તે મુજબ સપ્તાહ દરમિયાન અફડા તફડીનો માહોલ સર્જાયો હતો.

વિતેલ સપ્તાહે માર્કેટમાં પ્રવર્તેલ નરમાઈ પાછળ ડોમેસ્ટિક કરતાં વૈશ્વિક પરિબળો વધારે પડતા નકારાત્મક રહેતા વૈશ્વિક શેરબજારોની મોટી અસર વર્તાઈ હતી. વૈશ્વિક મોરચે ચાઈનામાં પાછળ સંકટ ઘેરાઈ રહ્યું છે. આ સાથે યુએસ હજુ કોરોનાની પક્કડમાંથી બહાર નથી આવ્યું અને યુરોપના દેશોમાં યુકે સહિતમાં પરિસ્થિતિ વણસી રહી હોવાના અહેવાલોએ વૈશ્વિક અર્થતંત્ર પર અસર પડવાના અંદાજોએ ફંડોએ ઈન્ડેક્સ બેઝ્ડ સાવચેતી બતાવી હતી.

ડોમેસ્ટિક માર્કેટમાં સપ્ટેમ્બરમાં મેન્યુફેક્ચરિંગ પીએમઆઈ વધીને ૫૩.૭૦ ની સપાટીએ સ્પર્શ્યો માંગ વધતા ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિમાં વધારો જોવાયો. ઘર આંગણે નિકાસના ઓર્ડરો પછી રહ્યાના સંકેતો. જીએસટીની વસૂલાત સપ્ટેમ્બરમાં સતત ત્રીજે મહિને એક લાખ કરોડથી વધુ એટલે કે ૧.૧૭ લાખ કરોડ પહોંચી છે જે પાંચ મહિનાથી ઊંચી સપાટી રહી છે. ચોમાસાની સીઝનનો અંતિમ તબક્કો આવી રહ્યો છે. ત્યારે જે રાજ્યોમાં વરસાદની ખાધ હતી તે પણ પૂરી થઈ રહી છે. દેશમાં ફિસ્કલ ડેફિસીટ વાર્ષિક ૩૧ ટકાએ પહોંચી છે. ઓગસ્ટ સુધીમાં સરકારને કુલ ૮.૦૮ કરોડની આવક મળી જ્યારે ખાદ્ય ૧૨.૭૬ લાખ કરોડ થયો. એકંદરે ફિસ્કડ ડેફિસીટ વર્ષના અંદાજના ૧૦૯.૩ ટકા પર પહોંચી ગઈ હતી. તેની તુલનામાં હાલની પરિસ્થિતિ ઘણી સારી છે. કરંટ એકાઉન્ટ સરલતા ક્વાર્ટર-૨ના અંતે ૬.૫ અબજ ડોલર રહ્યું હતું, જે જીડીપીના ૦.૩ ટકા રહ્યું હતું. STT નું ક્લેક્શન સપ્ટેમ્બરમાં પૂરા વર્ષના ટાર્ગેટને વટાવી ગયેલ છે. STT નું ક્લેક્શન ૧૨૦૦૦ કરોડ થયું છે. જ્યારે બજેટનો ટાર્ગેટ રૂા. ૧૨૫૦૦ કરોડનો રહ્યો હતો.

સોમવારે ભારતીય શેરબજારમાં સેન્સેક્સમાં ૨૯.૪૧ પોઈન્ટ્સના મામુલી સુધારા બાદ મંગળવારે ૪૧૦.૨૮ પોઈન્ટ્સ, બુધવારે ૨૫૪.૩૩, ગુરૂવારે ૨૮૬.૯૧ અને શુક્રવારે ૨૮૬.૯૧ પોઈન્ટ્સના ગાબડાં જોવાયાં હતાં. સપ્તાહના અંતે સાપ્તાહીક ધોરણે સેન્સેક્સ ૧૨૮૨.૮૯ પોઈન્ટ્સ ઘટીને ૫૮૭૬૫.૫૦ ના અને નિફ્ટી ૩૨૧.૧૫ પોઈન્ટ ઘટીને ૧૭૫૩૨ ના લેવલે બંધ રહેલ.

ગ્લોબલ માર્કેટમાં ગત સપ્તાહે કોરોનાના વધતા કેસો, ફુગાવામાં વૃદ્ધિનો દર, વિગેરે પરિબળોને પગલે વોલેટીલીટી જોવાઈ હતી. આ સાથે કન્ઝ્યુમર સ્પેન્ડિંગમાં થયેલી વૃદ્ધિ, નિકાસમાં થયેલા વધારો થતાં યુએસ ઈકોનોમી, સેકન્ડરી ક્વાર્ટરની તુલનામાં ઝડપી રીકવરી નોંધાઈ છે. ચીનમાં કોમોડિટીમાં ઊંચા ભાવના લીધે ઈન્ડસ્ટ્રીયલ ફર્મનો ગ્રોથ ઓગસ્ટમાં નબળો પડ્યો છો. જોકે આથી વિરૂધ્ધિ ચાઇનાની ફેક્ટરી એક્ટવિટી સપ્ટેમ્બરમાં ધારણાં કરતાં સારી રહી છે. બીજી તરફ જાપાનની ફેન્સી એક્વિટી સપ્ટેમ્બરમાં છેલ્લાં સાત મહિનામાં ધીમો પડ્યો છે.

સપ્તાહના અંતે શુક્રવારે યુએસ માર્કેટના ઈન્ડેક્સમાં ડાઉજોન્સમાં ૪૮૨ પોઈન્ટ અને નાસ્ડેકમાં ૧૨૬ પોઈન્ટ્સ ઉછળી ગયા હતા. જ્યારે યુરોપમાં માર્કેટમાં CAC ઈન્ડેક્સમાં ૨.૨ પોઈન્ટ, DAX માં ૧૦૪.૨૫ અને FTSE માં ૫૯.૩૫ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો. એશિયન માર્કેટમાં માત્ર શાંગાઈ ઈન્ડેક્સમાં ૩૧.૮૮ પોઈન્ટ્સનો સુધારો નોંધાયો હતો. જ્યારે નિક્કી ઈન્ડેક્સમાં ૬૮૮.૫૯, st. Times માં ૩૫.૫૯, હેંગસેંગમાં ૮૭.૮૬, તાઈવાનમાં ૩૬૩.૮૮, કોસ્પીમાં ૪૯.૬૪ પોઈન્ટ્સ ઘટ્યા હતા. આમ યુએસ માર્કેટમાં તેજીનું અને યુરોપ તથા એશિયન માર્કેટમાં નરમ વલણ નોંધાયું હતું.

ડોમેસ્ટિક માર્કેટમાં રૂપિયા સામે ડોલર મજબુત બની રૂા. ૭૪.૧૦ ના લેવલે અને બ્રેન્ટ ક્રૂડ ઉછળીને ૭૮.૫૦ ના લેવલે છે. આ સાથે ગેસના ભાવમાં વિશ્વભરમાં ૬૦ ટકાનો ઉછાળો નોંધાયો છે. બ્રેન્ટ ક્રૂડના વધતા ભાવ, નરમ બનતાં રૂપિયો તેમણે ગેસના ભાવમાં એક ઓક્ટોબરથી વધારો થવાના બદલે મોંઘવારીમાં વધારો થતો જોવાય.

આગામી સપ્તાહે બજારની નજર ઓટો, સિમેન્ટ, સેક્ટરના ડિસ્પેચ ડેટા, ૩૦ કંપનીઓની બોર્ડ મીટિંગ, વૈશ્વિક ટ્રેન્ડ, તેમજ ૮ ઓક્ટોબરના રોજ મળનારી આરબીઆઈની ક્રેડિટ પોલિસીની મીટિંગ પર રહેશે. હાલના સંભાવનાએ ધ્યાનમાં લેતા સોમવારે ભારતીય શેરબજારનું ઓપનિંગ ગેપ અપ અથવા પોઝિટિવ નોટથી થઈ શકે છે. સપ્તાહ દરમિયાન માર્કેટમાં વોલેટિલીટી ચાલુ રહેતી જોવાશે.

### FII ACTIVITY (RS. IN CR.)

| Date | Buy Value | Sell Value | Net Value |
|---|---|---|---|
| 27-09-21 | 8019.79 | 8614.42 | -594.63 |
| 28-09-21 | 8825.85 | 10783.55 | -1957.7 |
| 29-09-21 | 12949.38 | 14395.4 | -1896.02 |
| 30-09-21 | 10773.65 | 12999.25 | -2225.6 |
| 01-10-21 | 7049.23 | 6917.84 | 131.39 |
| TOTAL | 47617.9 | 53710.46 | -6542.56 |

### DII ACTIVITY (RS. IN CR.)

| Date | Buy Value | Sell Value | Net Value |
|---|---|---|---|
| 27-09-21 | 6910.79 | 5513.1 | 1397.69 |
| 28-09-21 | 7926.05 | 7764.6 | 161.45 |
| 29-09-21 | 13948.96 | 10686.8 | 3262.16 |
| 30-09-21 | 6795.08 | 6697.9 | 97.18 |
| 01-10-21 | 6093.82 | 6706.9 | -613.08 |
| TOTAL | 41674.7 | 37369.3 | 4305.4 |

## તંત્રી સ્થાનેથી.......

### ભારતીય સ્ટોક માર્કેટ રોકાણ માટે પરિપક્વ

બીએસઈ સેન્સેક્સ છેલ્લાં બે મહિનામાં ૫૩૦૦૦ થી વધી ૬૦૦૦૦ થયો જ્યારે એનએસઈ નિફ્ટી ૧૬૦૦૦ થી કુદી ૧૮૦૦૦ નું લેવલ વટાવ્યું આમ બે મહિનામાં ૧૩ ટકા જેટલું રીટર્ન આપ્યું. બીજા શબ્દોમાં કહીએ તો ભારતીય સ્ટોક માર્કેટે બે મહિનામાં જ છ ટકા રિટર્ન રોકાણકારોને આપ્યું આટલું રિટર્ન ડેબ્ટ ઈન્સ્ટ્રુમેન્ટ એક વર્ષમાં આપે છે.

છેલ્લાં એક મહિનામાં બજાર નિષ્ણાંતો, મીડિયા અને રોકાણકારો બધાને સ્ટોક માર્કેટના એકતરફી જંગી ઉછાળાને કરાણે ચિંતા હતી કે હવે આગળ શું થશે? તીવ્ર કરેક્શન આવશે કે પછી હજી વધુ ઉછાળો ચાલુ રહેશે? દરેક વર્ગ ૧૦ ટકા કરેક્શનની અપેક્ષા રાખતો હતો. કારણ કે ઈન્ડેક્સ લેવલ અવાસ્તવિક જણાતું હતું, પરંતુ બીએસઈ અને એનએસઈ બંને મહત્વના સૂચકાંકો નવા માઇલ સ્ટોન બનાવવા સાથે અટકવાનું નામ લેતાં હતા. જાણે કે બંને વચ્ચે કોણ આગળની હોડ જામી હતી.

આમ છતાં સ્ટોક માર્કેટ ઓલટાઇમ હાઈ લેવલે સ્પર્શ્યા હતા તો પણ નાના રીટેલ ઈન્વેસ્ટોર તેજીની પાર્ટીમાં રહી ગયા કે ગાડી ચૂકી ગયાની લાગણી અનુભવતા હતા. એ સાચું છે કે, રિટેલ ઈન્વેસ્ટરો ભાગ્યે જ બીએસઈ ૩૦ અથવા નિફ્ટી ૫૦ ઈન્ડેક્સના સ્ટોકમાં રોકાણ કરે છે અને ધારો કે તેમણે એમ કર્યું છે તો તેમાં કોઈ નિશ્ચિત સમયમાં કર્યું હોય છે જે છેલ્લાં નવ મહિનામાં તે સ્ટોકે વધ્યા છે જેમ કે છેલ્લાં બે મહિનામાં નિફ્ટી ૫૦ સ્ટોક્સ જેવા કે તાતા સ્ટીલ, જેએસડબલ્યૂ સ્ટીલ, તાતા મોટર્સ ૧૫થી ૧૭ ટકા ઘટ્યા જ્યારે એશિયન પેઈન્ટ્સ, ટીસીએસ, એચસીએલ ટેકનો, ભારતીય એરટેલ, વગેરે સ્ટોક્સ ૧૫થી ૧૭ જેટલા ઉછળ્યા છે. જેમાં રીટેલ ઈન્વેસ્ટરોનું હોલ્ડિંગ ઓછું હતું.

સ્ટોક્સ અને સેક્ટરનું રોટેશન થતું રહે તે સ્ટોક માર્કેટનો નિયમ છે. આમ ઈન્ડેક્સમાં વધારો કે ઘટાડાના લેવલના આધારે તમારા રોકાણમાં વધારો કે ઘટાડો થાય. ક્યારેય નફાકારક રોકાણ સ્ટ્રેટેજી નથી હોતી. ગમે તેમ પણ રીટેલ ઈન્વેસ્ટરો ખાસ કરીને માઈક્રો, સ્મોલકેપ, પેન્ની, જંક, નબળા પ્રમોટરો અને ઓપરેટરો દ્વારા ચલાવાતી સ્કીમોમાં આંખો બંધ કરી રોકાણ કરે છે. તેના પરિણામો બેન્ચમાર્કની સરખામણીએ તેમનું પોર્ટફોલિયો રીટર્ન ચોક્કસપણે ઓછું કે નીચું રહે છે. આની સરખામણી કોલસા સાથે ૨૪ કેરેટના સોના સાથે કરીએ એવું કહેવાય. અત્રે એ જાણવું જરૂરી છે કે કઈ રીતે રિટેલ ઈન્વેસ્ટરો સ્ટોક માર્કેટમાં નફો કમાઈ શકે?

#### ભારતીય સ્ટોક માર્કેટમાં સફળ રોકાણ માટેના મહત્વના સાત સૂચનો

***સ્ટોક એલોકેશન :*** તમારા પોર્ટફોલિયોમાં ૫૦ ટકા હિસ્સો ફ્રન્ટલાઈન સ્ટોક જેવા કે એચડીએફસી લી., એચડીએફસી બેન્ક, ટીસીએસ, એચસીએલ ટેકનો, એશિયન પેઈન્ટ્સ, અદાણી પોર્ટ, એચયુએલ, ડીવીસ લેબ વગેરેનો સમાવેશ કરો અને કોમોડિટી સ્ટોક્સ, પીએસયુ અને અન્ય મોંઘા સ્ટોક્સ નિફ્ટી-૫૦ ઈન્ડેક્સમાંથી બહાર કરો.

***બેલેન્સડ પોર્ટફોલિયો*** -તમારા પોર્ટફોલિયોમાં વધુમાં વધુ ૧૬થી ૧૮ સ્ટોક રાખો. તેમાં ૨૫ ટકા મીડકેપ, ૧૫ ટકા સ્મોલકેપ, પાંચ ટકા માઈક્રોકેપ અને પાંચ ટકા કેશ રાખો. મિડ અને સ્મોલકેપ તમને આઉટ પરફોર્મન્સ રિટર્ન મેળવવા મદદ કરશે. જ્યારે ફ્રન્ટલાઈન સ્ટોક તમારા પોર્ટફોલિયોને મજબૂત બનાવશે.

***એક્સ્પર્ટોની વધુ સલાહ લેવાથી દૂર રહો:*** જ્યારે તમે એક કરતાં વધુ એક્સપર્ટની સલાહ લો છો ત્યારે રોકાણ બાબતે મૂંઝવણમાં ફસાઈ ઘણા બધા સ્ટોક પોર્ટફોલિયોમાં સમાવો છો જે તમને નુકસાનકારક બને છે.

***મજબૂત અને ગ્રોથ સ્ટોક જાળવો :*** નાના રોકાણકારો બે ટકા સ્ટોપલોસ અને પાંચ ટકા પ્રોફિટ થિયરીના પ્રમાણે ટ્રેડિંગ કરવું. માટે ઊંચા વિચાર રાખો ફક્ત વહેલા નફો બુક ના કરો. મજબૂત અને ગ્રોથ સ્ટોક ગમે તેટલા ઉછળે છતાં વેચો નહીં. જાળવો. જ્યાં સુધી તેની સંપૂર્ણ વેલ્યૂ ના મળે. સ્મોલકેપમાંથી મિડકેપ અને મિડકેપમાંથી લાર્જકેપમાં રૂપાંતર કરવામાં સહભાગી બનો.

***થીમ આધારિત સ્ટોક પસંદ કરો :*** પોર્ટફોલિયોમાં પીએસયુ સ્ટોકને વેચો. જ્યારે પ્રમોટરો બદલાયા હોય તેવી કંપનીના સ્ટોક વેચો, ડેબ્ટ રિસ્ટ્રક્ચરિંગ કરતી કંપનીમાં, અન્ડરવેલ્યુ સ્ટોક વગેરે વેચો.

## બજાર બહારની વાત

Dilip K. Shah

***ગોલ્ડમેન સાચનું કહેવું છે કે.....***

### વર્ષાન્ત સુધી બ્રેન્ટ ક્રૂડ ૯૦ ડોલરને સ્પર્શશે

હાલમાં ગ્લોબલ માર્કેટમાં બ્રેન્ટ ક્રૂડમાં ભારે ઉછાળામાં પ્રવર્તે છે. ગ્લોબલ રેટિંગ એન્જસી ગોલ્ડમેન સાચનું તારણ છે કે, ચાલુ વર્ષાન્ત સુધી બ્રેન્ટ ક્રૂડ ઓઈલ બેરલ દીઠ ૮૦ ડોલરથી વધી ૯૦ ડોલરે સ્પર્શશે. વિશ્વમાં ડેલ્ટા વેરિયન્ટ વાયરસમાં થઈ રહેલો વધારો અને ઈડા'સ વાવાઝોડાના પરિણામે ગ્લોબલ માર્કેટમાં ક્રૂડના સપ્લાયમાં ઘટાડો થયો છે.

ગ્લોબલ માર્કેટમાં ક્રૂડના ઉત્પાદનમાં જોવા મળેલી અનિશ્ચિતતા અને ઘટાડો જેવા કારણોએ ગત અઠવાડિયે બ્રેન્ટ ક્રૂડ ફ્યુચરે છેલ્લાં ત્રણનું હાઈ લેવલ તોડ્યું હતું. તેના કારણે ક્રૂડ કંપનીઓએ પણ ઈન્વેન્ટરી સિવાય ક્રૂડના ઊંચા ભાવ લેવાની ફરજ પડી છે. ગોલ્ડમેન સાચના કહેવા મુજબ વર્તમાન ગ્લોબલ સપ્લાય માગ રેશિયો અમારી અપેક્ષા કરતા ઘણો મોટો છે. ડેલ્ટા વેરિયન્ટનો ફેલાવો અમારી ધારણા કરતાં વધુ ઝડપે થઈ રહ્યો છે. સાથે ગ્લોબલ માગમાં ભારે રિકવરીના પગલે ગ્લોબલ સપ્લાયમાં ભારે અછત સર્જાઈ છે. જેના પગલે માગ પુરવઠા વચ્ચે ગેપ વધતા ભાવોમાં સતત ઉછાળો જોવા મળે છે. જે કદાચ વર્ષાન્ત સુધી વધી બેરલ દીઠ ૯૦ ડોલર થઈ શકે છે.

***રિલા. નો શેર ઓલટાઇમ હાઈ થતાં અંબાણીની વેલ્થ ૯૮.૩ અબજ ડોલરે પહોંચી***

### મુકેશ અંબાણી ફરી એકવાર વિશ્વના ટોપ-૧૦ ધનિકોના લિસ્ટમાં

### વિશ્વના ટોચના ૧૦ ધનિકોમાં મુકેશ અંબાણી એકમાત્ર એશિયન

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (આરઆઈએલ)ના વડા મુકોશ અંબાણીએ ફરી એકવાર વિશ્વના ટોચ ૧૦ ધનિકોમાં સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. હાલમાં વિશ્વના ટોચના ૧૦ ધનિકોમાં મુકેશ અંબાણી એકમાત્ર એશિયન છે. રિલા.નો શેર ૨૫૦૦ની સપાટી કુદાવી ઓલટાઇમ હાઈ થતાં અંબાણીની વેલ્થ ૯૮.૩ અબજ ડોલર પર પહોંચી ગઈ છે. જોકે આ શેરની કિંમત હજુ પણ ઉપર જઈ રહી છે ત્યારે માનવામાં આવે છે કે, અંબાણી ટૂંક સમયમાં ૧૦૦ અબજ ડોલર ક્લબમાં પ્રવેશ મેળવી લેશે. બજારના નિષ્ણાંતો અનુસાર રિલાયન્સનો શેર ટૂંક સમયમાં રૂા. ૨૭૦૦ની આસપાસ જઈ શકે છે. નોંધનીય છે કે, હાલમાં વિશ્વની સૌથી ધનિક વ્યક્તિ ટેસ્લા અને સ્પેસ એક્સના સીઈઓ એલન મસ્ક છે.

#### વિશ્વના ટોચના ૧૦ ધનિકો

| નામ | નેટવર્થ અબજ ડોલરમાં | દેશ | નામ | નેટવર્થ અબજ ડોલરમાં | દેશ |
|---|---|---|---|---|---|
| એલન મસ્ક | ૨૦૦.૩ | અમેરિકા | લેરી એલિસન | ૧૧૬.૮ | અમેરિકા |
| જેફ બેજોસ | ૧૯૩.૧ | અમેરિકા | લેરી પેજ | ૧૧૬.૫ | અમેરિકા |
| બેનાર્ડ | ૧૭૪.૦ | ફ્રાન્સ | સર્ગા બ્રીન | ૧૧૨.૩ | અમેરિકા |
| બિલ ગેટ્સ | ૧૨૯.૩ | અમેરિકા | વોરન બફેટ | ૧૦૦.૫ | અમેરિકા |
| માર્ક ઝૂકરબર્ગ | ૧૨૧.૮ | અમેરિકા | મુકેશ અંબાણી | ૯૮.૩ | ભારત |

**શેરબજારમાં મબલખ કમાણી કરવી છે ?**

**દર બુધવારે પ્રસિધ્ધ થતું સ્માર્ટ બોનાન્ઝા આર્થિક સાપ્તાહિકની / સોફ્ટ (ઈ-મેઈલ) કોપી મંગળવારે સાંજે તમારા કોમ્પ્યુટરના ઈનબોક્સમાં**

Gujarati Financial Weekly
સ્માર્ટ બોનાન્ઝા
દર બુધવારે સવારે તમારા હાથમાં....

**અગ્રણી ચાર્ટીસ્ટ, નિષ્ણાતોના આર્ટીકલ્સ ઉપરાંત મિડ - સ્મોલકેપના માસ્ટર બીપીએસ રાજાના જોરદાર 'સ્ટોક આઈડિયા' નો ભરપૂર લાભ ઉઠાવો**

**સ્માર્ટ બોનાન્ઝા ઈ-મેઈલ આવૃત્તિ સબસ્ક્રીપ્શન સ્કીમ**

| | |
|---|---|
| ૧૨ માસ | રૂા. ૧૨૦૦ |
| ૨ વર્ષ | રૂા. ૨૧૦૦ |
| ૩ વર્ષ | રૂા. ૩૧૦૦ |

**દર રવિવારે સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ અને દર બુધવારે સ્માર્ટ બોનાન્ઝા**

# Stock Buzz

Subramanian Mahadevan



## Varroc Engineering Limited (Rs.299) Automotive Component!

વેરોક એન્જિનિયરિંગ લિ. તે વૈશ્વિક ટાયર -૧ ઓટો કમ્પોનન્ટ્સ સપ્લાયર છે જે ઓટો બાહ્ય લાઈટિંગ સિસ્ટમ્સ, પ્લાસ્ટિક અને પોલિમર ઘટકો, ઈલેક્ટ્રિકલ્સ-ઈલેક્ટ્રોનિક્સ ઘટકો અને પેસેન્જર કાર, વ્યાપારી વાહનો, ૨-વ્હીલર્સમાં વપરાતા ચોકસાઈવાળા ધાતુના ઘટકોની ડિઝાઈન, ઉત્પાદન અને પુરવઠામાં રોકાયેલા છે. વેરોક લાઈટિંગ સિસ્ટમ્સ ડિવિઝન વૈશ્વિક સ્તરે છઠ્ઠો સૌથી મોટો સપ્લાયર છે અને ટોચના ત્રણ સ્વતંત્ર બાહ્ય લાઈટિંગ સપ્લાયર્સમાંથી એક છે. વેરોકના વ્યવસાયમાં ૧) વૈશ્વિક લાઈટિંગ વ્યવસાય છે જે પેસેન્જર કાર માટે બાહ્ય લાઈટિંગની ડિઝાઈન, ઉત્પાદન અને પુરવઠા સાથે સંકળાયેલ છે, ૨) ભારતીય બિઝનેસ ભારતીય 2W અને 3W OEM ને વિવિધ પ્રકારના ઓટો ઘટકોની ડિઝાઈન, ઉત્પાદન અને પુરવઠા સાથે સંકળાયેલ છે; અને ૩) અન્ય વ્યવસાયો, જેમાં ઈટાલીમાં બાંધકામ અને તેલ અને ગેસ ઉદ્યોગો માટે હોટ-સ્ટીલ બનાવટી ભાગોના ઉત્પાદક અને ઈટાલી, રોમાનિયા અને વિયેતનામમાં કામગીરી સાથે વૈશ્વિક મોટરસાઈકલ OEM માટે હાઈ-એન્ડ લાઈટિંગ સિસ્ટમ્સના ઉત્પાદકનો સમાવેશ થાય છે. VEL એ FY21 ને INR ૧૧,૩૦૩ કરોડની ટોપલાઈન અને INR ૬૩૨ કરોડની નેગેટિવ બોટમ લાઈન દર્શાવેલ જોકે કોવિડ -૧૯ પ્રેરિત રોગચાળો હોવા છતાં નાણાકીય વર્ષ ૨૧ માં ડેટ ટુ ઈક્વિટી રેશિયો ૦.૮૪ થી સુધરીને ૦.૭૪ થયો છે. વૈરોકનો વૈશ્વિક લાઈટિંગ વ્યવસાય એલઈડી તરફ નમેલા ઓટોમોટિવ બાહ્ય પ્રકાશમાં વૈશ્વિક સ્તરે નં .૬ સ્થાને છે. લાઈટિંગ અને એલઈડી એ એક સેગમેન્ટ છે જે માળખાકીય રીતે મજબૂત છે કારણ કે સેગમેન્ટ પાવરટ્રેન છે, અને એલઈડી ઉર્જા બચાવવામાં મદદ કરે છે જે ખાસ કરીને EV દ્રષ્ટિકોણથી મહત્વપૂર્ણ છે. આગળ વધવું VEL પાસે વૃદ્ધિને ટકાવી રાખવા માટે સ્પષ્ટ રોડમેપ છે જે ૧) વૈશ્વિક લાઈટિંગ બિઝનેસ માટે ઉચ્ચ વૃદ્ધિ બજારો પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે; ૨) ભારતમાં વાહન દીઠ સામગ્રી વધારો; ૩) આર એન્ડ ડીમાં રોકાણ અને ભવિષ્યના વલણો પર મૂડીકરણ; ૪) અકાર્બનિક વૃદ્ધિ વિસ્તરણ અને ૫) છેલ્લે, ઓપરેશનલ કાર્યક્ષમતા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે. મૂલ્યાંકનના દ્રષ્ટિકોણથી VEL FY21E અને FY22E પર 15x અને 11x ની PE પર વેપાર કરે છે જે તેના મજબૂત વૈશ્વિક અને સ્થાનિક ગ્રાહક પદચિહ્નને ધ્યાનમાં રાખીને આકર્ષક લાગે છે, સારી રીતે વૈવિધ્યસભર ઉત્પાદન પોર્ટફોલિયો, અપેક્ષિત ROE અને ROCE સાથે નાણાકીય સુધારણા ૧૮% થી ૧૫% ની વચ્ચે અને આગળ જતા સ્થાનિક અને વૈશ્વિક બજારોમાંથી મજબૂત વૃદ્ધિની અપેક્ષા છે. જૂન ૨૦૧૮ માં તેની પ્રારંભિક OFS પછી રૂ. ૯૬૭ ના આઈપીઓ ભાવમાં લિસ્ટિંગ થયા બાદથી સ્ટોકમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે જે લાંબા ગાળા માટે સારો એન્ટ્રી પોઈન્ટ પૂરો પાડે છે. રોકાણકારો બે વર્ષથી વધુ સમયના રોકાણ માટે વર્તમાન સ્તરે આકર્ષક લાગે છે. VEL ની સક્ષમ મેનેજમેન્ટ ટીમ, જાણકાર અને રોકાણકાર મૈત્રીપૂર્ણ પ્રમોટર્સ ૭૫% હોલ્ડિંગ, માર્કી ક્લાયન્ટ્સ, EV સેગમેન્ટમાં ૨૦% ની નજીકના બિઝનેસ લાંબા ગાળાના ટકાઉ વિકાસ માટે વિશાળ સકારાત્મક છે. સ્ટોક મર્યાદિત નુકસાન સાથે ૧૨ થી ૧૮ મહિનાના પરિપ્રેક્ષ્યમાં ઓછામાં ઓછા ૧૦૦% વળતર આપી શકે છે.

# Smart Banking & Financial Services

***Smart Investment takes this opportunity to review five of the seven mutual fund schemes currently in NFO.***

By Vijaya Kittu M, GetPaidIndia.com

IIFL પ્રાઈવેટ ઈક્વિટીએ શેરમાંથી બહાર નીકળ્યા બાદ CAMS શેરની કિંમત દબાણ હેઠળ હતી. IIFL PE IIFL AMC નો એક ભાગ છે અને તેણે લગભગ રૂ.૧૩૫ કરોડમાં CAMS ના શેર હસ્તગત કર્યા છે. એક વર્ષ પહેલા ૧૩૫ કરોડ અને હવે લગભગ રૂ. ૩૫૩ કરોડ થવા જાય છે. CAMS સપ્ટેમ્બર ૨૦૨૦ માં IPO સાથે માર્કેટમાં પ્રવેશેલ હતી અને તેના લિસ્ટિંગના એક વર્ષમાં તેના રોકાણકારો માટે સંપત્તિ સર્જક સાબિત થયેલ, કેટલાક AMC એ તાજેતરના સમયમાં ઘણા NFO લોન્ચ કર્યા છે, અને બજારમાં પૂરતી લિક્વિડિટી છે. આનાથી CAMS ની આવકમાં વધારો થઈ શકે છે. CAMS ને મ્યુચ્યુઅલ ફંડ RTA સેવાઓમાંથી ૯૦% આવક મળે છે. નવી એસઆઈપી નોંધણીઓ પણ વધી રહી છે કારણ કે અર્થતંત્ર કોવિડના ભયમાંથી બહાર આવી રહ્યું છે.

યુકેના સહ-પ્રમોટર સ્ટાન્ડર્ડ લાઈફ દ્વારા તેનો હિસ્સો ૫%ઘટાડ્યા બાદ એચડીએફસી એએમસી શેરની કિંમત સપ્તાહ દરમિયાન દબાણ હેઠળ હતી. HDFC AMC એ HDFC લિમિટેડ (૫૨.૬૫%) અને સ્ટાન્ડર્ડ લાઈફ (૨૧.૨૩%) વચ્ચે સંયુક્ત સાહસ છે.

HDFC LIMITED એ ક્વાર્ટર - ૨ માં રૂ. ૧૧૦૦ કરોડનો એડવાન્સ ટેક્ષ ચુકવેલ છે. જે વર્ષ ટુ વર્ષ બેઝીજે ૫૦૦ કરોડ ચુકવેલ હતો. લાભ કરની ઉંચી ચુકવણી સામાન્ય રીતે સંભવિત ઉચ્ચ આવક અને ઉંચા નફાના પ્રતિબિંબ તરીકે જોવામાં આવે છે.

INDUSIND BANK એ ગીરવે મૂકેલા શેરની માંગ કરીને મેકલીઓડ રસેલમાં ૪.૭૯% હિસ્સો મેળવ્યો. બેંકે ઈન્ડેલ મની સાથે ગોલ્ડ લોન સહ-ધિરાણ કરાર કર્યો છે. એરલાઈનર વિસ્તારાએ ઈન્ડસઈન્ડ બેંક સાથે ભાગીદારી કરીને ક્લબ વિસ્તારા ઈન્ડસઈન્ડ બેંક એક્સપ્લોરર કો-બ્રાન્ડેડ ક્રેડિટ કાર્ડ ઓફર કર્યા છે.

ICICI પ્રુડેન્શિયલ NASDAQ ૧૦૦ ઈન્ડેક્સ ફંડ હવે NFO માં છે. નાસ્ડેક ૧૦૦ પોર્ટફોલિયોની સિક્યોરિટીઝના સંપર્કમાં આવવા માટે ઈન્ડેક્સ ફંડ રૂટ સામાન્ય રીતે ઓછા ખર્ચે માર્ગ છે. એનએફઓ ૧૧ ઓક્ટોબર, ૨૦૨૧ ના રોજ બંધ થાય છે. ઓપન-એન્ડેડ ફંડ નિયમિત રૂપે ટ્રાન્ઝેક્શન માટે ખુલશે. હાલમાં ભારતીય એમએફ દ્વારા ત્રણ નાસ્ડેક યોજનાઓ ઓફર કરવામાં આવી છે - કોટક નાસ્ડેક એફઓએફ (ફેબ્રુઆરી ૨૦૨૧ માં લોન્ચ), મોતીલાલ ઓસ્વાલ નાસ્ડેક ૧૦૦ ઈટીએફ (માર્ચ ૨૦૧૧ માં લોન્ચ), અને મોતીલાલ ઓસ્વાલ નાસ્ડેક ૧૦૦ એફઓએફ (નવેમ્બર ૨૦૧૮ માં લોન્ચ).

મહિન્દ્રા મેન્યુલાઈફ એશિયા પેસિફિક REITs FOF એ એક આકર્ષક મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ છે જે મેન્યુલાઈફ ગ્લોબલ ફંડ (MGF) - એશિયા પેસિફિક REIT ફંડના ઈન્ટરનેશનલ રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ (REIT) એકમોમાં રોકાણ કરે છે. MGF સિંગાપોર, હોંગકોંગ, ચીન, ઓસ્ટ્રેલિયા, ફિલિપાઈન્સ અને થાઈલેન્ડ REIT માં રોકાણ કરે છે. તેના પોર્ટફોલિયોમાં REITs માટે ૮૦% એક્સપોઝર અને રિયલ એસ્ટેટ અને પ્રોપર્ટી મેનેજમેન્ટ શેરોમાં ૨૦% એક્સપોઝર છે. REIT FOF હોવાથી, સ્કીમનું વળતર સ્થિર આવકવાળા ભંડોળ અને શુદ્ધ-ઈક્વિટી લક્ષી ભંડોળ વચ્ચે હશે. તેમના પોર્ટફોલિયોમાં વૈવિધ્યકરણ ઈચ્છતા રોકાણકારો આ અંગે વિચાર કરી શકે છે.

# ઈન્ડેક્સ બેઝ્ડ કરેક્શન : સ્ટોક સ્પેસિફિક તેજીનો માહોલ સ્મોલ-મિડકેપ ખૂબ સારી મોમેન્ટમ જોવાય

## સર્કીટ બ્રેકીંગ શેર્સ

Manoj Sanghvi (M.: 093270 72792)



ઈન્ડેક્સને એક વીકના ટ્રેડિંગ સેશનમાં સારો એવો નીચે લાવી કરેક્શન આપી દીધું. સ્મોલ-મિડકેપ સાથે સાથે લાર્જકેપના અમુક કાઉન્ટરોમાં ખૂબ જ સારી તેજી જોવા મળી. પીએસયુ બેન્કિંગ કાઉન્ટરો રંગતમાં આવી ગયા. દોઢ વર્ષની તેજીમાં શાંત પડેલુ પીએસયુ બેન્કિંગ સેક્ટર હવે વોલ્યુમ સાથે મોમેન્ટમમાં પ્રવેશી ચૂક્યા છે.

અમુક સ્મોલકેપ્સ શેરોએ જે વળતર આપ્યું તે અકલ્પનીય છે. નાના રોકાણકારો માટેના નીચી કિંમતના શેરોમાંથી એક JITF જિંદાલ, ઈન્ફ્રા લોજિસ્ટીક ૮ રૂપિયાથી ફક્ત ૨૦૦ ટકા બાયર સર્કિટ અને બે લાખ + હબાયર સાથે નાના રોકાણકારોને આવું માતબાર વળતર મેળવવા બદલ મારા સાથે સાથે સ્માર્ટ પરિવારના ખુબ ખુબ અભિનંદન.

દેશભરમાં સારા ચોમાસા સ ાથે અમુક સ્ટેટોમાં અતિવૃષ્ટિ થઈ રહી છે. એકાદ મહિના પહેલાં જે દુષ્કાળની ચિંતા સેવાતી હતી તેમાંથી રાહત થઈ ગઈ છે. રવી સીઝન માટે પાણીના સ્તર ખૂબ ઊંચા આવી ગયાનો ફાયદો કિસાનોને મળશે. પીએમ મોદી સાહેબની અમેરિકા પ્રવાસ અને યુએનને સંબોધન જે ભારતની નવી ઊભી થયેલી વૈશ્વિક તાકાતના દર્શન કરાવે છે. ચાઈનામાં વીજળી સંકટ થયો છે. કેમિકલ્સ ઈન્ડસ્ટ્રીઝમાં પણ ત્યાં પ્રોબ્લેમ છે જેનો ફાયદો ભારતીય કંપનીઓને મળશે.

બજેટ યુપી, ગુજરાત, વિધાનસભા ઈલેક્શન આવતા ઈન્વેસ્ટો આવનારા આગલા વર્ષના ખાસ બની રહેશે. અફઘાનિસ્તાન મામલો એની મેળે ઠંડો પડતો જોવા મળશે. ભૂખ્યા પેટે કેટલી બંદુકો ચલાયા કરશે. હવે અમેરિકા સહિત વૈશ્વિક ઈકોનોમી રિકવર થઈ નવી ગતિ પકડી લેશે. ભારતીય બજાર વર્લ્ડ ઈકોનોમીની રફતારમાં ખૂબ આગળ નીકળી જશે. વૈશ્વિક બજારો કરતાં ભારતીય બજાર જે ખૂબ મહા મલ્ટિ બુલરનમાં પ્રવેશ ચૂક્યું છે તેની ચાલ વિશ્વના હબજારો કરતાં ખુબ વધારે અર્થતંત્રને મજબુતી આપતી જોવા મળી શકે.

વર્લ્ડની ચાઈના સિવાયની કન્ટ્રીઓ ભારત સાથે સારા સંબંધો કે ભારતીય બજારમાં રોકાણની સંભાવનાઓ જોઈ રહી છે જે ભારતની વધતી સમૃદ્ધિને ઘણી આગળ પહોંચાડી દેશે. સેક્ટરીયલ તેજી અને વધી ગયેલા સેક્ટરમાં કરેક્શન વાળી મોટી તેજી છે ન ચાલતા શેરો પોર્ટફોલિયોમાં હોય તો સ્વીચ ઓવરનો મોકો શોધી ખૂબ જ ઝડપી ભારે વળતર મેળવવાનો સમય ચૂકવા જેવો નથી.

***<u>Mishra Dhatu (Rs. 188.00) (Code : 541195) :-</u>*** પીએસયુ મેટલ ડિફેન્સની આ એક જ કંપની છે. જેણે આખી તેજીમાં ખાસ કંઈ વળતર આપ્યું નથી. શેરનું અતિ વધારો પડતું કોન્સોલિડેશન ગમે ત્યારે તૂટી બુલરનમાં જોઈન્ટ થઈ શકે. સોલીડ ફંડામેન્ટલ્સ અને ખાસ કરીને ડિફેન્સ માટે મોનોપોલી બિઝનેસ ધરાવતી પ્રોડક્ટો બનાવે. આપણા પડોશી દેશો (ગ્રેડના અને વૈશ્વિક મજબુતાઈ ભારત ધરાવે છે તે જોતાં આ કંપનીના ઓર્ડર બુક હંમેશા મોટી બની રહેશે.

***<u>Welspun Corp. (Rs. 142.00) (Code : 532144) :-</u>*** શેર મોમેન્ટમમાં પ્રવેશી ચૂક્યો છે. ગ્રૂપની ટોવેલ બનાવતી કંપનીનો શેર ઝડપથી ડબલ થતો જોવા મળ્યો. હેવી ડ્રેનેજ સિસ્ટમ પાઈપ્સ બનાવતી વર્લ્ડની સેકન્ડ નંબરની ૫ ટકા ડિવિડંડ આપતી આ કંપનીનો શેર ઈન્ડેક્સ પ્રમાણે પરફોર્મ નથી કરી શક્યો.

***<u>Spencer Retail (Rs. 129.00) (Code : 542337) :-</u>*** આરપી સંજીવ ગોયેન્કા ગ્રૂપના શેરોમાં આ એક જ વગર પરફોર્મ ન હતો. હવે મોમેન્ટમમાં પ્રવેશ ચૂકેલા આ શેર ધીમે ધીમે સારો સુધરી રહ્યો છે. ૧૧૬થી ઉપરમાં ૧૩૫ થઈ ૧૨૯ બંધ આવ્યો છે. ડી માર્ટ અને બીજા રિટેઈલ સેક્ટરના શેરો કરતાં આ અંડરવેલ્યુએડ કાઉન્ટર.

***<u>IDBI Bank (Rs. 50.00) (Code : 500116) :-</u>*** પીએસયુ બેન્કિંગ કાઉન્ટર વિવાદોમાં રહેલી આ બેન્કને એલઆઈસીને સુપરત કરી દેવામાં આવી વિજય માલ્યા જેવા ઘણા મોટા મુદ્રાઓ હવે ડસ્ટબીન તરફ ૩૮ વાળો ૪૮ થઈ ૪૬ બંધ આવ્યો છે. જે રીતની વોલ્યુમ સાથે હેવી મોમેન્ટમ જોવા મળી રહી છે તે જોતાં આ કાઉન્ટર તેજીના તબક્કામાં એલઆઈસીની કોસ્ટ ૫૫ નોર્મલ, ઈન્ટ્રસ્ટ કોસ્ટ અને ડિલીસ્ટિંગ વેલ્યુએશન મીનીમમ ૭૫ ની તો મળવી જ જોઈએ. તબક્કાવાર માટે વિચારવું.

***<u>Indo Borex (Rs. 169.00) (Code : 524342) :-</u>*** ૩૮૦ ના ૧૦ પેઈડઅપના ભાવની ભલામણો બાદ ઉપરમાં ૨૦૦૦ નું મલ્ટિ તેજી થયા બાદ એકની ફેસવેલ્યુમાં સ્પ્લીટ થયો છે. આ શેર ૧૭૩ પર બંધ આવ્યો છે. પાંચ ટકાની સર્કિટ ફીલ્ટરમાં છે. ગમે ત્યારે સર્કિટ બદલાશે. સ્પ્લીટ થયા બાદ નીચે આવ્યો છે. તબક્કાવાર વિચારી સમય આપી શકાય. તેની ઈક્વિટી સ્ટ્રોંગ બેલેન્સશીટ શેરોમાં આગળ ખૂબ જ સારી મોમેન્ટમ જોવા મળી શકે.

***<u>NILE Ltd. (Rs. 547.00) (Code : 530129) :-</u>*** ૨૮૦ ની ભલામણ બાદ ઉપરમાં ૭૦૦ થી કરેક્શન થી ૫૦૦થી ૫૫૦માં કોન્સોલિડેશનનો તબક્કો ૫૦૦+ ની બુકવેલ્યુ ખુબ જ નાની ઈક્વિટી ફાર્મા અને કેમિકલ્સ કંપનીઓ માટે વેસલ્સ બનાવતી આ કંપનીનો શેર અંડરવેલ્યુઅડ ઈન્વેસ્ટરમાં હોલ્ડિંગ કેપેસીટી હોય તો તેઓ આવા કાઉન્ટરો પર વિચારી શકે.

***<u>JSW Ispat (Rs. 33.35) (Code : 513446) :-</u>*** ૧૮ની ભલામણ બાદ ઉપરમાં ૬૭નું લેવલ બનાવી ૩૩થી ૩૫ ના OFS એનાઉન્સ બાદ ખાસ્સો એવો તૂટી ૩૦ રૂપિયા આજુબાજુ સેટલ થયો. OFS ના ૯.૫ કરોડ શેર જેની પાસે ગયા તે સારો એવો બીજો માલ બજારમાંથી ક વર કરી રહ્યા લાગે છે. શેર હવે ટી ટૂ ટી સેટલમેન્ટમાંથી બહાર રેગ્યુલર સેટલમેન્ટમાં આવી ગયો છે. ધ્યાનમાં રાખી શકાય.

# IPO ANALYSIS
## 1st Jan'21 to 30th Sept'21

Kishore Purswani (Email: kishore.purswani@gmail.com)

***<u>પરિચય</u>*** :- વર્ષ ૨૦૨૧ માત્ર સેકન્ડરી બજારના રોકાણકારો માટે જ નહી પરંતુ જે લોકો પ્રાયમરીમાર્કેટમાં રોકાણ કરે છે તેમના માટે પણ સુવર્ણ વર્ષ બની રહ્યું છે. જેમણે પ્રાયમરીમાર્કેટમાં રોકાણ કર્યું હતું અને એલોટમેન્ટ મેળવવા માટે નસીબદાર હતા અથવા લિસ્ટિંગ તારીખે શેર ખરીદવા માટે પૂરતા સ્માર્ટ હતા તેઓ પણ નસીબદાર સાબિત થયા છે.

***<u>૧ લી જાન્યુઆરીથી ૩૦ મી સપ્ટેમ્બર ૨૧ સુધીના આઈપીઓનું વિશ્લેષણ :</u>***

૧ લી જાન્યુઆરી ૧ થી ૩૦ સપ્ટેમ્બર ૨૧ સુધીની યાદી થયેલ આઈપીઓના વિગતવાર વિશ્લેષણથી જાણવા મળ્યું છે કે ૪૧ નવી કંપનીઓ પ્રથમ નવ મહિનામાં (૧ લી જાન્યુઆરીથી ૩૦ મી સપ્ટેમ્બર ૨૧ સુધી) સૂચિબદ્ધ થઈ હતી અને ૪૧ માંથી ૧૨ કંપનીઓ આનાથી વધુ વેપાર કરી રહી છે. ઈશ્યૂ કિંમતના બે ગણા અને ચાર ગણા ભાવે ટ્રેડ થઈ રહી છે. કંપની મુજબનો ડેટા કોષ્ટક ૧ માં આપવામાં આવ્યો છે.

***<u>નિષ્કર્ષ</u>*** :- પ્રથમ વિજેતા હરોળમાં સ્પેશિયાલિટી કેમિકલ્સ સેગમેન્ટ છે કારણ કે આ સમયગાળામાં સૂચિબદ્ધ ચાર કંપનીઓ (અમી ઓર્ગેનિક્સ, તત્વા ચિંતન, ક્લીન સાયન્સ ટેક્નોલોજીસ અને લક્ષ્મી ઓર્ગેનિક્સ) ૧૦૦% થી વધુ લાભો સાથે વેપાર કરી રહી છે. એક રસપ્રદ અવલોકન એ છે કે ૧૨ માંથી ૧૧ કંપનીઓએ લિસ્ટિંગ પછી પણ યોગ્ય વળતર આપ્યું છે (૭% થી ૨૩૦ % સુધી). એકમાત્ર વિચિત્ર તત્વચિંતન છે જે ૧૧૩% ના પ્રભાવશાળી લાભ સાથે લિસ્ટિંગના દિવસે બંધ રહ્યું હતું અને હવે લિસ્ટિંગના દિવસે બંધ ભાવના ૯.૫% ની સાથે વેપાર કરી રહ્યું છે. જેમ કે જે રોકાણકારો કે જેમણે લિસ્ટીંગમાં સ્ટોકનું મૂલ્ય ઓળખી લીધું હોત અને લિસ્ટિંગના દિવસે શેર ખરીદ્યા હોત તે હવે સુંદર લાભ સાથે બેઠા છે. મેક્રોટેક ડેવલપર્સ અને ઈઝી ટ્રીપ જે લિસ્ટિંગના દિવસે ૫% ડિસ્કાઉન્ટ અને ઈશ્યૂ પ્રાઈસના સંદર્ભમાં ૧૧% નો લાભ સાથે બંધ થઈ હતી તે હવે અનુક્રમે ૧૧૮% અને ૨૧૮% ના વધારા સાથે વેપાર કરી રહી છે અને યોગ્ય વળતર આપવામાં અગ્રેસર છે.

શીખવું એ છે કે રોકાણકારને સ્ટોકનું મૂલ્ય શોધવાની અને પછી જાણકાર નિર્ણય લેવાની જરૂર છે.

### Data of IPOs trading with more than 2X of Issue Price

| Co. Name | Sector | Issue Size | Subs (x) | List Date | Issue Price (Rs.) | Listing Day Closed | Listing Gain (%) | Price as on 30-9-21 | Gain (%) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Ami Org. | Spec. Chem | 569.64 | 64.5 | 14-Sep | 610 | 935 | 53 | 1282 | 110 |
| TatvaChint. | Spec. chem | 500 | 180.3 | 29-Jul | 1083 | 2310 | 113 | 2193 | 102 |
| Clean Sc. | Spec. Chem | 1546 | 93.4 | 19-Jul | 900 | 1585 | 76 | 2047 | 127 |
| G R Infra | Civil const. | 963.28 | 102.6 | 19-Jul | 837 | 1747 | 109 | 1869 | 123 |
| Macrotech | Real estate | 2500 | 1.4 | 19-Apr | 486 | 463 | -5 | 1059 | 118 |
| Barbeque | Casual Dining | 452.87 | 6 | 07-Apr | 500 | 590 | 18 | 1115 | 123 |
| Nazara Tech | Mobile gaming | 582.91 | 175.5 | 30-Mar | 1101 | 1577 | 43 | 2292 | 108 |
| Laxmi Org. | Spec. Chem | 600 | 106.8 | 25-Mar | 130 | 165 | 27 | 547 | 321 |
| Easy trip | Travel solutions | 510 | 159.3 | 19-Mar | 187 | 208 | 11 | 594 | 218 |
| MTAR tech | Precision Engg. | 596.41 | 200.8 | 15-Mar | 575 | 1082 | 88 | 1465 | 155 |
| Nureca | Healthcare & wellness | 100 | 39.9 | 25-Feb | 400 | 667 | 67 | 1628 | 307 |
| Stove Kraft | Kitchen appliances | 412.63 | 18 | 05-Feb | 385 | 446 | 16 | 1025 | 166 |

# દાલમિયા ભારત : સીમેન્ટ બિઝનેસમાં વિસ્તરણનો લાભ મળશે
# ટ્રેન્ટ લિ. : સ્ટોક નવી ટોચે પહોંચશે
# ગોદરેજ કન્ઝ્યુમર : ગ્રોથ લીવર્સ પર ફોકસ
# એસબીઆઈ લાઈફ : બિઝનેસ મોમેન્ટમમાં સતત વૃદ્ધિ
# બજાજ ઓટો : આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સમાં હિસ્સાથી લાભ થશે

## સ્માર્ટ બેસ્ટ બાય

- Smita N. Zaveri

***દાલમિયા ભારત લિમિટેડ*** : દાલમિયા સીમેન્ટ (ભારત) લિમિટેડ દાલમિયા ભારત લિમિટેડની પેટા કંપની છે. તેણે ઓડિશામાં કટક નજીક કપિલાસ સીમેન્ટ મેન્યુફેક્ચરિંગ વર્ક્સ (કેસીએમડબલ્યુ) યુનિટમાં ૨.૨૫ મિલિયન ટન ક્ષમતા ધરાવતી લાઈન-૨માં વ્યાવસાયિક ઉત્પાદન શરૂ કરવાની જાહેરાત કરી હતી. તાજેતરમાં કંપનીએ ઝારખંડ સરકાર સાથે રાજ્યમાં રૂ. ૭૫૮ કરોડનું રોકાણ કરવા માટે ત્રણ સમજૂતી કરાર કર્યા છે. દાલમિયા ભારત લિમિટેડે તાજેતરમાં દેશમાં તેની સીમેન્ટ ઉત્પાદન ક્ષમતા વિકસાવવા લાંબાગાળાની યોજના જાહેર કરી હતી. કંપની વર્ષ ૨૦૩૧ સુધીમાં સીમેન્ટ ઉત્પાદન ક્ષમતા વાર્ષિક ૧૧૦-૧૩૦ મિલિયન ટન લઈ જવાની યોજના ધરાવે છે, જે ઓર્ગેનિક અને ઈનઓર્ગેનિક તકોના મિશ્રણ મારફત પૂરી કરાશે. ખરીદો.

***ટ્રેન્ટ લિ.*** : અનેક રાજ્યોમાં લૉકડાઉન સંબંધિ નિયંત્રણો દૂર થવા, રસીકરણની ઝડપ વધવી, ઓફિસો, મોલ અને મલ્ટીપ્લેક્સમાં પરીવહનમાં વધારો, તહેવારો અને લગ્નની આગામી મોસમ સાથે નિષ્ણાતો ટ્રેન્ટ લિ. જેવી એપરલ કંપનીઓ માટે સકારાત્મક છે. ત્રીજા ક્વાર્ટરના પરીણામો અપેક્ષ કરતાં ઘણા આવી શકે છે, કારણ કે માગમાં સુધારાની શક્યતાથી માર્જિન પરફોર્મન્સ સુધરવાની અપેક્ષા છે. કોરોના મહામારી દરમિયાન ખર્ચ પર નિયંત્રણો મૂકવામાં આવતાં હાઈ ઓપરેટિંગ લીવરેજ સાથે નાણાકીય વર્ષ ૨૨ અંદાજિતના ત્રીજા ક્વાર્ટરમાં પૂર્વ-કોવિડ માર્જિન કરતાં ઊંચું માર્જિન હાંસલ થઈ શકે છે. છેલ્લા એક વર્ષમાં સ્ટોકમાં ૫૦ ટકાનો ઊછાળો આવ્યો છે. આ સ્ટોક આગામી દિવસોમાં વધુ નવી ટોચને સ્પર્શી શકે છે.

***ગોદરેજ કન્ઝ્યુમર*** : ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સે ગ્રોથ લીવર્સ પર ફોકસ કર્યું છે. કંપની ઘરેલુ ઈન્સેક્ટિસાઈડ (એચઆઈ)માં એરોસોલ્સ/લિક્વિડ વેપોરાઈઝર્સનો પ્રસાર સુધારી રહી છે. કંપની સ્પર્ધાત્મક પ્રાઈસિંગ મારફત વેટ-વાઈપ્સમાં તેનો ગુમાવેલો બજાર હિસ્સો પાછો મેળવી રહી છે. કંપની ઈન્ડોનેશિયામાં દ્વિ-અંકી વૃદ્ધિ કરવા માટે સ્વચ્છતામાં વધારો કરી રહી છે. ભારતના બિઝનેસમાં સાબુ અને એચઆઈ સહિત બધી જ મહત્વની કેટેગરીમાં દ્વિ-અંકી વૃદ્ધિની અપેક્ષા છે. કંપની નાણાકીય વર્ષ ૨૦૨૨માં કંપની આવક વૃદ્ધિમાં દ્વિ-અંકી વૃદ્ધિદર નોંધાવે તેવી અપેક્ષા છે. કાચા-માલનો ફુગાવો નજીકના સમયમાં માર્જિન પર દબાણ રાખવાનું ચાલુ રાખશે. કેલિબ્રેટેડ ભાવ વધારો અન ઓપરેટિંગ કાર્યક્ષમતા ખર્ચ પરનું દબાણ દૂર કરવામાં મદદરૂપ થશે. ખરીદો.

***એસબીઆઈ લાઈફ*** : એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સે જુલાઈમાં ૫૨ ટકા અને ઑગસ્ટમાં ૬૭ ટકાના વ્યક્તિગત ડબલ્યુઆરપી ગ્રોથ સાથે નવા બિઝનેસ ગ્રોથમાં મજબૂત આકર્ષણ નોંધાવ્યું છે. નાણાકીય વર્ષ ૨૨માં અત્યાર સુધીમાં કંપનીએ ૪૮ ટકાનો વ્યક્તિગત ડબલ્યુઆરપી ગ્રોથ ડિલિવર કર્યો છે જ્યારે બે વર્ષનો સીએજીઆર ૨૦ ટકાના સ્તરે સ્વસ્થ છે. બધા જ સેગ્મેન્ટમાં મજબૂતીથી ગ્રોથ બાઉન્સબેક થયો હોવાની સાથે બિઝનેસ મોમેન્ટમાં તેજી જોવા મળી છે. નાણાકીય વર્ષમાં સ્વસ્થ દ્વિ-અંકી વૃદ્ધિ (૨૦-૨૫ ટકા)નો મેનેજમેન્ટનો આશય છે, જે છેલ્લા કેટલાક વર્ષોમાં શ્રેષ્ઠ હશે. કંપનીને નાણાકીય વર્ષ ૨૧-૨૪ અંદાજિતમાં એપીઈ ગ્રોથમાં ૨૦ ટકા સીએજીઆર નોંધાવવાની અપેક્ષા છે. એજન્સી ચેનલે મજબૂત બાઉન્સ બેક દર્શાવ્યું છે અને બિઝનેસ ગ્રોથમાં તેનું યોગદાન સારું રહ્યું છે. એન્યુઈટી અને ક્રેડિટ લાઈફ જેવા હાઈ માર્જિન સેગ્મેન્ટસમાં મજબૂત મોમેન્ટમે વીએનબી માર્જિનમાં વધુ સુધારો કર્યો છે. તબક્કાવાર ખરીદો.

***બજાજ ઓટો :*** બજાજ ઓટો અને કેટીએમ એજીમાં તેની ભાગીદાર પીઅરર ઈન્ડસ્ટ્રીઝે જાહેરાત કરી છે કે તેઓ શૅર સ્વીપ સોદા મારફત પ્રીમિયમ બાઈક ઉત્પાદક કેટીએમમાં શૅરહોલ્ડિંગને સરળ બનાવવાની યોજનાને અંતિમ ઓપ આપી રહ્યા છે. આને પગલે બજાજ ઓસ્ટ્રીયન પાર્ટનરની હસ્કવર્ના, ગેસગેસ અને રેમોન સહિતની અન્ય બ્રાન્ડ્સમાં પરોક્ષ હિસ્સેદાર બનશે. અગાઉ, બજાજ ઓટો અને પીઅરર મોબિલિટી એજી (પીએમએજી) કેટીએમ એજીમાં અનુક્રમે ૪૮ ટકા અને ૫૨ ટકા હિસ્સો ધરાવતા હતા. બજાજ તેની નેધરલેન્ડ સ્થિત પેટા કંપની બજાજ ઓટો ઈન્ટરનેશનલ હોલ્ડિંગ્સ બીવી (બૈભવ) મારફત શૅરહોલ્ડિંગ ધરાવે છે. બે તબક્કાના સોદાના ભાગરૂપે બજાજ ઓટોએ કેટીએમમાં તેના કુલ હિસ્સામાંથી ૪૬.૫ ટકા પીએમએજીમાં સૌથી મોટી શૅરધારક પીટીડબલ્યુ હોલ્ડિંગ એજીને ટ્રાન્સફર કર્યા છે. બદલામાં બજાજને પીટીડબલ્યુ હોલ્ડિંગ એજીમાં ૪૯.૯ ટકા હિસ્સો મળ્યો છે. દરમિયાન બજાજ ઓટોનું કુલ ઓટો વેચાણ સપ્ટેમ્બર ૨૦૨૧માં ૪,૦૨,૦૨૧ યુનિટ હતું, જે સપ્ટેમ્બર ૨૦૨૦માં ૪,૪૧,૩૦૬ યુનિટ કરતાં ૯ ટકાનો ઘટાડો દર્શાવે છે. જોકે, કુલ વેચાણ ઑગસ્ટ ૨૦૨૧માં ૩,૭૩,૨૭૦ યુનિટની સરખામણીમાં તે ૭.૭ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. તહેવારોની મોસમ શરૂ થઈ હોવાથી વેચાણ વધશે. ખરીદો.

**(SEBI Registered Research Analyst)**

**** Disclosure*** :- The author has not brought / sold any stock advised in this news paper during last one month • All stocks rates / indices on 24th September 2021 unless specified o Stoploos is useful for Short-Medium term investors only •

**** Disclaimer*** :- • Smart Investment will not be responsible / for any loss arising out of investment based on its recommendation. • Though, every care has been taken, we will not responsible for any errors / omissions • All disputes are subject to Ahmedabad jurisdiction

| Dalmia Bharat | |
|---|---|
| CMP (1-10-2021) | 2116.00 |
| Face Value | 2.00 |
| BSE Code | 542216 |
| 52 Wk. High | 2547.20 |
| 52 Wk. Low | 740.00 |

| TRENT | |
|---|---|
| CMP (1-10-2021) | 1045.00 |
| Face Value | 1.00 |
| BSE Code | 500251 |
| 52 Wk. High | 1089.15 |
| 52 Wk. Low | 587.95 |

| Godrej Consumer | |
|---|---|
| CMP (1-10-2021) | 1019.00 |
| Face Value | 1.00 |
| BSE Code | 532424 |
| 52 Wk. High | 1138.50 |
| 52 Wk. Low | 644.00 |

| SBI Life Insurance | |
|---|---|
| CMP (1-10-2021) | 1209.00 |
| Face Value | 10.00 |
| BSE Code | 540719 |
| 52 Wk. High | 1253.50 |
| 52 Wk. Low | 755.55 |

| Bajaj Auto | |
|---|---|
| CMP (1-10-2021) | 3855.00 |
| Face Value | 10.00 |
| BSE Code | 532977 |
| 52 Wk. High | 4361.20 |
| 52 Wk. Low | 2823.25 |

## સ્માર્ટ સુપર-ડુપર

- Het Zaveri

***Arvind Smart Space (રૂ. ૧૭૩.૦૦) (કોડ : ૫૩૯૩૦૧) :-*** બીએસઈ ખાતે બી ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૧૮૩ અને ઘટીને રૂ.૮૨ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૬૧૭ કરોડ છે. કંપનીમાં પ્રમોટરો ૫૬.૮૮ ટકા અને પબ્લિક ૪૩.૧૨ ટકા હિસ્સો ધરાવે છે. કંપનીએ જુન ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે જેમાં કંપનીની આવક રૂ.૧૦.૫૪ કરોડથી વધીને રૂ.૨૬.૯૫ કરોડ થઈ છે જ્યારે રૂ.૪.૮૩ કરોડની નુકશાની સામે રૂ.૨.૫૦ કરોડનો નફો દર્શાવ્યો છે. કંપનીએ રૂ.૦.૭૦ની ઈપીએસ જુન ક્વાર્ટરમાં હાંસલ કરી છે. કંપનીની ઈક્વિટી રૂ.૩૬ કરોડ છે. નાણાકીય વર્ષ ૨૦૨૧ની વાત કરીએ તો કંપનીની આવક રૂ.૨૯૯ કરોડથી ઘટીને રૂ.૧૪૯ કરોડ થઈ છે જ્યારે નફો રૂ.૩૯ કરોડથી ઘટીને રૂ.૯ કરોડ થયો છે. અરવિંદ ગ્રુપની આ કંપની રીયલ એસ્ટેટ સેગ્મેન્ટમાં સક્રિય છે અને કંપની મોટા પાયે આ સેગ્મેન્ટમાં નવા પ્રોજેક્ટ્સ મૂકી રહી છે જેના લીધે કંપનીની આવક અને નફો સતત વધતા જોવાઈ શકે છે. શેરના ભાવમાં નીચા મથાળેથી સતત ખરીદી જોવા મળી રહી છે અને રીયલ એસ્ટેટ સેક્ટરની તેજી જોતા આ સ્ટોક પણ આવનાર સમયમાં સારો મુવ બતાવી શકે છે. લાંબાગાળાના એન્ગલથી સ્ટોકમાં સુંદર રીટર્ન મળી શકે છે. કંપનીના શેરની બુક વેલ્યુ રૂ.૮૩.૬ છે. કંપની ખાસ કરીને અમદાવાદ સાથે બેંગ્લોરના માર્કેટમાં પણ હાજરી ધરાવે છે અને આ બંને માર્કેટમાં રીયલ એસ્ટેટના ભાવો પણ વધતા જોવાઈ રહ્યા છે.

***Sterling and Wilson Solar (રૂ. ૪૦૪.૦૦) (કોડ : ૫૪૨૭૬૦)*** :- નીચા મથાળેથી આ સ્ટોકમાં જોરદાર સુધારો જોવાયો છે અને ખાસ કરીને છેલ્લા એક મહિનામાં સ્ટોકમાં મોટા પાયે તેજી જોવાઈ છે. કંપની શાહપુરજી અને પાલોનજી ગ્રુપની કંપની છે અને આ કંપની કોરોનાથી થોડા સમય પહેલા ૭૮૦ના ભાવે આઈપીઓ લાવી હતી અને લીસ્ટીગ બાદ આ સ્ટોકમાં મોટા પાયે કડાકા જોવાયા હતા અને એક તબક્કે આ સ્ટોક નીચામાં રૂ.૬૯.૭ થઈ ગયો હતો. આ કંપની સોલાર પ્લાન્ટ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે સંકળાયેલી છે અને ભારત સિવાય આ કંપની વિશ્વના અનેક દેશોમાં હાજરી ધરાવે છે. કંપની ઉપર એક તબક્કે દેવાને લઈને સવાલો હતા પણ ગત સપ્તાહે જ કંપનીએ જણાવ્યું છે કે કંપનીએ તેનું સંપૂર્ણ દેવું પૂરું કરી દીધું છે અને હવે આ કંપની ડેટ ફ્રી થઈ ગઈ છે. તો બીજી તરફ આ ગ્રુપ પોતાની નાણાકીય સ્થિતિ સુધારવા માટે આ કંપનીને વેચવાનો પ્રયત્ન કરી રહી છે અને આ કંપનીને ટેકઓવર કરવા માટે અદાણી અને રિલાયન્સ ગ્રુપ જેવા મોટા માથાઓ અને કેટલાક વિદેશી ફંડો પણ લાઈનમાં છે એવી ચર્ચાઓ છે. કંપનીએ થોડા સમય પહેલા જોર્ડન ખાતે ૬૬ મેગાવોટનો પ્રોજેક્ટ પૂર્ણ કર્યો છે. બીએસઈ ખાતે એ ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૪૪૨.૫ અને ઘટીને રૂ.૨૦૨.૩૫ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૬૪૮૫ કરોડ છે. કંપનીમાં પ્રમોટર્સ ૬૯.૩૬ ટકા, એફઆઈઆઈ ૬.૧૦ ટકા સ્ટેક ધરાવે છે. આઈપીઓ ભાવથી હજુ પણ ઘણા નીચા લેવલે મળી રહેલા આ સ્ટોકમાં નીચા મથાળે ખરીદી કરવાનો પ્રયત્ન કરી શકાય.

***Arvind Fashion (રૂ. ૨૭૨.૦૦) (કોડ : ૫૪૨૪૮૪) :-*** અરવિંદ લીમીટેડમાંથી અલગ થઈને આ કંપની લીસ્ટ થઈ હતી. કંપની ૨૮થી વધારે અગ્રણી ગ્લોબલ બ્રાન્ડ્સ ધરાવે છે. કંપનીની બ્રાન્ડ્સમાં ગેપ, ટોમી હાઈફ્લાયર, એરો, કેલ્વીન ક્લેઇન જેવી લોકપ્રિય બ્રાન્ડ્સને પોતાના બાસ્કેટમાં ધરાવે છે. વર્તમાન ભાવે માર્કેટકેપ રૂ.૩૫૮૪ કરોડ થવા જાય છે. કંપનીમાં ડીમર્જર બાદ પ્રમોટર્સ ૩૬.૧૮ ટકા અને પબ્લિક ૬૩.૮૨ ટકા હિસ્સો ધરાવે છે. ખાસ કરીને બ્રાન્ડેડ ટેકસટાઈલ કંપનીઓને હમેશા ઊંચા વેલ્યુએશન મળતા આવ્યા છે અને આ કંપની હવે માત્ર બ્રાન્ડેડ એપરલ બીઝનેસમાં સક્રિય રહેવાની છે. કંપની પોતાના શોરૂમ્સ પણ ધરાવે છે. કંપનીમાં મ્યુચ્યુઅલ ફંડ્સ ૯.૮૧ ટકા, વિદેશી રોકાણ કારો ૭.૯૫ ટકા હિસ્સો ધરાવે છે. કંપનીમાં જાણીતા રોકાણકાર આશિષ ધવન ૪.૭૮ ટકા સ્ટેક ધરાવે છે. જુન ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ.૭૨ કરોડથી વધીને રૂ.૩૧૯ કરોડ થઈ છે જ્યારે કંપનીની નુકશાની રૂ.૧૯૭ કરોડથી ઘટીને રૂ.૧૭૭ કરોડ થઈ છે. નાણાકીય વર્ષ ૨૦૨૧માં કંપનીની આવક રૂ.૩૬૧૪ કરોડથી ઘટીને રૂ.૨૨૦૨ કરોડ થઈ હતી જ્યારે કંપનીનું નુકશાની રૂ.૪૦૧ કરોડથી વધીને રૂ.૫૮૦ કરોડ થઈ હતી. ખાસ કરીને કોરોનાની સૌથી ખરાબ અસર આ સેક્ટર ઉપર પણ પડી હતી પણ હવે ધીરે ધીરે સ્થિતિ સ્ટેબલ થઈ રહી છે ત્યારે આ સ્ટોકમાં પણ ફેન્સી વધી રહી છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૨૯૪.૬૫ અને ઘટીને રૂ.૧૧૮.૨ જોવાયો છે. કેલેન્ડર વર્ષ ૨૦૨૦ અને કેલેન્ડર વર્ષ ૨૦૨૧માં કંપનીએ રાઈટ ઇસ્યુ કર્યા છે.

***Tata Power (રૂ. ૧૬૩.૦૦) (કોડ : ૫૦૦૪૦૦) :-*** ટાટા પાવર દેશની અગ્રણી ઇન્ટીગ્રેટેડ પાવર કંપની ગણાય છે અને કંપની વિદેશોમાં પણ પોતાની હાજરી ધરાવે છે. કંપની થર્મલ, હાઈડ્રો, સોલાર અને વિન્ડ એમ તમામ પ્રકારથી વીજળી પેદા કરે છે. કંપની ૪૦૦૦ મેગા વોટનો અલ્ટ્રા મેગા પાવર પ્લાન્ટ ગુજરાતમાં મુન્દ્રા ખાતે ધરાવે છે. પાવર સેગમેન્ટ સિવાય કંપની ૨ ઇન્ડોનેશિયન કોલ કંપનીઓમાં ૩૦ ટકા સ્ટેક ધરાવે છે. બીએસઈ ખાતે એ ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૧૬૫ અને ઘટીને રૂ.૫૧.૬૫ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૫૨૩૨૩ કરોડ છે. કંપનીમાં પ્રમોટરો ૪૬.૮૬ ટકા અને પબ્લિક ૫૩.૧૪ ટકા સ્ટેક ધરાવે છે. ખાસ કરીને કંપનીમાં સપ્ટેમ્બર ક્વાર્ટરમાં પ્રમોટરોએ એટલે કે ટાટા સન્સે ૯.૬૪ ટકા સ્ટેક વધાર્યો હતો અને ત્યાર બાદ સ્ટોકમાં એક તરફી તેજી જોવાઈ છે. નાણાકીય વર્ષ ૨૦૨૨ના જુન ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ.૬૪૫૩ કરોડથી વધીને રૂ.૯૯૬૮ કરોડ થઈ છે જ્યારે કંપનીનો નફો રૂ.૨૦૭ કરોડથી વધીને રૂ.૩૯૧ કરોડ થયો છે. કંપનીની ઈક્વિટી રૂ.૩૨૦ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૨૦૫૦૩ કરોડનું રીઝર્વ છે. નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ ૧૫૫ ટકાનું ડિવિડન્ડ ચુકવ્યું હતું અને નાણાકીય વર્ષ ૨૦૨૧ માટે કંપનીએ ૧૫૫ ટકાનું ડીવીડન્ડ ચુકવ્યું છે. સરકાર પાવર સેક્ટરને રીવાઈવ કરવા માટે પ્રયત્ન કરી રહી છે જેમાં પ્રાઈવેટ કંપનીઓને પણ ફાયદો થઈ શકે છે ત્યારે લાંબા સમયથી નેગેટીવ ટ્રેન્ડમાં પડી રહેલ પાવર સેક્ટર લોંગ ટર્મ તેજીમાં એન્ટર થયું છે. આ કંપનીમાં મ્યુચ્યુઅલ ફંડ્સ પાસે ૮.૪૭ ટકા, ઇન્સ્યુરન્સ કંપનીઓ પાસે ૭.૫૦ ટકા, એફઆઈઆઈ પાસે ૧૧.૨૬ ટકા હિસ્સો છે.

***Jai Corp. (રૂ. ૧૨૮.૦૦) (કોડ : ૫૧૨૨૩૭) :-*** ૨૦૦૭ની તેજીના ગાંડપણમાં આ સ્ટોકમાં મોટા પાયે સટ્ટાકીય તેજી જોવા મળી હતી અને રોકાણકારોની ગજબ ફેન્સી આ સ્ટોક માટે જોવાઈ હતી. એ સમયે ૨ વર્ષની અંદર સ્ટોક રૂ.૬-૭ રૂપિયાથી વધીને ઉપરમાં રૂ.૧૪૫૦ થયો હતો જોકે ઉપરના મથાળે મોટા પાયે રોકાણકારો આ સ્ટોકમાં ફસાયા હતા અને ત્યાર બાદ છેલ્લા દસકામાં આ સ્ટોક મોટા પાયે રૂ.૧૦૦ની નીચે જ રહ્યો હતો. કંપનીની ઈક્વિટી રૂ.૧૭.૮૫ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૧૩૭૭ કરોડનું જંગી રીઝર્વ છે. જુન ક્વાર્ટરમાં કંપનીનું વેચાણ રૂ.૯૭ કરોડથી વધીને રૂ.૧૮૬ કરોડ થયું છે જ્યારે કંપનીનો નફો રૂ.૧૨ કરોડ રહ્યો છે જે ગત વર્ષે રૂ.૪ કરોડની નુકશાની હતી. કંપનીમાં પ્રમોટરો ૭૩.૦૧ ટકા જેટલો ઉંચો સ્ટેક ધરાવે છે, એફઆઈઆઈ પાસે ૪.૭૪ ટકા, અન્ય ડીઆઈઆઈ પાસે ૧.૫૦ ટકા અને પબ્લિક પાસે ૨૦.૬૫ ટકા હિસ્સો છે. સ્ટોકમાં નીચા મથાળેથી ફરીથી હલચલ જોવાઈ રહી છે ત્યારે આ સ્ટોકમાં આવનાર દિવસોમાં ચમકારો જોવાઈ શકે છે. જોકે કંપનીના સ્ટોકના ફન્ડામેન્ટલ ઠીકથાક હોવાના લીધે મોટા પાયે રોકાણ કરવાથી દુર રહેવું પણ સ્ટોકમાં નાનું રોકાણ કરવાનો પ્રયત્ન કરી શકાય. સ્ટોકમાં સ્પેક્યુલેશન જોવાય છે તો ઝડપથી સુધારો જોવાઈ શકે છે. બીએસઈ ખાતે એ ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૧૭૨.૮૫ અને ઘટીને રૂ.૭૯.૩૫ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૨૨૯૫ કરોડ છે. કંપની નવી મુંબઈમાં મોટો એસઈઝેડ ધરાવે છે જેના ડેવલોપમેન્ટને લઈને આ સ્ટોક ચર્ચામાં છે.

***Disclosures*** as per SECURITIES AND EXCCHANGE BOARD OF INDIA (Research Analysts) Regulation, 2014; • I and / or my clients may have investment in this stocks • I/My family have no financial interest or beneficial interest of more than 1% in the company whose stocks I am recommending • Stop loss is useful for Short / Medium Term investor Only • Smart Investment will not be responsible / liable for any loss arising out of investment based on tis advices • Past performance may or may not be substainedin future " ***(Dilip K. Shah) Research Analyst : SEBI Regn No. : INH000002152***

## ટેકનીકલ સ્કીપ્સ ઓફ ધ વીક

**નિલેશ એસ. કોટક (ફોન :૨૬૫૮૨૨૭૬)**

***જ્યાં સુધી નિફ્ટી ૧૭૮૦૦ ઉપર બંધ ના આવે ત્યાં સુધી દરેક ઉછાળે વેચવાલી જોવાય. ૧૭૪૦૦ તુટતા ઘટાડાનો દોર ઝડપી બને.***

***Future Buy of the week***

***SUN TV Network (524)*** :- ઓક્ટોબર માસનો ફ્યુચર ૫૨૪ ઉપર ૪૯૮ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૫૬૦ સુધી સુધારાની શકયતા છે.

***Nippon Life (438)*** :- ઓક્ટોબર માસનો ફ્યુચર ૪૩૮ ઉપર ૪૧૮ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૪૬૦ સુધી સુધારાની શકયતા.

***Power Grid (191)*** :- ઓક્ટોબર માસનો ફ્યુચર ૧૯૧ ઉપર ૧૮૨ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૨૦૪ સુધી સુધારાની શકયતા.

***Gail India (163)*** :- ઓક્ટોબર માસનો ફ્યુચર ૧૬૩ ઉપર ૧૧૫ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૧૭૪ સુધી સુધારાની શકયતા.

***Steel Authority (115)*** :- ઓક્ટોબર માસનો ફ્યુચર ૧૧૫ ઉપર ૧૦૮ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૧૩૦ સુધી સુધારાની શકયતા છે.

***Future Sell of the week***

***Petronet LNG (237)*** :- ઓક્ટોબર માસનો ફ્યુચર ૨૩૭ નીચે ૨૫૦ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૨૨૦ સુધી ઘટાડાની શકયતા.

***Tech Mahindra (1372)*** :- ઓક્ટોબર માસનો ફ્યુચર ૧૩૭૨ નીચે ૧૪૧૦ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૧૩૦૦ સુધી ઘટાડાની શકયતા.

***Hindalco (485)*** :- ઓક્ટોબર માસનો ફ્યુચર ૪૮૫ નીચે ૫૦૫ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૪૬૦ સુધી ઘટાડાની શકયતા.

***Kotak Mah. Bank (1994)*** :- ઓક્ટોબર માસનો ફ્યુચર ૪૮૫ નીચે ૫૦૫ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૪૬૦ સુધી ઘટાડાની શકયતા.

***HDFC Bank (1588)*** :- ઓક્ટોબર માસનો ફ્યુચર ૧૫૮૮ નીચે ૧૬૧૦ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૧૫૬૦ સુધી ઘટાડાની શકયતા.

*Disclosures as per SECURITIES AND EXCCHANGE BOARD OF INDIA (Research Analysts) Regulation, 2014; • I and / or my clients may have investment in this stocks • I/My family have no financial interest or beneficial interest of more than 1% in the company whose stocks I am recommending • I / My family have not received nay compensation from the company where I am recommending a trade or investment. • I have not served as an officer director or employee of company and have not been engaged in market - making activity of the company covered in the research report • I have no material conflict in recommendations posted here (Nilesh S. Kotak) • Research Analyst : SEBI Regn No. : INH000002103*

Two Month Stock Market Training Program
Learn Personal Finance, MF, Retirement and investing in Equity shares
Webinar Fee: Rs. 10,000/-
Training period: Two months - over weekends
To Register, WhatsApp to +91 98495 19188

**RESEARCH REPORT**

## BCPL RAILWAY INFRA
## (542057) (53.05) (FACE VALUE RS.10)

બીસીપીએલ રેલ્વે ઈન્ફ્રાસ્ટ્રકચર લીમીટેડ ખાસ કરીને રેલ્વે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે સંકળાયેલી છે. કંપની રેલ્વેના ઓવરહેડ કેબલ નાખવાનું કામ કરે છે અને રેલ્વેમાં જે રીતે ઈલેક્ટ્રીફીકેશનનું કામકાજ ચાલી રહ્યું છે એનો ફાયદો આ કંપનીને મોટા પાયે મળી રહ્યો છે. આ કંપનીએ થોડા સમય પહેલા મેઈઝ, કાંદા, ઓઈલ કેક જેવી પ્રોડક્ટ્સને બાંગ્લાદેશમાં એક્સપોર્ટ કરે છે. સાથે આ કંપની હવે ઈથેનોલના ઉત્પાદન માટે પ્લાન્ટ નાખી રહી છે. ઈથેનોલના ઉત્પાદન ઉપર સરકાર મોટા પાયે ફોકસ કરી રહી છે એટલે કંપનીએ હાલમાં જ બીસીએલ બાયો એનર્જી પ્રાઈવેટ લીમીટેડ નામની સબસીડીયરી બનાવી છે અને કંપની ૨૧૦૦૦ કિલો લીટર પ્રતિ વર્ષની ઈથેનોલની કેપેસીટી સાથેનો પ્લાન્ટ બિહારમાં નાખી રહી છે.

કંપનીની ઈક્વિટી રૂ.૧૬.૭૨ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૫૩.૭૮ કરોડનું રીઝર્વ છે. કંપનીના શેરની બુક વેલ્યુ રૂ.૪૨.૨ છે અને વર્તમાન ભાવે આ સ્ટોક માત્ર ૧.૨૫ના સાવજ નીચા પ્રાઈઝ ટુ બુક વેલ્યુથી ક્વોટ થઈ રહ્યો છે. કંપનીમાં પ્રમોટર્સ ૭૪.૧૦ ટકા અને પબ્લિક ૨૫.૯૦ ટકા સ્ટેક ધરાવે છે. જુન ક્વાર્ટરમાં કંપનીએ બમ્પર પરિણામો જાહેર કર્યા છે જેમાં કંપનીનો નફો ૨૯૩.૮૮ ટકા વધીને રૂ.૧.૯૩ કરોડ થયો છે. ઓપરેટીગ પ્રોફિટ ૧૨૩.૮૧ ટકા વધીને રૂ.૨.૩૫ કરોડ થયો છે જયારે વેચાણ ૩૪૬.૦૯ ટકા વધીને રૂ.૩૦.૭૮ કરોડ થયું છે. કંપનીએ જુન ક્વાર્ટરમાં રૂ.૧.૧૫ની ઈપીએસ હાંસલ કરી છે. ***કંપનીના ટેકનીકલ અને ફંડામેન્ટલ જોતા આ સ્ટોક રોકાણ માટે ખુબજ આકર્ષક લાગી રહ્યો છે. રૂ.૪૩ના સ્ટોપ લોસ સાથે રોકાણ કરી શકાય. ઉપરમાં આવનાર ૯-૧૨ મહિનામાં આ સ્ટોક સુંદર રીટર્ન્સ આપી શકે છે.***

| Particulars | 3 Month Ended | | |
|---|---|---|---|
| | Q1FY22 | Q1FY21 | % Var. |
| Sales | 30.78 | 6.90 | 346.0 |
| Operating Profit | 2.35 | 1.05 | 123.8 |
| PAT | 1.93 | 0.49 | 293.8 |

# સમોર રિયાલિટી લિમિટેડ
# રિયલ એસ્ટેટ સેક્ટરમાં આવેલી તેજીનો લાભ લેવા સજ્જ

**Corporate Feature**

| 1. | Indel Money Limited | 23-9-2021 18-10-2021 | Base Size Rs.75 Cr. with an option to Retain Oversubscription up to Rs. 75 Cr. (Aggregating up to Rs. 150 Cr.) | 1,000/- | 10 NCDs (Rs.10,000) | BSE | CRISIL BBB/Stable By Crisil | AVOID |
| | | | | Lead manager : Vivro Financial Services | | | | |
| 2. | IIFL Finance Limited | 27-9-2021 18-10-2021 | Base Size Rs.100 Cr. with an option to Retain Oversubscription up to Rs. 900 Cr. (Aggregating up to Rs. 1000 Cr.) | 1,000/- | 10 NCDs (Rs.10,000) | BSE NSE | Crisil AA/Stable And BWR AA+/Negative | Apply |
| | | | | Lead manager : Edelweiss Fin., Equirus Cap., IIFL Securities | | | | |
| 3. | Muthoot Fincorp | 30-9-2021 26-10-2021 | Base Size Rs.200 Cr. with an option to Retain Oversubscription up to Rs. 200 Cr. (Aggregating up to Rs. 400 Cr.) | 1,000/- | 10 NCDs (Rs.10,000) | BSE | Crisil A+/Stable | Apply |
| | | | | Lead manager : SMC Capital | | | | |
| 4. | KLM Axiva Finvest | 30-9-2021 26-10-2021 | Base Size Rs.100 Cr. with an option to Retain Oversubscription up to Rs. 100 Cr. (Aggregating up to Rs. 200 Cr.) | 1,000/- | 5NCDs (Rs.5,000) | BSE | CARE BB+;Stable | Avoid (Risky) |
| | | | | Lead manager : SMC Capital | | | | |

## Destiny Logistics & Infra NSE SME IPO

### Opened 30th Sept. & Closes on 5th Oct.

### Offer Price Rs. 20; Listing on NSE SME Platform

### FY19 અને FY20માં કામગીરી તદ્દન સાધારણ જ્યારે FY21 માં ટોપ-લાઈનમાં ઉછાળો આશ્ચર્યજનક અને શંકાસ્પદ IPOમાં ખૂબજ આક્રમક ઓફરભાવ ધ્યાને લેતા ઈન્વેસ્ટરોએ આ ઈસ્યુથી દુર રહેવું હિતાવહ

૨૦૧૧ માં સ્થપાયેલ ડેસ્ટિની લોજિસ્ટિક્સ અને ઈન્ફ્રા લિમિટેડ લોજિસ્ટિક્સ સેવાઓ પૂરી પાડે છે એટલે કે થર્ડ પાર્ટી સેવા પ્રદાતાઓ દ્વારા જમીન આધારિત પરિવહન. તે સેવાઓની વિશાળ શ્રેણી ઓફર કરે છે એટલે કે પેકેજિંગ, લોડિંગ, ટ્રાન્સપોર્ટેશન, અનલોડિંગ અને વસ્તુઓનું અનપેકિંગ એન્ડ-ટુ-એન્ડ સોલ્યુશન્સ ઓફર કરવા માટે. કંપનીની કામગીરી સ્થાનિક બજારમાં ખાસ કરીને પશ્ચિમ બંગાળ રાજ્યમાં કેન્દ્રિત છે. વ્યવસાયે માળખાગત વિકાસ પ્રવૃત્તિમાં વધુ વૈવિધ્યકરણ કર્યું છે અને પશ્ચિમ બંગાળમાં "સ્ટ્રોમ વોટર ડ્રેનેજ યોજના પ્રોજેક્ટનું નિર્માણ" શરૂ કર્યું છે. કરારની કુલ કિંમત રૂ. ૫૮.૨૭ કરોડ.

**Financial Performance : Consolidated Basis**

| Particulars (Rs. Cr.) | FY19 | FY20 | FY21 |
|---|---|---|---|
| Total Revenue | 6.73 | 6.75 | 10.06 |
| Profit After Tax | 0.05 | 0.05 | 0.30 |
| EPS | 0.96 | 1.02 | 6.06 |
| RONW (%) | 7.38 | 7.32 | 30.25 |

***Issue Details***

- Issue Opens on 30th September & Closes on 5th October
- Object of the issue : Working Capital Requirment.
- Issue Size : 26,94,000 Eq. Shares (Rs. 5.39 Cr.)
- Face Value Rs. 10 • Offer Price : Rs. 20.00
- Minumum Lot Size : 6000 Share • Listing on NSE SME Platform
- BRLM : Finshore Management Services Ltd.
- Market Maker : Nikunj Stock Brokers Ltd.
- Registrar : Cameo Corporate Services Ltd.
- Company Management : Mr. Jugal Kishore and Mrs. Rekha Bhagat
- Post Issue Market Cap : Rs. 15.39 Cr.
- Pre Issue Promoter Holding : 99.72% • Post Issue Promoter Hol.: 64.79%
- Issue constitutes : 35.01% of the post issue paid up capital
- Average of last 3 Yrs. EPS Rs. 3.53 & RONW : 18.80%
- Pre IPO Eq. Capital Rs. : 5 Cr. • Post IPO equity Capital Rs. 7.69 Cr.
- Pre IPO : P/BV Ratio : 1 (NAV : 20.03) (31-3-2021)
- Post Issue : P/BV Ratio : 1 (NAV : 20)
- Post IPO asking P/E on fully diluted equity : 52.40
- BRLM's Performance : This is 18 Issue from BRLM in last 5 Years. In Last 10 listing : 7 Issue Opened with premium & 2 Issue Opened with discount and 1 Issue opened with at par.

### સિક્કાની બીજી બાજુ

- કંપનીના પ્રમોટર્સની શેરદીઠ સરેરાશ પડતર રૂ. ૧૮.૧૯ અને ૧૯.૨૪ છે જ્યારે ઓફરભાવ રૂ. ૨૦ ફિક્સ્ડ કરાયો છે.
- કંપનીએ શરૂઆતમાં ભાવોભાવ ઈક્વિટી શેર્સ ઈસ્યુ કર્યા બાદ ઓગસ્ટ ૨૦૨૧માં એટલે કે DRHP ફાઈલ કરતા અગાઉ પ્રતિશેર રૂ. ૨૦ ના ભાવે શેર ઈસ્યુ કર્યા છે.
- કંપની ખૂબજ સ્પર્ધાત્મક બિઝનેસમાં કાર્યરત છે.
- આ કંપની થર્ડપાર્ટી સર્વિસ પ્રોવાઈડર ઉપર અવલંબિત છે.

***ભલામણ*** :- કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૧૯ અને નાણાંકીય વર્ષ ૨૦૨૦માં ટોપ-બોટમ લાઈન્સમાં તદ્દન સ્થિર કામગીરી નોંધાવી છે. નાણાંકીય વર્ષ ૨૦૨૧માં ટોપલાઈન અને બોટમલાઈનમાં એકાએક ઉછાળો આશ્ચર્યજનક અને શંકાસ્પદ છે. વેલ્યુએશન મોરચે પીઈ ૫૨.૪૦ને ધ્યાનમાં લેતા આ આક્રમક ઓફરભાવના મોંઘા ઈસ્યુથી ઈન્વેસ્ટરોએ દુર રહેવું હિતાવહ બની રહેશે.

## KLM Axiva Finvest NCDs Issue

### Opened on 30th Sept. & Closes on 26th Oct.

### Offer Price Rs. 1000 Per NCD; Listing on BSE

### કંપનીનો નાણાંકીય કામગીરીનો ટ્રેક રેકોર્ડ પ્રોત્સાહક નથી જો કે કુપન રેટ આકર્ષક આમ છતાં BB+ રેટિંગ્સને ધ્યાને લેતા ઈન્વેસ્ટરોએ આ Risky BET ઈસ્યુથી દુર રહેવું હિતાવહ

KLM Axiva Finvest લિમિટેડ Non-Deposit લેતી NBFC છે, જે મુખ્યત્વે ઓછી અને મધ્યમ આવક ધરાવતી વ્યક્તિઓ અને વ્યવસાયોને સેવા આપે છે કે જેમની પાસે ઔપચારિક બેંકિંગ અને ફાઈનાન્સ ચેનલોની મર્યાદિત છે. કંપની મુખ્યત્વે ચાર બિઝનેસ વર્ટિકલ હેઠળ કાર્ય કરે છે: ૧. સોનાની લોનનો ધંધો, ઘરના દાગીનાની સામે ધિરાણ આપવું ૨. માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝ લોન ૩. પર્સનલ લોન અને ૪. મહિલા ગ્રાહકોને માઈક્રોફાઈનાન્સ લોન. *૩૧ ઓગસ્ટ, ૨૦૨૧ સુધી, કંપનીની ચાર રાજ્યો કેરળ, કર્ણાટક, તમિલનાડુ અને તેલંગાણામાં ૨૮૫ શાખાઓ છે. કંપનીની કોર્પોરેટ ઓફિસ કોચીમાં આવેલી છે.*

**Financial Performance : Consolidated Basis**

| Particulars (Rs. Cr.) | FY19 | FY20 | FY21 |
|---|---|---|---|
| Total Revenue | -- | 102.25 | 126.52 |
| Profit After Tax | -- | 0.53 | 7.14 |

***Issue Details***

- Issue Opens on 30th Sept. & Closes on 26th Oct.
- Object of the issue : Purpose of onward lending, financing and repayment/prepayment of principal and interest on existing borrowings; and
- Base Issue Size : 100 Cr. • Shelf Size : 100 Cr. • Total Size Rs. 200 Cr.
- Face Value Rs. 1000 Per NCD • Listing : BSE • Price : 1000 per NCDs
- Minimum lot Size : 5 NCD Share • Minimum Amount Rs. 5,000
- BRLM : Vivro Fin. Services Pvt. Ltd. • Trustee : Vistra ITCL (India) Ltd.
- Registrar : KFintech • Rating : CARE BB+;Stable by Care Ratings Ltd.
- Tenure : 366 & 400 days, 18 & 80 Months, 2,3 and 5 Yerars
- Payment : Monthly, annually & Cumulative • Rate : 10% to 11.25%
- Category 1 : 10%, Non Institutation : 40%, Retail 50%

***નોંધ :*** સપ્ટે.૧૮ પછી આ કંપની તરફથી ૫ મો NCDs ઈસ્યુ છે. કંપનીની છેલ્લી NCDs ઓફર જુલાઈ ૨૧માં આવી હતી તે સમયે કુપન રેટ આ ઓફરની તુલનામાં ઉંચા રહ્યા હતા.

***ભલામણ*** :- નાણાંકીય મોરચે કંપનીની કામગીરી એકંદરે પ્રોત્સાહક જણાતી નથી જેનું મુખ્ય કારણ લો-માર્જીન બિઝનેસ કહી શકાય. કંપની દ્વારા ઓફર કરાયેલ કુપનરેટ આકર્ષક છે. BB+ રેટીંગ્સને ધ્યાને લેતા આ એક Risky Bet બની રહેશે. ઈન્વેસ્ટોરએ આ જોખમી ઈસ્યુથી દુર રહેવું હિતાવહ.

## Rights Issue પર એક નજર

| Sr | Company | Issue Open Dt. Issue Close Dt. | Issue size (Rs. Cr.) | Offer price (Rs.) | Ratio & Record Dt. | Listing | Lead Manager |
|---|---|---|---|---|---|---|---|
| 1. | Bannari Amman Spinning | 20-9-2021 to 4-10-2021 | 3.33 Cr. Shares (Rs. 100 Cr.) | 30 Per Shares (F.V.Rs. 5) | 21 Shares for every 20 shares held on 9-9-2021 | BSE NSE | Saffron Capital |
| 2. | Praxis Home Retail | 21-9-2021 to 5-10-2021 | 4.36 Cr. Shares (Rs. 49.49 Cr.) | 11.35 Per Shares (F.V.Rs. 5) | 11 Shares for every 8 shares held on 8-9-2021 | BSE NSE | Vivro Financial |
| 3. | Asian Granito | 23-9-2021 to 7-10-2021 | 2.25 Cr. Shares (Rs. 224.64 Cr.) | 100 Per Shares (F. V. Rs. 10) | 19 Shares for Every 29 Shares held on 9-9-21 | BSE NSE | BOI Merchant Holani Constl. |
| 4. | RPP Infra Projects | 27-9-2021 to 18-10-2021 | 1.60 Cr. Shares (Rs. 48 Cr.) | 30 Per Shares (F. V. Rs. 10) | 3 Shares for Every 5 Shares held on 20-9-21 | BSE NSE | Inga Ventures |
| 5. | Kesoram Industries | 27-9-2021 to 11-10-2021 | 8.00 Cr. Shares (Rs. 400 Cr.) | 50 Per Shares (F. V. Rs. 10) | 133 Shares for Every 274 Shares held on 17-9-21 | BSE NSE | DAM Capital Advisors Ltd. |
| 6. | Aruna Hotels | 29-9-2021 to 13-10-2021 | 2.49 Cr. Shares (Rs. 24.90 Cr.) | 10 Per Shares (F. V. Rs. 10) | 83 Shares for Every 30 Shares held on 23-7-21 | BSE | Saffron Capital |
| 7. | Bharti Airtel | 5-10-2021 to 21-10-2021 | 39.23 Cr. Shares (Rs. 20,987 Cr.) | 535 Per Shares (F. V. Rs. 5) | 1 Shares for Every 14 Shares held on 28-9-21 | BSE NSE | Axis Bank, BNP, BofA, Citi Group, Golman, HDFC Bank, ICICI Sec., J.P. Morgan, J.M. Fon., Kotak Mah Cap. |

### પ્રાયમરી માર્કેટ

(સેન્ટર પેજનું ચાલુ)

● ***Aditya Birla AMC*** :- ૨૯ સપ્ટેમ્બરે ખુલેલ અને ૧ ઓક્ટોબરે બંધ થયેલ આ આઈપીઓનો ઓફરભાવ ૬૯૫ થી ૭૧૨ હતો. કંપનીની કુલ રૂ. ૨૭૬૮.૨૬ કરોડનું ભંડોળ એકત્ર કરવાની યોજના હતી.

***ભરણું કેટલું ભરાયું ?*** :-તા. ૧ ઓક્ટોબરના ઈસ્યુના અંતિમ દિવસે ઈસ્યુ QIB ક્વોટામાં ૧૦.૩૬ ટાઈમ્સ, NIIમાં ૪.૩૯ ટાઈમ્સ, રીટેઈલમાં ૩.૨૪ ટાઈમ્સ અને અન્યમાં ૧.૬૮ ટાઈમ ભરાતા કુલ ૫.૨૫ ગણો ભરાયો હતો.

● ***એલોટમેન્ટ - રિફંડ*** :-આ આઈપીઓનું એલોટમેન્ટ ૬ ઓક્ટોબરે, રિફંડ ૭ ઓક્ટોબરે અને ખાતામાં શેર ક્રેડિટ ૮ ઓક્ટોબરે આવી શકે ચે. આ ઈસ્યુ રીટેલ કેટેગરીમાં ૩.૨૪ ગણો ભરાયો છે અને એપ્લિકેશન વાઈઝ એલોટમન્ટ રેશિયો ૨.૪૦ થવા જાય છે. રીજેક્શનને બાદ કરવામાં આવે તો પ્રત્યેક એલોટમેન્ટ ૨ થી ૨.૨૫ ના પ્રમાણમાં આવી શકે છે. આમ પ્રત્યેક ૯ અરજદારમાંથી ૪ અરજદારને તથા વધુ રીજેક્શન આવે તો પ્રત્યેક ૨ અરજદારમાંથી ૧ અરજદારને ૨૦ શેર્સ એલોટ થઈ શકે છે.

**Subscription figure of Aditya Birla AMC Main Line IPO**

| | No. Shares Offered/ Reserved | Issue Subscribed 29-9-21 | 30-9-21 | 1-10-21 |
|---|---|---|---|---|
| QIB | 73,87,200 | 0.00x | 0.06x | 10.36x |
| NII | 55,40,400 | 0.14x | 0.40x | 4.39x |
| Retail | 1,29,27,600 | 1.09x | 2.00x | 3.24x |
| Others | 19,44,000 | 0.31x | 0.71x | 1.68x |
| Total | 2,77,99,200 | 0.56x | 1.08x | 5.25x |

● ***લિસ્ટીંગ*** :- આ IPOનું લિસ્ટીંગ ૧૧ ઓક્ટોબરે થઈ શકે છે. વર્તમાન સંજોગોને ધ્યાનમાં લેતા લિસ્ટીંગમાં ખાસ કમાણીની શકયતા નહીવત છે અને લિસ્ટીંગ ૭૨૫ થી ૭૫૦ની આસપાસ થઈ શકે છે. જો બજારનું વલણ નરમ હોય તો શેરનો ભાવ ડિસ્કાઉન્ટમાં જાય તો નવાઈ નહી. બજારના જાણકારોના મતે આ IPO - Axis Capital નો હોવાથી લિસ્ટીંગમાં ભાવ ખેંચી નાંખે તો નવાઈ નહી. ટુંકમાં શેર એલોટ થયા હોય તો તેમાં ધીરજ રાખી હોલ્ડ કરશો તો સારા રીર્ટન મળવાની શકયતા છે.

★ ***ગ્રે માર્કેટમાં પ્રિમિયમભાવ*** :- રૂ. ૬૯૫ થી ૭૧૨ ના પ્રાઈસબેન્ડના આ આઈપીઓના પ્રિમિયમભાવ રૂ. ૫૦ થી શરૂ થયા હતા ત્યારબાદ સેલર સર્કિટમાં આવી જતા હાલમાં ૧૦/૧૨ ની આસપાસની ધારણા મુકાઈ રહી છે. સબ્જેક્ટ ટુમાં રૂ. ૧૧૦ની ધારણા હતી પરંતુ પરંતુ ઈસ્યુ ખુલ્યા બાદ કોઈ કામકાજ થયા ન હતા.

★ ***રાઈટ્સ ઈસ્યુ*** : હાલમાં માર્કેટમાં અડધો ડઝન રાઈટ્સ ઈસ્યુઓ અસ્તિત્વ ધરાવે છે. Bannari Amamn Spinning, Praxis Home Retail, Asian Granito, RPP Infraprojects, Kesoram Industries, Aruna Hotels, Bharti Airtel નો સમાવેશ થાય છે. Bharti Airtel નો હાલમાં રૂ. ૨૧૦૦૦ કરોડનો રાઈટ્સ ઈસ્યુ ૫ ઓક્ટોબરે ખુલી ૨૧ ઓક્ટોબરના રોજ બંધ થશે.

● ***ભારતી એરટેલ*** :-ટેલિકોમ ક્ષેત્રે અગ્રણી આ કંપની ૩૯.૨૩ કરોડ ઈક્વિટી શેર્સના રાઈટ્સ ઈસ્યુ દ્વારા ૨૦૯૮૭ કરોડનું ભંડોળ એકત્ર કરશે. ૫ ઓક્ટોબરના રોજ માર્કેટમાં પ્રવેશી રહેલ છે. શેરનો ઓફરભાવ રૂ. ૫૩૫ રહેશે.

★ ***NCDs ઈસ્યુઓ*** :-ગત સપ્તાહ દરમ્યાન ડેટમાર્કેટમાં ત્રણ એનસીડીએસ ઈસ્યુઓ હયાતી ધરાવતા હતા. આ સપ્તાહે જે ઈસ્યુઓ હયાતી ધરાવે છે તેમાં Indel Money Limited, IIFL Finance Limited, Muthoot Fincorp., KLM Axiva Finvest છે. મુથુટ ફીનકોર્પ તેમજ કેએલએમ એક્સીવા ફિનવેસ્ટની વિગતવાર આ સાથેના અલગ બોક્સમાં દર્શાવેલ છે.

★ ***આગામી મેઈનબોર્ડ આઈપીઓસ***

***Oyo Hotels & Home*** :- હોટેલ-બુકિંગ સ્ટાર્ટઅપ ઓયો હોટેલ્સ એન્ડ હોમ્સે રૂ. ૮,૪૩૦ કરોડ ($ ૧.૧ અબજ) ની પ્રારંભિક જાહેર ઓફર માટે ડ્રાફ્ટ પ્રોસ્પેક્ટસ ફાઈલ કર્યો હતો,

(વધુ વિગત પાના નં. ૧૧ ઉપર)

## Adishakti Loha and Ispat BSE SME IPO

### Opened 30th Sept. & Closes on 5th Oct.

### Offer Price Rs. 11; Listing on BSE SME Platform

### FY20માં કંપનીએ ખોટ નોંધાવી છે એટલુ જ નહીં RONW નેગેટીવ રહેલ છે કંપનીના નિરાશાજનક અને નબળા ટ્રેક રેકોર્ડને ધ્યાનમાં લેતા ઈન્વેસ્ટરોએ આ આક્રમક ભાવના IPOથી દુર રહેવું હિતાવહ

Adishakti Loha and Ispat લોખંડ અને સ્ટીલના વેપાર પર તેના મુખ્ય ધ્યાન સાથે ધાતુઓના વેપારમાં રોકાયેલા છે. કંપની B2B મોડેલ પર કામ કરે છે તે ઓર્ડરના આધારે માલ ખરીદે છે અને કોઈ ઈન્વેન્ટરી જાળવતી નથી કારણ કે માલ સપ્લાયર તરફથી ગ્રાહકોને સીધો જ આપવામાં આવે છે. કંપનીનું ટોપ મેનેજમેન્ટ કેટલાય કોર્પોરેટરો અને અન્ય ગ્રાહકોનો આત્મવિશ્વાસ મેળવે છે. કંપની હાલમાં ગ્રાહકોના પસંદ કરેલા સેટઅપ માટે જ માર્કેટિંગ કરે છે.

**Financial Performance : Consolidated Basis**

| Particulars (Rs. Cr.) | FY19 | FY20 | FY21 |
|---|---|---|---|
| Total Revenue | 0.03 | 10.95 | 1.38 |
| Profit After Tax | 0.02 | -0.02 | 0.003 |
| EPS | 23.84 | -0.45 | 0.11 |
| RONW (%) | 159.21 | -0.72 | 0.11 |

***Issue Details***

- Issue Opens on 30th September & Closes on 5th October
- Object of the issue : To meet the incremental working capital requirements.
- Issue Size : 18,20,000 Eq. Shares (Rs. 2.00 Cr.)
- Face Value Rs. 10 • Offer Price : Rs. 11
- Minumum Lot Size : 10,000 Share • Listing on BSE SME Platform
- BRLM : Turnaround Corp. Advisor Pvt. Ltd.
- Market Maker : NNM Security • Registrar : Bigshare Services Pvt. Ltd.
- Company Management : Pawan Kumar Mittal
- Pre Issue Promoter Holding : 100 % • Post Issue Promoter Hol.: 60.07%
- Issue constitutes : 39.93% of the post issue paid up capital
- Average of last 3 Yrs. EPS Rs. 3.83 & RONW : 26.35%
- Pre IPO Eq. Capital Rs. : 2.74 Cr. • Post IPO equity Capital Rs. 4.56Cr.
- Pre IPO : P/BV Ratio : 1 (NAV : 10.95) (31-3-2021)
- Post Issue : P/BV Ratio : 1 (NAV : 10.97)
- Post IPO asking P/E on fully diluted equity : 1571
- BRLM's Performance : This is 2 Issue from BRLM in last 2 Years. In Last 1 listing : 1 Issue Opened with premium.

### સિક્કાની બીજી બાજુ

- કંપનીના પ્રમોટર્સની શેરદીઠ સરેરાશ પડતર રૂ. ૧૦.૯૯ છે જ્યારે ઓફરભાવ રૂ.૧૧
- કંપનીએ આરંભમાં ઈક્વિટી કેપીટલ ભાવોભાવ ઈસ્યુ કર્યાબાદ જાન્યુ. ૨૦૨૦માં પ્રતિશેર રૂ. ૧૧ ના ભાવે વધારાની ઈક્વિટી ઈસ્યુ કરી.
- આ કંપની હાલમાં માત્ર ટ્રેડીંગના બિઝનેસમાં સક્રિય છે.
- કંપની હાલમાં ખુબજ સ્પર્ધાત્મક સેગ્મેન્ટમાં ઓપરેટ કરી રહી છે.
- કંપની હાલમાં આઈપીઓ દ્વારા પબ્લિકને લગભગ ૪૦ ટકા શેર્સ ઓફર કરી રહી છે જે ૨૫ ટકાના સ્ટાન્ડર્ડ કરતા ખુબજ ઉંચુ પ્રમાણ કહી શકાય.
- કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૨૦માં ખોટ દર્શાવી છે જો કે, કંપનીની આવકનું પ્રમાણમાં ઘણું ઉંચુ જોવાયું છે.

***ભલામણ*** :- નાણાંકીય મોરચે કંપનીની એકંદરે કામગીરી નિરાશાજનક તેમજ નબળી રહી છે. હાલમાં લગભગ ૧૫૮૦ ના પીઈ મલ્ટીપલમાં કંપની શેર ઓફર કરી રહી છે. જે તેના હરિફો કરતા ખૂબજ મોંઘી કહી શકાય. રોકાણકારોએ આ આક્રમક ભાવના ઈસ્યુથી દુર રહેવું.

## Aruna Hotels Limited Rights Issue

### Opened on 29th Sept. & Closes on 13th Oct.

### Offer Price Rs. 10; Listing on BSE

### કંપનીનો ટ્રેક રેકોર્ડ ખુબજ નબળો છે અને મુડી ધોવાઈ ચુકી છે NAV નેગેટીવ છે : આ રાઈટ્સ ઈસ્યુ ભાવોભાવ હોવા છતાંયે શેરધારકોને તેનાથી દુર રહેવું હિતાવહ

ચેન્નઈ ખાતે હેડક્વાર્ટર ધરાવતી અરુણા હોટેલ એક વૈભવી હોટેલ છે. હોટેલમાં એક રેસ્ટોરન્ટ, સ્વિમિંગ પૂલ, બેક્વેટ હોલ, વ્યાયામશાળા અને વ્યાપાર કેન્દ્ર છે. હોટલમાં બે ટાવર છે, જે એકબીજાની બાજુમાં આવેલ છે. હોટેલમાં ૯૧ રૂમ છે. હોટેલમાં આધુનિક સુવિધાઓ છે જેમ કે ઈલેક્ટ્રોનિક સલામત, એલસીડી ટીવી, મીની બાર, પીણાં માટે સંગ્રહ અને પેકેજ્ડ નાસ્તા. મહેમાનો સુપિરિયર અને ડિલક્સ રૂમમાંથી પસંદ કરી શકે છે. હોટલમાં લગ્ન, રિસેપ્શન, જન્મદિવસની પાર્ટીઓ અને અન્ય સામાજિક કાર્યો જેવા અનૌપચારિક કાર્યો કરવા માટેની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.

કંપનીએ મેસર્સ સાથે લીઝ ડીડ અને લાયસન્સ કરાર પણ કર્યા છે. રાંધણ મહાસાગર હોસ્પિટાલિટી એલએલપી, જેમાં તેઓએ ચેન્નઈમાં તેમની મિલકતનો એક ભાગ ભાડે આપ્યો છે અને આ મિલકતમાં રોક શોપ સહિત "હાર્ડ રોક કાફે" ચલાવવાનું લાયસન્સ આપ્યું છે.

**Issue Details**

- Issue Opens on 29rd September & Closes on 13th October

**Financial Performance : Consolidated Basis**

| Particulars (Rs. Cr.) | FY19 | FY20 | FY21 |
|---|---|---|---|
| Total Revenue | 0.83 | 0.10 | 0.33 |
| Profit After Tax | -9.79 | -7.89 | -10.08 |

- Object of the issue : 1. Part repayment or prepayment of unsecured loans availed by the Company from the Promoter Group.
- Issue Size : 2.49 Cr. Shares, Total Rs. 24.90 Cr.
- Face Value Rs. 10 • Issue Price Rs. 10 Per Share
- Market lot : 1 Share ; Listing on BSE
- Terms of payment : Full amount of the Issue Price being Rs. 10/- will be payable on application.
- Entitlement : 83 Rights Equity Shares for every 30 Fully Paid Up Equity Shares held on the record date : 23-7-2021
- Demed Date of Allotment : 21-10-2021
- BRLM : Saffron Capital Advisors Private Limited
- Registrar : Cameo Corporate Services Ltd.
- Pre IPO Equity Capital Rs. 9.00 Cr. • Post IPO Eq. Capital Rs. 33.90 Cr.
- Cum Rights Rs. 26.07 (20-7-2021)
- Ex-Right : Rs. 14.96 (22-7-2021) (High : 20 / Low : 11.40)
- 52 Week High / Low of Rs. 20 / 2.42
- Market Cap : Rs. 58.78 Cr. • CMP : 15.30 (30-9-2021)

**ભલામણ :-** આ એક સતત ખોટ કરતી કંપની છે અને કંપનીની રૂ. ૧૨.૧૦ કરોડની ઈક્વિટી કેપીટલ ક્ષીણ થઈ ચુકી છે એટલુ જ નહીં, રૂ. ૮૭.૪૩ કરોડની ખોટ કેરીફોરવર્ડ થતા આ ઈક્વિટી સંપૂર્ણપર્ણે ધોવાઈ જતા કંપનીએ રૂ. ૮૩.૭૦ કરોડની નેગેટીવ એનએવી નોંધાવી છે. ઉપરાંત કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૨૧ ના પ્રથમ ક્વાર્ટરમાં પણ ૧.૨૮ કરોડની ખોટ નોંધાવી છે. આ ઈસ્યુ ભાવોભાવ ઓફર થયો હોવા ઉપરાંત વર્તમાન બજારભાવ ૭૦ ટકા પ્રિમિયમે હોવા છત્તાં આ રાઈટ્સ ઈસ્યુથી દુર રહેવું હિતાવહ.

## Muthoot Fincorp. NCDs Issue

### Opened on 30th Sept. & Closes on 26th Oct.

### Offer Price Rs. 1000 Per NCD; Listing on BSE

### કંપનીએ FY20માં બોટમલાઈનમાં સેટબેક નોંધાવેલ છે NET NPA વધીને ૧.૦૨ ટકા થઈ છે A+ રેટીંગ્સ અને આકર્ષક કુપન રેટને ધ્યાનમાં લેતા આ ઈસ્યુમાં એપ્લાય કરી શકાય

ત્રિવેન્દ્રમ સ્થિત મુથૂટ ફિક્રોર્પ લિમિટેડ એ નોન બેન્કિંગ ફાયનાન્સ ક્ષેત્રે સંકળાયેલ કંપની છે. કંપની મુખ્યત્વે પર્સનલ અને બિઝનેસ લોન આપવાના વ્યવસાયમાં રોકાયેલી છે જે સોનાના ઘરેણાં અને ઘરેણાં દ્વારા સુરક્ષિત છે. વ્યક્તિઓની ટૂંકા ગાળાની તરલતા જરૂરિયાતોને પહોંચી વળવા માટે ગોલ્ડ લોન ઉત્પાદન વ્યક્તિગત અને વ્યવસાયિક હેતુઓ માટે ઉપલબ્ધ છે. હાલમાં, કંપની ૨૪ રાજ્યોમાં સ્થિત ૩,૬૫૯ શાખાઓ ચલાવે છે, જેમાં કેન્દ્રશાસિત પ્રદેશ આંદામાન અને નિકોબાર ટાપુઓ અને રાષ્ટ્રીય રાજધાની દિલ્હીનો સમાવેશ થાય છે અને તેની કામગીરીમાં ૨૩૩ કરારબદ્ધ નિષ્ણાતો સહિત ૧૬,૮૫૫ કર્મચારીઓને રોજગારી આપે છે.

**Issue Details**

- Issue Opens on 30th September & Closes on 26th October

**Financial Performance : Consolidated Basis**

| Particulars (Rs. Cr.) | FY19 | FY20 | FY21 |
|---|---|---|---|
| Total Revenue | 3353.76 | 3765.99 | 4101.19 |
| Profit After Tax | 372.61 | 257.93 | 397.28 |

- Object of the issue : The company proposes to utilise the funds which are being raised through the Issue
- Base Issue Size : 200 Cr. • Shelf Size : 200 Cr. • Total Size Rs. 400 Cr.
- Face Value Rs. 1000 Per NCD
- Listing : BSE • Issue Price : Rs. 1000 per NCDs
- Minimum lot Size : 10 NCD Share
- Minimum Amount Rs. 10,000 & In multiple of 1 NCDs
- BRLM : SMC Capital
- Trustee : Vardhman Trusteeship Pvt. Ltd.
- Registrar : Integrated Registry Management Services Pvt. Ltd.
- Rating : CRISIL A+/Stable by CRISII Rating
- Tenure : 27, 38, 60, 72 and 87 Months.
- Payment : Montly & Cumulative
- Coupon Rate : 8.25% to 9.75% depending on the various option applied.
- Debt - Equity Ratio : 7.38 will stand enhanced to 7.51
- Category : Institutation : 5%, Non Institutation : 40%, Retail : 55%

**નોંધ :** જુલાઈ ૨૦૧૪ પછી મુથુટ ફીનકોર્પ તે ડેબ્ટ માર્કેટમાં ૧૧ મી NCDsઓફર સાથે પ્રવેશી રહી છે. આ કંપનીનો લાસ્ટ NCDs ઈસ્યુ એપ્રિલ ૨૦૨૧માં માર્કેટમાં આવ્યો હતો અને કુપનરેટ લગભગ એક સરખા રહ્યા છે.

**ભલામણ :-** નાણાંકીય મોરચે કંપનીએ FY20 માં બોટમલાઈનમાં ઘટાડો નોંધાવ્યો હતો. ઉપરાંત NPA ૩૧ માર્ચ ૨૦૨૧ ના રોજ પાછલા સમાનગાળાની ૦.૬૨ ટકાથી વધીને ૧.૦૨ ટકા થઈ છે. આ ઈસ્યુના કુપનરેટ આકર્ષક હોવાથી ઈન્વેસ્ટરો રોકાણ કરી શકે.

જે વિશ્વમાં ધબકતી સ્ટોક રેલી પછી ભારતીય સ્ટોક એક્સચેન્જોમાં લિસ્ટિંગ મેળવવા ટેક્નોલોજી યુનિકોર્ન્સના ધસારામાં જોડાઈ હતી. ફાઈલિંગ મુજબ, સોફટબેંક ગ્રુપ કોર્પોરેશન અને એરબીએનબી ઈક.-સમર્થિત પે ફર્મ નવા શેરના વેચાણ દ્વારા ૭,૦૦૦ કરોડ એકત્ર કરવાની યોજના ધરાવે છે. સ્ટાર્ટઅપનું મૂલ્ય છેલ્લે લગભગ ૯ અબજ ડોલર હતું, સીબી ઈનસાઈટ્સ અનુસાર, તે ભારતનું ત્રીજું સૌથી મૂલ્યવાન સ્ટાર્ટઅપ છે.

**Godavari Bio Refineries :-** આઈપીઓ દ્વારા ભંડોળ એકત્ર કરવા માટે ગોદાવરી બાયોરેફાઈનરીઝે માર્કેટ રેગ્યુલેટર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) પાસે ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (DRHP) દાખલ કર્યો છે. પ્રારંભિક ભરણાં હેઠળ જાહેર ઈશ્યૂમાં ૩૭૦ કરોડના ઈક્વિટી શેરનો તેમજ પ્રમોટરો અને રોકાણકારો દ્વારા ૬૫,૫૮,૨૭૮ ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ (OFS) નો સમાવેશ થશે.

**CMR Green Tech :-** મેટલ રિસાયક્લિંગ કંપની સીએમઆર ગ્રીન ટેક્નોલોજીસે પ્રારંભિક શેર વેચાણ દ્વારા ભંડોળ ઉભુ કરવા માટે સેબીમાં ડ્રાફ્ટ ફાઈલ કરેલ છે. ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (ડીઆરએચપી) અનુસાર, પ્રારંભિક જાહેર ઓફર (આઈપીઓ) માં રૂ. ૩૦૦ કરોડના ઈક્વિટી શેરની નવી રજૂઆત અને પ્રમોટરો અને રોકાણકારો દ્વારા ૩.૩૪ કરોડ શેર વેચવાની ઓફરનો સમાવેશ થાય છે.

**Sahajanand Medical Technologies:-** સહજાનંદ મેડિકલ ટેક્નોલોજીસ, એક મેડિકલ ડિવાઈસ કંપની, માર્કેટ રેગ્યુલેટર સેબી પાસે તેનો ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (DRHP) દાખલ કરેલ છે. કંપની પ્રારંભિક પબ્લિક ઓફરિંગ (IPO) મારફતે રૂ. ૪૧૦.૩૩ કરોડ સુધી અને રૂ. ૧,૦૮૯.૬૭ કરોડ સુધીની કુલ ઓફર (ઓએફએસ) દ્વારા રૂ .૧,૫૦૦ કરોડ એકત્ર કરવાની યોજના ધરાવે છે.

**Lava International :-** ઘરેલું હેન્ડસેટ ઉત્પાદક લાવા ઈન્ટરનેશનલ પ્રારંભિક જાહેર ઓફર (IPO) મારફતે રૂ. ૧,૪૦૦-૧,૫૦૦ કરોડ એકત્ર કરવાની યોજના ધરાવે છે, જેના માટે તેણે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) પાસે ડ્રાફ્ટ પ્રોસ્પેક્ટસ ફાઈલ કર્યો છે, IPO માં ૫૦૦ કરોડ રૂપિયાના ઈક્વિટી શેરનો નવો ઈશ્યૂ અને ૪૩,૭૨૭,૬૦૩ ઈક્વિટી શેરનો ઓફર ફોર સેલ (OFS) ઘટક છે.

**Vari Energy :-** ભારતની સૌથી મોટી ફોટો વોલ્ટેઈક મોડ્યુલ નિર્માતા વેરી એનર્જીઝે પ્રારંભિક જાહેર પ્રદાન (IPO) દ્વારા રૂ. ૧,૩૫૦ કરોડ ઉપાડવા માર્કેટ રેગ્યુલેટર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) પાસે ડ્રાફ્ટ પિંક હેરિંગ પ્રોસ્પેક્ટસ દાખલ કર્યો છે. આ પડકાર પર પ્રમોટરો તરફથી બજારમાં સૂચન પણ હશે.

**Veeda Clinical Research :-** VEEDA ક્લિનિકલ રિસર્ચ આઈપીઓ મારફતે ૮૩૧ કરોડ રૂપિયા એકત્ર કરવા માટે સેબી પાસે ડ્રાફ્ટ પેપર્સ ફાઈલ કરે છે, પ્રારંભિક શેર-વેચાણમાં રૂ ૩૩૧.૬૦ કરોડ સુધીના તાજા ઈક્વિટી શેર અને પ્રમોટરો અને હાલના શેરધારકો દ્વારા રૂ .૫૦૦ કરોડની ઓફર (OFS) ની ઓફર હશે. OFS માં ભાગ લેનારા રોકાણકારોમાં CX વૈકલ્પિક રોકાણ ફંડનો સમાવેશ થાય છે જે કુલ રૂ. ૮.૦૮ કરોડ, અરબેલ ફાઈનાન્સિયલ સર્વિસીસ દ્વારા રૂ. ૯૦.૧૯ કરોડ, બોન્ડવે ઈન્વેસ્ટમેન્ટ ઈક દ્વારા રૂ. ૨૫૯.૭૭ કરોડ, સ્ટીવે ઈન્ટરનેશનલ કોર્પોરેશન દ્વારા રૂ. ૦.૦૪ કરોડ અને બેસિલ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા રૂ. ૧૪૧.૯૩ કરોડનો સમાવેશ થાય છે.

**ECGC :-** સરકાર નાણાકીય વર્ષ ૨૩ માં ઈસીજીસીની પ્રારંભિક જાહેર ઓફર (આઈપીઓ) લોન્ચ કરશે "તેના સાચા મૂલ્યને અનલોક કરવા" અને કંપનીમાં રૂ. ૪,૪૦૦ કરોડની મૂડી નાખશે, જે દેશની નિકાસ ક્રેડિટ વીમા બજારમાં ૮૫% હિસ્સો ધરાવે છે. વિતેલ સપ્તાહે કેબિનેટે પ્રસ્તાવને મંજૂરી આપ્યા બાદ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે જણાવ્યું હતું કે, આ પ્રવાહ ઈસીજીસીની વીમા ક્ષમતામાં રૂ .૮૮,૦૦૦ કરોડનો સુધારો કરશે અને પાંચ વર્ષમાં રૂ. ૫.૨૮ લાખ કરોડની વધારાની નિકાસમાં મદદ કરશે. ★★★

### Subscription figure of IIFL Finance Limited

| Category | No. of Bond Offered/ Reserved | Issue Subscribed 1-10-21 |
|---|---|---|
| Cat. 1 (Inst.) | 1,00,000 | 12.50x |
| Cat. 2 (Non Inst.) | 1,00,000 | 18.97x |
| Cat. 3 (HNI) | 4,00,000 | 2.56x |
| Cat. 4 (Retail) | 4,00,000 | 3.75x |
| Total | 10,00,000 | 5.67x |

### Subscription figure of J. M. Financial Products

| Category (Issue Closed on 1-10-2021) | No. of Bond Offered/ Reserved | Issue Subscribed 1-10-21 |
|---|---|---|
| Cat. 1 (Inst.) | 1,50,000 | 8.33x |
| Cat. 2 (Non Inst.) | 1,50,000 | 0.39x |
| Cat. 3 (HNI) | 3,00,000 | 9.69x |
| Cat. 4 (Retail) | 4,00,000 | 2.06x |
| Total | 10,00,000 | 5.04x |

### Subscription figure of Indel Money Limited

| Category | No. of Bond Offered/ Reserved | Issue Subscribed 1-10-21 |
|---|---|---|
| Cat. 1 (Inst.) | 75,000 | 0.00x |
| Cat. 2 (Non Inst.) | 3,00,000 | 0.71x |
| Cat. 3 (Retail) | 3,75,000 | 0.82x |
| Total | 7,50,000 | 0.70x |

### Subscription figure of Muthoot Fincorp.

| Category | No. of Bond Offered/ Reserved | Issue Subscribed 1-10-21 |
|---|---|---|
| Cat. 1 (Inst.) | 1,00,000 | 0.02x |
| Cat. 2 (Non Inst.) | 8,00,000 | 0.49x |
| Cat. 3 (Retail) | 11,00,000 | 1.03x |
| Total | 20,00,000 | 0.76x |

### Subscription figure of KLM Axiva Finvest

| Category | No. of Bond Offered/ Reserved | Issue Subscribed 1-10-21 |
|---|---|---|
| Cat. 1 (Inst.) | 1,00,000 | 0.00x |
| Cat. 2 (Non Inst.) | 4,00,000 | 0.56x |
| Cat. 3 (Retail) | 5,00,000 | 0.27x |
| Total | 10,00,000 | 0.36x |

## CWD Limited

### Opened 30th Sept. & Closes on 5th Oct.

### Offer Price Rs. 180; Listing on BSE SME Platform

### કંપનીએ સ્ટેન્ડ એલોન બેઝિસ ઉપર ખૂબજ નબળી કામગીરી નોંધાવી છે વેલ્યુએશનના મોરચે IPOનો ઓફરભાવ ખૂબજ આક્રમક હોવાથી તેનાથી દુર રહેવું

CWD એક ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (ICT) આધારિત કંપની છે જે સંકલિત સોલ્યુશન્સની ડિઝાઈન, વિકાસ, ઉત્પાદન અને વેચાણ કરે છે. CWD વિકસિત ઉત્પાદનો વાયરલેસ ટેકનોલોજી પર ધ્યાન કેન્દ્રિત કરે છે જ્યાં એનએફસી, બ્લૂટૂથ બીએલઈ, વાઈફાઈ, ઝિગબી જેવી ટૂંકી-રેન્જ રેડિયો ટેકનોલોજી પર ધ્યાન કેન્દ્રિત કરે છે; LORA જેવી મિડ-રેન્જ સિસ્ટમ્સ અથવા 5G LTE, NB-IOT, LTE CAT જેવી લાંબા અંતરની કમ્યુનિકેશન સિસ્ટમ્સ. તેની ઓફરને મુખ્યત્વે સ્માર્ટ કનેક્ટિવિટી મોડ્યુલ્સ, કનેક્ટેડ પ્રોડક્ટ્સ, ઈલેક્ટ્રોનિક્સ ડિઝાઈન, પ્રોડક્ટ ડિઝાઈન અને સોફટવેર ડિઝાઈનમાં વિભાજિત કરી શકાય છે. સીડબ્લ્યુડી વૈશ્વિક સોર્સિંગ, મેન્યુફેક્ચરિંગ, ગુણવત્તા પરીક્ષણ, પેકેજિંગ અને લોજિસ્ટિક્સ સુધીની ક્ષમતાઓ સાથે એન્ડ-ટુ-એન્ડ ઈન્ટિગ્રેટેડ સોલ્યુશન પ્રદાતા અને મૂળ સાધનો ઉત્પાદકો છે. કંપનીનું આર એન્ડ ડી પર મજબૂત ધ્યાન છે અને કંપનીના ઉત્પાદિત ઉત્પાદનો વૈશ્વિક સ્તરે એવા ગ્રાહકોને વેચવામાં આવે છે જે બદલામાં આ ઉત્પાદનોને પોતાની બ્રાન્ડ હેઠળ વહેંચે છે.

The company has 3 subsidiaries namely CWD Manufacturing Pvt. Ltd., and Global Private Limited SDG in Mumbai, and CWD Innovations HK Limited in Hong Kong.

**Issue Details**

- Issue Opens on 30th September & Closes on 5th October
- Object of the issue : Security deposit towards acquisition of registered office on a long term lease basis. and working capital requirements.

**Financial Performance : Consolidated Basis**

| Particulars (Rs. Cr.) | FY19 | FY20 | FY21 |
|---|---|---|---|
| Total Revenue | -- | 3.03 | 3.41 |
| Profit After Tax | -- | 0.51 | 1.42 |
| EPS | -123.75 | 8.97 | 4.12 |
| RONW (%) | -17.11 | -10.53 | -106.5 |

- Issue Size : 10,00,800 Eq. Shares (Rs. 18.01Cr.)
- Face Value Rs. 10 • Offer Price : Rs. 180
- Minumum Lot Size : 600 Share • Listing on BSE SME Platform
- BRLM : Aryman Fin. Services Ltd.
- Market Maker : Mr. Yaman Capital Market • Registrar : KFintech
- Company Management : Mr. S.Siddhartha Xavier and Mr. Tejas Kothari
- Pre Issue Promoter Holding : 100 % • Post Issue Promoter Hol.: 72.29%
- Issue constitutes : 27.71% of the post issue paid up capital
- Average of last 3 Yrs. EPS Rs. -15.58 & RONW : 46.90%
- Consolidated : EPS 11.28, RONW : 32.74
- Pre IPO Eq. Capital Rs. : 2.76 Cr. • Post IPO equity Capital Rs. 3.61 Cr.
- Pre IPO : P/BV Ratio : 30.98 (NAV : 5.81)
- Post Issue : P/BV Ratio : 3.84 (NAV : 46.85)
- Post IPO asking P/E on fully diluted equity : 45.80
- BRLM's Performance : This is 15 Issue from BRLM in last 3 Years. In Last 10 listing : 9 Issue Opened with premium & 1 Issue opened with Discount.

### સિક્કાની બીજી બાજુ

- પ્રમોટર્સની શેરદીઠ સરેરાશ પડતર રૂ. ૨.૩૪ અને ૧૭.૭૫ શેરદીઠ જોવાઈ રહી છે. ઓફરભાવ રૂ. ૧૮૦ છે.
- કંપનીએ આરંભમાં ઈક્વિટી કેપીટલ ભાવોભાવ ઈસ્યુ કર્યા બાદ રૂ. ૧૦ ની અને રૂ. ૭૫ ના ભાવે રાઈટ્સ શેર જાન્યુઆરી ૨૦૨૦ અને એપ્રિલ ૨૦માં અનુક્રમે ઈસ્યુ કર્યા હતા.
- આ ઉપરાંત કંપની ઓક્ટોબર ૨૦ માં ૩૨૮:૬ ના પ્રમાણમાં બોનસ શેર ઈસ્યુ કર્યા છે.
- કંપનીની ઈક્વિટી ખુબજ નાની હોવાથી ઈસ્યુ બાદ મેઈનબોર્ડમાં માઈગ્રેટ થવામાં લાંબો સમય નિકળી શકે છે.

**ભલામણ :-** કંપની સ્ટેન્ડ એલોન બેઝિસ ઉપર ખુબજ નબળી કામગીરી નોંધાવી છે. કોન્સોલીડેટ બેઝિસ ઉપર નાણાંકીય વર્ષ ૨૦૨૧ ની બોટમ લાઈનમાં નોંધાવેલ ઉંચી છલાંગ આશ્ચર્યજનક છે. વેલ્યુએશનના મોરચે P/BV ૩.૮૫ અને PE ૪૮ ને ધ્યાને લેતા આ આક્રમક ભાવની ઓફર છે. રોકાણકારોએ આ મોંઘાભાવના IPOથી દુર રહેવું હિતાવહ છે.

## Expert's Eye

(પાના નં. ૧૬ નું ચાલુ)

પ્રોફિટ બુકિંગના દબાણે અન્ડર પરફોર્મ હતા. એફઆઈઆઈ નેટ સેલર અને ડીઆઈઆઈ નેટ બાયર હતા.

મંગળવારે માર્કેટ પોઝિટિવ નોટ સાથે ખુલ્યું અને પ્રારંભિક કલાકોમાં ભારે ઘટાડા બાદ રેડમાં બંધ રહ્યું. સેન્સેક્સ ૪૧૦.૨૮ ઘટી ૫૯,૬૬૭.૬૦ જ્યારે નિફ્ટી પણ ૧૦૬.૫૦ પોઈન્ટ ઘટી ૧૭,૭૪૮.૬૦ ના લેવલે બંધ રહ્યા હતા. આમ સેન્સેક્સે ૬૦,૦૦૦ નું લેવલ તોડી બંધ રહ્યો. ગ્લોબલ માર્કેટમાં ક્રૂડ અને ગેસના ભાવો વધતાં માર્કેટ સેન્ટિમેન્ટ વેચવાલ રહ્યું હતું. જ્યારે ઓઈલ, ગેસ કાઉન્ટરમાં ઉછાલો અને બેન્કિંગ, આઈટી કાઉન્ટરો તૂટ્યા હતા. જોકે મિડકેપ ઈન્ડેક્સ અન્ડર પરફોર્મ અને સ્મોલકેપ ઈન્ડેક્સ બેન્ચમાર્ક કરતાં આઉટ પરફોર્મ રહ્યા હતા. માર્કેટ બ્રેડ્થ નેગેટિવ રહેવા સાથે એફઆઈઆઈ નેટ સેલર અને ડીઆઈઆી નેટ બાયર હતા.

બુધુવારે માર્કેટ નેગેટિવ ઓપનિંગ બાદ બંને તરફી મૂવમેન્ટે બેન્ચમાર્ક અંતે સતત બીજા સેશનમાં રેડમાં બંધ રહ્યા હતા. સેન્સેક્સ ૨૫૪.૩૩ પોઈન્ટ ઘટી ૫૯,૧૪૩.૨૭ અને નિફ્ટી ૩૭.૩૦ પોઈન્ટના ઘટાડે ૧૭,૭૧૧.૩૦ પોઈન્ટે બંધ રહ્યા હતા. પાવર, ઓઈલ, ગેસ, મેટલ કાઉન્ટરો વધ્યા હતા. પરંતુ બેન્કિંગ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ઓટો કાઉન્ટરો ગગડતા જનરલ આઉટ પરફોર્મ અને સ્મોલકેપ અન્ડર પરફોર્મ રહ્યા હતા. માર્કેટ બ્રેડ્થ પોઝિટિવ રહેવા સાથે એફઆઈઆઈ નેટ સેલર અને ડીઆઈઆઈ બાયર રહ્યા હતા.

ગુરૂવારે સાવચેતી સાથે બજાર પોઝિટિવ

## Nifty & Sensex Movement during the last week

| BSE - Sensex | Open | High | Low | Close | Diff |
|---|---|---|---|---|---|
| 27-09-2021 | 60,303.79 | 60,412.32 | 59,887.19 | 60,077.88 | 29.41 |
| 28-09-2021 | 60,285.89 | 60,288.44 | 59,045.53 | 59,667.60 | -410.28 |
| 29-09-2021 | 59,296.54 | 59,678.66 | 59,111.41 | 59,413.27 | -254.33 |
| 30-09-2021 | 59,549.57 | 59,557.24 | 59,019.28 | 59,126.36 | -286.91 |
| 01-10-2021 | 58,889.77 | 58,890.08 | 58,551.14 | 58,765.58 | -360.78 |
| | | Net | Weekly | Loss | -1,282.89 |

| NSE | Open | High | Low | Close | Diff |
|---|---|---|---|---|---|
| 27-Sep-21 | 17932.2 | 17943.5 | 17802.9 | 17855.1 | 1.9 |
| 28-Sep-21 | 17906.45 | 17912.85 | 17576.1 | 17748.6 | -106.5 |
| 29-Sep-21 | 17657.95 | 17781.75 | 17608.15 | 17711.3 | -37.3 |
| 30-Sep-21 | 17718.9 | 17742.15 | 17585.35 | 17618.15 | -93.15 |
| 01-Oct-21 | 17531.9 | 17557.15 | 17452.9 | 17532.05 | -86.1 |
| | | Net | Weekly | Loss | -321.15 |

ખૂલ્યું. બેન્ચમાર્ક બંને તરફી મૂવમેન્ટ બાદ અંતે ઘટાડા સાથે રેડમાં બંધ રહ્યા. આમ માર્કેટે ઘટાડાની હેટ્રીક લગાવી. બીએસઈ સેન્સેક્સ ૨૮૬.૯૧ પોઈન્ટ ઘટી ૫૯,૧૨૬.૩૬ જ્યારે નિફ્ટી ૯૩.૧૫ પોઈન્ટ ઘટી ૧૭,૬૧૮.૧૫ના લેવલે બંધ રહ્યા. ડેરિવેટિવ્સ એક્સપાયરીના પગલે બેન્કિંગ, ઓટો, આઈટી કાઉન્ટરોમાં ઓવરહીટેડ કાઉન્ટરોમાં ભારે નફારૂપી વેચવાલી જોવા મળી હતી અને આઈટી કાઉન્ટરો પાછળ મેટલ કાઉન્ટરો પણ ગગડ્યા હતા. જ્યારે રિયાલ્ટી કાઉન્ટરોમાં સતત ખરીદી જોવાઈ હતી. બેન્ચ માર્કની સરખામણીએ મિડ-સ્મોલ બંને ઈન્ડેક્સ આઉટ પરફોર્મ રહ્યા હતા. માર્કેટ બ્રેડ્થ પોઝિટિવ રહેવા છતાં એફઆઈઆઈ નેટ સેલર જ્યારે ડીઆઈઆઈ નેટ બાયર હતા.

શુક્રવારે માર્કેટ નેગેટિવ નોટ સાથે ખુલ્યું અને રેડમાં ટ્રેડ થઈ અંતે ભારે નુકસાન સાથે બંધ રહ્યું. સેન્સેક્સ ૩૬૦.૭૮ પોઈન્ટ તૂટી ૫૮,૭૬૫.૫૮ જ્યારે નિફ્ટી પણ ૮૬.૧૦ પોઈન્ટ ઘટી ૧૭,૫૩૨.૦૫ ની સપાટીએ બંધ રહ્યો હતો. આમ સેન્સેક્સ ૫૯,૦૦૦ નું લેવલ ગુમાવ્યું હતું જ્યારે નિફ્ટી ૧૭,૦૫૦ થી બંધ રહેવામાં સફળ રહ્યો હતો. આ સતત ચોથું નેગેટિવ સેશન હતું. નબળા ગ્લોબલ ટ્રેન્ડને પગલે સૂચકાંકો સતત ઘટતા રહ્યા હતા. માર્કેટ બ્રેડ્થ પોઝિટિવ રહેવા સાથે એફઆઈઆઈ ટોકનમાં નેટ બાયર અને ડીઆઈઆઈ નેટ સેલર હતા.

ડોલર સામે રૂપિયો સતત નબળો પડી રૂા. ૭૪.૧૦ના લેવલે ટ્રેડ થયો હતો. જ્યારે બ્રેન્ટ ક્રૂડ બેરલ દીઠ ૭૮.૫૫ ડોલરના લેવલે ટ્રેડ થયું હતું. આમ આગામી વીક લોકલ માર્કેટમાં પેટ્રોલ, ડીઝલના ભાવો વધવાની શક્યતા છે. આગામી વીકે ૩૦ કંપનીઓની જુદા જુદા હેતુ હેઠળ બોર્ડ મીટિંગ મળવાની છે.

આ ઉપરાંત ચોમાસાનો અંતિમ સ્પેલ, અને સપ્ટેમ્બરની સિમેન્ટ, ઓટો સેક્ટરના ડિસ્પેચ ડેટા પર માર્કેટનો રડારમાં છે. સાથે ગ્લોબલ સેન્ટિમેન્ટ પણ આપણા માર્કેટને રાબેતા મુજબ અસર કરશે. પ્રથમ અર્ધવાર્ષિક ગાળાની રીઝલ્ટની સિઝનનો અંત આગામી વીક આવશે ત્યારે માર્કેટ ફરી સ્ટોક સ્પેસિફીક મોડમાં રહેશે. ઉપરોક્ત સિનેરિયોને જોતાં આગામી વીક સેન્સેક્સ ૬૦,૫૦૦ થી ૫૭,૦૦૦ અને નિફ્ટી ૧૮,૦૫૦ થી ૧૬,૭૫૦ ની રેન્જમાં ટ્રેડ થઈ શકે છે.

**DISCLAIMER** : No financial information whatsoever published anywhere here should be construed as an offer to buy or sell securities, or as advice to do so in any way whatsoever. All matter published here is purely for educational and information purposes only and under no circumstances should be used for making investment decisions. Readers must consult a qualified financial advisor before making any actual investment decisions, based on information published here. Any reader taking decisions based on any information published here does so entirely at its own risk. Investors should bear in mind that any investment in stock markets is subject to unpredictable market-related risks. The above information is based on RHP and other documents available as of date coupled with market perception. The author has no plans to invest in this offer.

(SEBI registered Research Analyst-Mumbai).

## Stock Wave

(પાના નં. ૧૬ નું ચાલુ)

ધોરણે ઓવરબોટથી ન્યુટ્રલ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૬૬ ઉપર ૬૮, ૭૦, ૭૨ સુધીની શકયતા. નીચામાં ૬૦ સપોર્ટ ગણાય.

***Indian Bank (૧૪૧.૮૦) :-*** ૧૨૪ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક ધોરણે ઓવરબોટ તરફ, અઠવાડીક ધોરણે ન્યુટ્રલ તેમજ માસીક ધોરણે ઓવરબોટથી ન્યુટ્રલ તરફની પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૧૪૨ ઉપર ૧૪૪ કુદાવે તો, ૧૫૫ મહત્વની સપાટી ગણાય. નીચામાં ૧૩૪ નીચે ૧૩૨ સપોર્ટ ગણાય. ૧૫૫ ઉપર સંગીન સુધારો જોવાય.

***L&T Finance (૮૯.૬૫) :-*** ૮૧.૨૫ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક અને અઠવાડીક ધોરણે ઓવરબોટ તેમજ માસીક ધોરણે ઓવરસોલ્ડ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૯૨ ઉપર ૯૬, ૧૦૧ સુધીની શકયતા. નીચામાં ૮૬ નો સપોર્ટ ગણાય.

***Berger Paints (૮૧૦.૪૦) :-*** ૮૫૩ ના ટોપથી નરમાઈ તરફી છે. દૈનિક ધોરણે ઓવરસોલ્ડ, અઠવાડીક તેમજ માસીક ધોરણે ઓવરબોટથી ન્યુટ્રલ તરફની પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૮૨૩ પ્રતિકારક સપાટી ગણાય. નીચામાં ૭૯૫ નીચે ૭૮૩, ૭૭૫ સુધીની શકયતા.

***Reliance Indsutries (૨૫૨૩.૭૦) :-*** ૨૩૬૬ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક, અઠવાડીક તેમજ માસીક ધોરણે ઓવરબોટ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૨૫૬૩ ઉપર ૨૫૭૦ કુદાવે તો, ૨૫૯૭, ૨૬૩૦, ૨૬૫૦ સુધીની શકયતા. નીચામાં ૨૪૯૫ નીચે ૨૪૭૭ સપોર્ટ ગણાય.

***(ડિસક્લેમર : ઉપરોક્ત અભિપ્રાય ટેકનીકલ એનાલીસીસ આધારીત છે. એમાં લેખકનું કોઈ જ અંગત હિત નથી)***

## Dark Horse (Continued from page 1)

### AGARWAL INDUSTRIAL CORPORATION
### (531921 & NSE) (339) (Face Value Rs.10)

કંપની ડામર અને ડામરના પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરે છે. કંપની ડામરના પ્રોડક્ટ્સની આયાત પણ કરે છે અને આયાત થયેલ ડામરને રાખવા માટે કંપની પાસે બેલગામ, હલ્દીયા, ડીઘી,હઝીરા ખાતે સ્ટોરેજ સ્પેસ પણ છે. કંપની ૬ મેન્યુફેક્ચરિંગ ફેસીલીટી ધરાવે છે જયારે ટોટલ ૭ સ્ટોરેજ ફેસીલીટી ધરાવે છે જેની ટોટલ ક્ષમતા ૩૦૦૦૦ એમટી છે. કંપની પોતાના ૫ સ્પેશીયલાઈઝ વેસલ્સ ધરાવે છે અને ૬૫૦ થી વધારે ટ્રાન્સપોર્ટેશન વેહીકલ્સ ધરાવે છે.

કંપનીની ઈક્વિટી માત્ર રૂ.૧૦.૨૬ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૧૮૫.૮૫ કરોડનું જંગી રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટર્સ ૬૦.૧૧ ટકા સ્ટેક ધરાવે છે. જુન ક્વાર્ટરમાં કંપનીનો નફો ૨૭૬.૭૫ ટકા વધીને રૂ.૧૫.૦૭ કરોડ થયો છે જયારે વેચાણ ૧૭૬.૬૬ ટકા વધીને રૂ.૪૦૭.૯૪ કરોડ થયું છે. કંપનીએ જુન ક્વાર્ટરમાં રૂ.૧૨.૭૫ની ઈપીએસ હાંસલ કરી છે. વર્તમાન ભાવે સ્ટોક માત્ર ૭ના સાવજ નીચા પીઈથી ક્વોટ થઇ રહ્યો છે. શેરનો ઓલટાઈમ હાઈ ભાવ રૂ.૭૯૧ હતો જે મે ૨૦૧૭માં જોવાયો હતો જેની સામે સ્ટોક હાલમાં ૫૭ ટકા નીચે ક્વોટ થઇ રહ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૧ માટે કંપનીએ ૧૮ ટકા ડીવીડન્ડ ચુકવ્યું છે. ***વર્તમાન ભાવે આ સ્ટોક રોકાણ માટે ખુબજ આકર્ષક લાગી રહ્યો છે. રોકાણકારોએ રૂ.૩૦૦ના સ્ટોપ લોસ સાથે મધ્યમથી લાંબાગાળા માટે રોકાણ કરી શકાય.***

### VIVO BIO TECH (511509) (81.9) (F.V. Rs.10)

જેની સામે કંપની પાસે રૂ.૨૭.૬૮ કરોડનું રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટર્સ ૩૯.૮૪ ટકા સ્ટેક ધરાવે છે. જુન ક્વાર્ટરમાં કંપનીએ મજબુત પરિણામો જાહેર કર્યા છે. જુન ક્વાર્ટરમાં કંપનીની આવક ૪૨.૦૮ ટકા વધીને રૂ.૧૩ કરોડ થઇ છે. ઓપરેટીંગ પ્રોફિટ રૂ.૨.૮૮ કરોડથી ૯૭.૫૭ ટકા વધીને રૂ.૫.૬૯ કરોડ થયો છે તો કંપનીનો નેટ પ્રોફિટ રૂ.૦.૯૮ કરોડથી ૨૬.૫૩ ટકા વધીને રૂ.૧.૨૪ કરોડ થયો છે. કંપનીએ જુન ક્વાર્ટરમાં રૂ.૦.૮૭ની ઈપીએસ હાંસલ કરી છે. વર્તમાન ભાવે આ સ્ટોક માત્ર ૧૮.૨ના પીઈથી ક્વોટ થઇ રહ્યો છે. કંપનીએ હાલમાં જ એક અગ્રણી વેક્સીન મેન્યુફેક્ચરિંગ વેન્ડર સાથે લોંગ ટર્મ સપ્લાય કોન્ટ્રાક્ટ કર્યો છે જેના થકી કંપનીને આવનાર ત્રણ વર્ષ સુધી પ્રતિ વર્ષ ૨૦ કરોડ થી ૩૦ કરોડની આવક થઇ શકે છે.

***વર્તમાન ભાવે પણ આ સ્ટોક રોકાણ માટે ખુબજ આકર્ષક લાગી રહ્યો છે. રોકાણકારોએ રૂ.૬૭ના સ્ટોપ લોસ સાથે મધ્યમથી લાંબાગાળા માટે રોકાણ કરી શકાય.***

## ન્યુઝ ટ્રેક

## આઝાદીનો અમૃત મહોત્સવ

### સ્વાતંત્ર્ય ચળવળનો ઝળહળતો સિતારો
### સૈયદ અતાઉલ્લા શાહ બુખારી



ભારત દેશની આઝાદીનો અમૃત મહોત્સવ સમગ્ર દેશમાં રંગેચંગે ઉજવાઈ રહ્યો છે. સ્વાતંત્ર્ય ચળવળમાં જુદા જુદા સ્તરે ભાગ લઈને તેને વેગ આપનારા અને દેશને આઝાદી અપાવનારા અનેક નામી-અનામી સ્વાતંત્ર્ય સૈનિકો થઈ ગયા. આ પ્રક્રિયામાં નાત જાત કે ધર્મના ભેદ વગર અસંખ્ય લોકોએ ભાગ લીધો અને પોતાની ક્ષમતા પ્રમાણે પ્રદાન આપ્યું. આવા જ એક સ્વાતંત્ર ચળવળના ઝળહળતા સિતારા હતાં સૈયદ અતાઉલ્લા શાહ બુખારી. આ અઠવાડિયામાં તેમની ૧૨૯મી જન્મ જયંતીની ઉજવણી થઇ રહી છે. સૈયદ અતાઉલ્લા શાહ બુખારીનો જન્મ ૨૩ સપ્ટેમ્બર ૧૮૯૨ના રોજ બિહારના પટનામાં થયો હતો. તેઓ માત્ર આઝાદીના લડવૈયા જ ન હતા, તેમણે ભારતના ભાગલાનો પણ વિરોધ કર્યો હતો. તેઓ એક પ્રખર વક્તા હતા. આઝાદીની ચળવળમાં તેમના ઓજસ્વી ભાષણોથી તેમણે જનચેતનાને ઝંકૃત કરી હતી. માત્ર ૨૨ વર્ષની વયે તેઓ પટનાથી અમૃતસર ગયા અને શિક્ષક તરીકે કારકિર્દી શરૂ કરી.

પ્રારંભથી જ તેઓ બ્રિટિશરોની વિરુદ્ધ વાતાવરણ ખડું કરતા રહ્યા. ખિલાફત ચળવળ દ્વારા તેઓ ૧૯૨૧માં રાષ્ટ્રની આઝાદીની લડાઈ સાથે જોડાયા. તેમણે બ્રિટિશરોને આપખુદશાહી સત્તાધીશો ગણાવ્યા જેનાથી અંગ્રેજોના ભવાં ખેંચાયા હતાં. તેમણે મહાત્મા ગાંધીની સાથે સમગ્ર દેશમાં પ્રવાસ કર્યો અને અંગ્રેજ સરકારની વિરુદ્ધમાં જનજાગૃતિ લાવવાનું કામ કર્યું. તેમણે હિન્દુ મુસ્લિમ એકતાને બળ મળે તેવા પ્રયાસો કર્યા અને આ માટે "મજલીસે-અહરારે-ઈસ્લામ" ની સ્થાપના કરી. ૧૯૨૯માં પંજાબમાં સ્થપાયેલી આ સંસ્થાએ મુસ્લિમોના આધ્યાત્મિક અને સામાજિક વિકાસમાં નોંધપાત્ર પ્રદાન કર્યું. તેઓ તેમના સાથીઓ સાથે સવિનય કાનૂનભંગની ચળવળમાં પણ જોડાયા હતા.

મહમ્મદ અલી ઝીણાએ હાથ ધરેલી ભાગલાવાદી રાજકારણની પ્રવૃત્તિનો તેમણે જબરદસ્ત વિરોધ કર્યો. પોતાના અધ્યાત્મિક જ્ઞાન અને પ્રેરણાદાયી પ્રવચન થકી ભારતમાં મુસ્લિમ લીગની ભાગલાવાદી પ્રવૃત્તિઓનો વિરોધ કર્યો. તેમણે રાષ્ટ્રવાદી રાજકીય ચળવળ "મજલીસે અહરાર" નો પણ પ્રારંભ કર્યો. ૧૯૪૩માં મજલીસે એક ઠરાવ પસાર કરીને દેશના ભાગલાનો વિરોધ કર્યો અને ઝીણાને વિશ્વાસઘાતી ગણાવ્યા હતા.

સૈયદ અતાઉલ્લા માત્ર એક ચળવળકાર જ નહીં પરંતુ એક ઉત્તમ કવિ પણ હતા. તેમના પર્શિયન કાવ્યોના સંગ્રહ "સવાતી-ઉલ-ઈલ્હમ" નું ૧૯૫૬માં તેમનાં પુત્ર સૈયદ અબુઝાર બુખારીએ સંપાદિત કરી પ્રકાશન કર્યું. સૈયદ બુખારી આઝાદી બાદ પોતાના વતન પરત ફર્યા અને સક્રિય રાજકારણથી અલિપ્ત થઈ ગયા. તેમણે બાદમાં પોતાનું ધ્યાન સામાજિક સુધારા પર આપ્યું. તેઓ મહિલા સશક્તિકરણ અને લોકોના આધ્યાત્મિક, સામાજિક વિકાસ માટે કાર્યરત રહ્યા. ૨૧ ઓગસ્ટ ૧૯૬૧ના રોજ આઝાદીની લડાઈનો આ ઝળહળતો સિતારો અસ્ત થયો.

GaneshaSpeaks.com™
accuracy • reliability • trust
FOR ASTROLOGY DIAL 55181*



Senior Astrologer
Dharmesh Joshi
Mob. : 9909941816
E-mail : stockmarket@ganeshaspeaks.com

## જ્યોતિષની દ્રષ્ટિએ શેરબજાર....

દરેક ફળકથનમાં દસ મિનીટનો ગાળો પ્લસ-માઈનસ સમજીને પ્રિડીક્શન સમજવું ફળકથનને આગળના વાક્ય અને સમયની સરખામણીમાં સમજવું.

***૦૪-૧૦-૨૦૨૧ સોમવાર :-*** ૯.૧૫થી ૧૦.૧૫ દરમ્યાન નિફ્ટી ઓવરઓલ અપ સાઇડ જોબીંગ કરે. ૧૦.૧૫થી ૧૧.૩૦ દરમ્યાન નિફ્ટી ડાઉન રહે. ૧૧.૩૦ પછી ઓવરઓલ દર ૧૩ મિનીટ પર ટ્રેન્ડ ચેન્જ થાય, પણ જોબીંગ અપ સાઇડ કરજો.

***૦૫-૧૦-૨૦૨૧ મંગળવાર :-*** ૧૧.૨૧ની આસપાસ નિફ્ટી માં ટેમ્પરરી કરેક્શન આવે. ૧૩.૫૫ની આસપાસ નિફ્ટી માં ટેમ્પરરી અપ જમ્પ આવે. ઉપર જણાવેલ ૨ ટાઈમ ફ્રેમની આસપાસ ટેમ્પરરી પોઝિશન બનાવી શકશો અને, ૧૦.૧૦ની આસપાસ નિફ્ટી સેલ કરો અને ૧૧.૧૧ ની આસપાસ એક્ઝી ટ થઇ જાવ.

***૦૬-૧૦-૨૦૨૧ બુધવાર :-*** ૭ ઓક્ટોબર ૨૦૨૧થી આરંભ થશે અને ૧૫ ઓક્ટોબરના રોજ ધૂમધામથી વિજયાદશમી મનાવવામાં આવશે. ૯.૧૫થી ૧૧.૩૫ દરમ્યાન W શેપ ગ્રાફ જેવો ટાઈમ ફ્રેમ કહી શકાય હવે આપ ડિસાઇડ કરો કે શું કરવું. ૧૧.૩૫થી ૧૩.૨૭ દરમ્યાન બહુ જ બોરીંગ સમય છે. ૧૩.૨૭થી ૧૪.૨૩ દરમ્યાન જમ્પ પણ લગાવે અને પ્રોફિટ બુકિંગ આવે આમાં બંને સાઇડ કામ કરે જે રિસ્કી છે. ૧૪.૨૪થી ૧૫.૩૦ દરમ્યાન અગેઈન મોનોટો નસ/ ફલેટ ટાઇમ ફ્રેમ છે જેમાં કંઇ જ ફાયદો નથી માટે ટી બ્રેક લઇ લો .

***૦૭-૧૦-૨૦૨૧ ગુરુવાર :-*** આજે ઈન્ડેક્ષ બેઝડ અને હેવી વેઈટ મિડ કેપમાં મોમેન્ટમ રહે. ૯.૧૫થી ૧૧.૧૫ દરમ્યાન નિફ્ટી સરફેસની આજુબાજુ કોન્સોલી ડેશન એરિયામાં ટાઈમ પાસ કરે. ૧૧.૧૫થી ૧૩.૫૦ દરમ્યાન સારી વેલ્યુએશન વાળા સ્ટોકમાં બા ઈંગ આવે. ૧૩.૫૦થી ૧૪.૧૦ દરમ્યાન "No Position Zone" કહી શકાય. ૧૪.૧૦થી ૧૫.૩૦ દરમ્યાન નિફ્ટી રેન્જ બાઉન્ડ સાથે અપ ટ્રેન્ડ જાળવી રાખે.

***૦૮-૧૦-૨૦૨૧ શુક્રવાર :-*** નેક્સ્ટ વીકથી માર્કેટમાં ખૂબ જ વોલેટિલિટી વધી જવાની છે એ તૈયારી રાખજો. ૯.૧૫થી ૯.૨૯ દરમ્યાન નિફ્ટી ટાઇમ પાસ કરે. ૯.૩૦થી ૯.૫૭ દરમ્યાન એસ્ટ્રોલોજીકલ જમ્પ ટેમ્પરરી આવે. ૯.૫૮થી ૧૧.૦૭ દરમ્યાન નિફ્ટી સોફ્ડ સાઈડ રહે. ૧૧.૦૮થી ૧૨.૧૭ દરમ્યાન અપ જમ્પ રહે. ૧૨.૧૮થી ૧૩.૨૭ દરમ્યાન નિફ્ટી ટાઇમ પાસ કરે. ૧૩.૨૮થી ૧૫.૩૦ દરમ્યાન નિફ્ટી સર્ચ ફો ર નેક્સ્ટ ટ્રીગર કહી શકાય.

## TECHNICAL TALK -Dhananjay Kadam

TECHNICAL ANALYST, M. 7588622374

***# Nazara Technologies (Rs 2327) :-*** તે ભારત અને અફિકા અને ઉત્તર અમેરિકા જેવા ઉભરતા અને વિકસિત વૈશ્વિક બજારોમાં હાજરી સાથે ભારત આધારિત વૈવિધ્યસભર ગેમિંગ અને સ્પોર્ટ્સ મીડિયા પ્લેટફોર્મ ધરાવે છે અને ઈન્ટરેક્ટિવ ગેમિંગ, ઈ-સ્પોર્ટ્સમાં અગ્રેસરતા ઓફર કરે છે. ૧ ઓક્ટોબર ૨૦૨૧ ના રોજ નોડવિન ગેમિંગ પ્રાઈવેટ લિમિટેડ ('નોડવિન') એટલે કે નાઝારાની મટિરિયલ પેટાકંપનીએ ઓએમએલ એન્ટરટેઈનમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ ('ઓએમએલ') પાસેથી ગેમિંગ વ્યવસાય અને Live IPs નું સંપાદન લગભગ રૂ. ૭૩,૦૦,૦૦,૦૦૦/- નું પૂર્ણ કર્યું છે અને તેમના વ્યવસાયના વિસ્તરણ માટે એક સારા સમાચાર છે.

**Market Cap Rs. 7,086 Cr.**
**52 Week High / Low**
**Rs. 2,415 / 1,412**
**Stock P/E 791**
**Book Value Rs. 216**
**Dividend Yield 0.00 %**
**ROCE 2.82 %**
**ROE 1.55 %**
**Face Value Rs. 4.00**



***ટેકનીકલ :-*** દૈનિક ચાર્ટ પર બુલિશ ફ્લેગ બ્રેકઆઉટ. ૨૫૫૦ રૂપિયાના પ્રાઈસ ટાર્ગેટ માટે ખરીદી અને જાળવી રખાય. સ્ટોપ-લોસ દૈનિક બંધના ધોરણે ૨૨૨૪ રૂપિયા છે. સમયમર્યાદા ૧૧ દિવસ છે.

***# Indian Energy Exchange (Rs 620)*** : પાવર એક્સચેન્જ કંપની છે, જે સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (CERC) દ્વારા પાવર / વીજળીમાં સ્પોટ ટ્રેડિંગ અને નવીકરણ એનર્જી સર્ટિફિકેટ (REC) અને એનર્જી સેવિંગ સર્ટિફિકેટ્સ (ESCerts) ના વેપાર માટે લાઈસન્સ ધરાવે છે. કંપનીની મુખ્ય પ્રવૃત્તિ વીજળીના ભૌતિક વિતરણ માટે વીજળી એકમોમાં વેપાર કરવા માટે સ્વચાલિત પ્લેટફોર્મ અને માળખાકીય સુવિધા પૂરી પાડવાના કાર્ય સાથે સંકળાયેલ છે.

**Market Cap Rs. 18,590 Cr.**
**52 Week High / Low**
**Rs. 667 / 181**
**Stock P/E 79.4**
**Book Value Rs. 17.4**
**Dividend Yield 0.64 %**
**ROCE 59.7 %**
**ROE 46.2 %**
**Face Value Rs. 1.00**



***ટેકનીકલ :-*** દૈનિક ચાર્ટ પર બુલિશ ફ્લેગ બ્રેકઆઉટ. ૮૦૦ રૂપિયાના પ્રાઈસ ટાર્ગેટ માટે ખરીદી અને જાળવી રાખો. જેનો સ્ટોપ-લોસ દૈનિક બંધ ધોરણે રૂ. ૫૯૦ છે. સમયમર્યાદા ૧૬ દિવસ છે.

***# Hatsun Agro Product Ltd (Rs 1,424) :*** હેટસન એગ્રો પ્રોડક્ટ લિમિટેડ ૫ દાયકાઓથી કાર્યરત છે અને ડેરી ક્ષેત્રના ઉત્પાદન અને માર્કેટિંગમાં દૂધ અને દૂધના ઉત્પાદનો, આઈસ્ક્રીમ, વગેરેના સૌથી મોટા ખાનગી ક્ષેત્રના ઉદ્યોગનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તે શ્રી આર.જી. ચંદ્રમોગન દ્વારા સ્થાપિત કરવામાં આવેલ, જેઓ ૩૦ થી વધુ વર્ષોથી ડેરી વ્યવસાયમાં છે. તેની યાત્રા અરુણ આઈસ્ક્રીમથી શરૂ થઈ હતી.

**Market Cap Rs. 30,732 Cr.**
**52 Week High / Low**
**Rs. 1,526 / 567**
**Stock P/E 124**
**Book Value Rs. 47.4**
**Dividend Yield 0.42 %**
**ROCE 19.2 %**
**ROE 25.8 %**
**Face Value Rs. 1.00**



***ટેકનીકલ :-*** દૈનિક ચાર્ટ પર બુલિશ ફ્લેગ બ્રેકઆઉટ. ૧૭૫૦ રૂપિયાના પ્રાઈસ ટાર્ગેટ માટે ખરીદી અને જાળવી રાખો. સ્ટોપ-લોસ ૧૩૭૦ રૂપિયાનો દૈનિક બંધનો આધાર છે. સમયમર્યાદા ૧૬ દિવસ છે.


## REVIEW OF "SMART PLUS NEWS LETTER"

### AMAZING RETURN 18% Return
### SMART GAIN FOR SMART INVESTORS

| Company | Reccom. 27-9-21 | High after Rec. | Ch. (%) | Company | Reccom. 27-9-21 | High after Rec. | Ch. (%) |
|---|---|---|---|---|---|---|---|
| Precision Wire | 238.05 | 241 | 1.24 | HDFC Bank | 1601.35 | 1624 | 1.41 |
| Blue Star | 897 | 910 | 1.45 | HUL | 2748 | 2781 | 1.2 |
| JB. Chemical | 1835 | 1955 | 6.54 | BEML | 1376 | 1432 | 4.07 |
| Polycab | 2409 | 2425 | 0.66 | ITC | 238 | 242 | 1.68 |
| Pidilite | 2449 | 2452 | 0.12 | LUPIN | 926 | 948 | 2.38 |
| Tata Chemicals | 885 | 932 | 5.31 | Axis Bank | 798 | 812 | 1.75 |
| Astral Poly | 2127 | 2160 | 1.55 | Biocon | 360 | 367 | 1.94 |
| Ambika Cotton | 1656 | 1823 | 10.08 | Torrent Power | 496 | 516 | 4.03 |
| MCX | 1657 | 1718 | 3.68 | Tata Motors | 317 | 331 | 4.42 |
| Dixon Techno | 4375 | 4609 | 5.35 | Indian Hotel | 178 | 189 | 6.18 |
| Line India | 2761 | 2801 | 1.45 | A.B. Fashion | 226 | 246 | 8.85 |
| Solar Ind. | 2007.8 | 2117 | 5.44 | A.B. Capital | 115 | 116 | 0.87 |
| United Spirit | 828 | 853 | 3.02 | Indian Bank | 127 | 140 | 10.24 |
| Bajaj Finance | 7793 | 7897 | 1.33 | Canara Bank | 157 | 173 | 10.19 |
| SRF | 11014 | 11285 | 2.46 | RBL Bank | 185 | 190 | 2.7 |
| Praj Ind. | 344 | 349 | 1.45 | Purvankara | 126 | 135 | 7.14 |
| SUN TV | 514 | 528 | 2.72 | RCF | 82 | 85 | 3.66 |
| Gujarat Alkalies | 605 | 672 | 11.07 | GMR Infra | 36 | 38 | 5.56 |
| First Source | 197 | 199 | 1.02 | Bodal Chemical | 108 | 118 | 9.26 |
| Oberoi Realty | 932 | 963 | 3.33 | PNB | 37 | 40 | 8.11 |
| Marico | 557.45 | 566 | 1.53 | IOB | 20 | 22 | 10 |
| GHCL | 419 | 445 | 6.21 | Manali Petro | 106 | 123 | 16.04 |
| Aptech | 310 | 314 | 1.29 | Reliance Infra | 94 | 110 | 17.02 |
| ONGC | 136 | 144 | 5.88 | Everest Kanto | 118 | 122 | 3.39 |

Only Subscribers Will Get SMART PLUS NEWS LETTER on their E-mail Address.

Log on to..... www.smartinvestment.in


## ગાગરમાં...સાગર...

### Q2 માં દેશમાં કુલ એડવાન્સ કલેક્શન ૫૧ ટકા વધીને રૂા. ૧.૭૨ લાખ કરોડ થયું

## Tata Steel 3900%, ONGC 662%, PNB 123% વધુ એડવાન્સ ટેક્સ ભર્યો

## Top-20 કંપનીઓના ટેક્સમાં 47% વધારો

### Reliance, Tata Motors ખોટ કેરી ફોરવર્ડ કરી ટેક્સ ચૂકવ્યો

દેશની ટોચની ૨૦ કંપનીઓએ બીજાં ત્રિમાસિક ગાળામાં ૪૭ ટકા વધારે એડવાન્સ ટેક્સ ચૂકવ્યો છે. સપ્ટેમ્બર-૨૧ના અંતે પૂરાં થતાં ક્વાર્ટરમાં આ ૨૦ કંપનીઓએ કુલ રૂ.૨૭૨૧૦ કરોડ એડવાન્સ ટેક્સ ચૂકવ્યો છે. જે આગલાં વર્ષના રૂ. ૧૮૪૬૨ કરતાં ૪૭ ટકા વધારે છે. તાતા સ્ટીલ અગાઉના વર્ષની સરખામણીમાં ૩૯૦૦ ટકા વધુ એટલે કે રૂ. ૪૦૦૦ કરોડનો એડવાન્સ ટેક્સ ચૂકવવા સાથે ટોચના સ્થાને રહી છે. જ્યારે ઓએનજીસી ૬૬૨ ટકા વધુ એટલેકે રૂ. ૨૨૫૦ કરોડ (રૂ. ૨૯૫ કરોડ) સાથે બીજા ક્રમે રહી છે. ઉલ્લેખનીય છે કે, જુલાઈથી સપ્ટેમ્બર-૨૦૨૧ના બીજા ત્રિમાસિક ગાળા દરમિયાન કુલ એડવાન્સ ટેક્સ કલેક્શન આગલાં વર્ષનાં તેટલાંજ ગાળાની સરખામણીમાં ૫૧ ટકા વધી રૂ. ૧.૭૨ લાખ કરોડ થયું છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને તાતા મોટર્સ જેવી કંપનીઓએ ખોટને કેરી ફોરવર્ડ કરવાના વિકલ્પનો લાભ લઈને સતત,બીજા ક્વાર્ટરમાં એડવાન્સ ટેક્સ ચૂકવ્યો નથી. કોરોના કટોકટી પછી વપરાશ તેમજ પ્રાઈવેટ ઈન્વેસ્ટમેન્ટમાં જંગી વૃદ્ધિના આશાવાદના કારણે ભારતીય અર્થતંત્ર તેમજ કોર્પોરેટ સેક્ટરે વી-શેપ રિકવરી નોંધાવી હોવાનું ઉદ્યોગ અગ્રણીઓ જણાવી રહ્યા છે. બીજા ક્વાર્ટરમાં ૪૫ ટકા ટેક્સ ભરવો જરૂરી: એડવાન્સ ટેક્સ ચૂકવવાની સિસ્ટમ અનુસાર તા. ૧૫ જૂન સુધીમાં ૧૫ ટકા, તા. ૧૫ સપ્ટેમ્બર સુધીમાં ૪૫ ટકા, ૧૫ ડિસેમ્બર સુધીમાં ૭૫ ટકા અને ૧૫ માર્ચ સુધીમાં ૧૦૦ ટકા એડવાન્સ ચૂકવી દેવાનો હોય છે.

### ટોચની કંપનીઓની એડવાન્સ ટેક્સ ચૂકવણી

| કંપની | સપ્ટે.૨૧ | વૃધ્ધિ % |
|---|---|---|
| તાતા સ્ટીલ | ૪૦૦૦ | ૩૯૦૦ % |
| ઓએનજીસી | ૨૨૫૦ | ૬૬૨ % |
| પીએનબી | ૩૧૩ | ૧૨૩.૬૦% |
| કેનરા બેન્ક | ૮૫૦ | ૪૧.૭૦% |
| હીરો મોટો | ૨૫૦ | ૪૧.૨૦% |
| ICICI BK | ૧૬૦૦ | ૩૩.૩૦% |
| TCS | ૨૩૩૦ | ૩૧.૬૦% |
| SBI | ૩૮૩૪ | ૨૮.૮૦% |
| ટેક મહિન્દ્રા | ૪૩૦ | ૨૨ % |
| NTPC | ૯૬૦ | ૨૧ % |
| મારૂતિ સુઝુકી | ૩૪૦ | ૧૩ % |
| LIC | ૩૧૭૧ | ૧૨.૮૦% |
| HUL | ૮૨૨ | ૯.૬ % |
| નેસ્લે | ૧૮૦ | ૨.૯ % |

***RIL, HDFC અને ITCએ એડવાન્સ ટેક્સ ચૂકવ્યો નથી :-*** હેવીવેઈટ્સ કંપનીઓ ગણાતી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, તાતા મોટર્સ, એચડીએફસી અને આઈટીસીએ ચાલુ નાણાકીય વર્ષના બન્ને ત્રિમાસિક ગાળા દરમિયાન એડવાન્સ ટેક્સ ચૂકવ્યો નહી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. આ કંપનીઓએ ખોટ કેરિફોરવર્ડ કરવાની જોગવાઈનો લાભ લીધો હોવાનું મનાય છે.

***ટેલિકોમ અને એવિએશન હજુ પ્રેશરમાં, ટેક્સ ચૂકવવાનું ટાળ્યું :-*** કોરોના ક્રાઈસીસના કારણે ભારે પ્રેશર વચ્ચે રહેલાં એવિએશન અને ટેલિકોમ સેક્ટરની કંપનીઓએ પણ છેલ્લા કેટલાંક ક્વાર્ટરથી કોઈ એડવાન્સ ટેક્સ નહિં ચૂકવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

## પિરામલ ગ્રુપે રૂ. ૩૮૦૦૦ કરોડમાં DHFLનું અધિગ્રહણ પુરુ કર્યું

પીરામલ એન્ટરપ્રાઈઝે સંકટગ્રસ્ત કંપની દીવાન હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (DHFL)ને ૩૮,૦૫૦ કરોડ રૂપિયામાં ખરીદી લીધી છે. પીરામલે તેને આઈબીસીના રસ્તે થનારૂં નાણાકીય ક્ષેત્રનું સફળ સમાધાન ગણાવ્યું છે. ડીલ પ્રમાણે પીરામલ આ માટે ૩૪,૨૫૦ કરોડ રૂપિયાની ચુકવણી કેશ અને નોન કન્વર્ટેબલ ડિબેન્ચરના કોમ્બિનેશન તરીકે કરશે. ત્યાર બાદ બાકીની ચુકવણી તે દેવું ચુકવવામાં કરશે.

ઉલ્લેખનીય છે કે, DHFLના ૯૪ ટકા દેણદારોએ પીરામલની સમાધાન યોજનાના સમર્થનમાં મત આપ્યો હતો. આ માટે પીરામલે RBI, CCI અને NCLTની પણ મંજૂરી મેળવી છે. કંપનીએ જણાવ્યું કે, DHFLના આશરે ૭૦,૦૦૦ દેણદારો છે જેમાંથી આશરે ૪૬ ટકાને આ સમાધાન યોજના દ્વારા તેમની બાકી નીકળતી રકમ મળી જશે. આ ડીલ બાદ પીરામલ કેપિટલ અને હાઉસિંગ ફાઈનાન્સ (PCHFL) અને DHFLનો વિલય કરી દેવામાં આવશે. તેમાં ૧૦૦ ટકા ભાગ પીરામલ એન્ટરપ્રાઈઝનો હશે. વિલય બાદ તે દેશની પ્રમુખ હાઉસિંગ ફાઈનાન્સ કંપની બની જશે. નવી કંપની સસ્તા મકાનોને લોન આપવા પર ભાર મુકશે અને તેના પાસે આશરે ૧૦ લાખ ગ્રાહકો હશે. ઉલ્લેખનીય છે કે, PCHFL હાલ દેશના ૨૪ રાજ્યોમાં કારોબાર કરે છે. તેની ૩૦૧ બ્રાંચ છે જેમાં આશરે ૨,૩૩૮ કર્મચારીઓ કામ કરે છે.


## BUY ANMOL RATNA SCRIP

## BSE & NSE Listed "ANMOL INDIA LTD"

### (BSE Code : 542437) (NSE : ANMOL)

**CMP : Rs. 155 • SHORT TERM TARGET RS.270 • POSITIONAL TARGET RS 340**

### ખરીદો અનમોલ, ટાર્ગેટ કિંમત રૂ. ૨૫૫ ખંભાતા સિક્યોરિટીઝ.

*ખંભાતા સિક્યુરિટીઝે અનમોલ ઈન્ડિયા લિમિટેડ પર મજબૂત ખરીદ કોલ કર્યો છે, તેના તાજેતરના અહેવાલમાં ટાર્ગેટ ભાવ ૨૫૫ રૂપિયા સાથે. કંપનીનો બજારહિસ્સો ૧૯૬ કરોડ રૂપિયા છે.*

એનએસઈ અને બીએસઈ પર લિસ્ટેડ, અનમોલ આયાત કરેલા કોલસાનો જથ્થાબંધ સપ્લાયર છે, જે એન્ડ-ટુ-એન્ડ કોલસા સપ્લાય ચેઈન મેનેજમેન્ટ સોલ્યુશન્સ પૂરા પાડે છે. કંપની ઉચ્ચ જીસીવી કોલસો, યુએસએ કોલસો, ઈન્ડોનેશિયન કોલસો, સાઉદી પેટ કોક અને યુએસએ પેટ કોક સપ્લાય કરવામાં નિષ્ણાત છે, જે ભારતમાં યુએસએ કોલસા બજારનો નોંધપાત્ર ૧૬% હિસ્સો ધરાવે છે. અનમોલનું સંચાલન મોડેલ પ્રાપ્તિ વ્યવસ્થાપન, સ્ટોક હેન્ડલિંગ અને વેચાણની આસપાસ કેન્દ્રિત છે જ્યારે તેનું કોલસા પ્લેટફોર્મ લીડ જનરેટ કરવા, બંધ સોદા કરવા અને હાલના ગ્રાહકોને ખાણ આપવા માટે માલિકીની ટેકનોલોજીનો ઉપયોગ કરે છે.

અનમોલ ઈન્ડિયા લિમિટેડએ નાણાકીય વર્ષ ૨૦-૨૧માં પ્રથમ વખત એક જ નાણાકીય વર્ષમાં ૧ મિલિયન ટન કોલસાનો વેપાર કર્યો હતો. આ વર્ષે, અમારા ભાવિ લક્ષ્યોને અનુરૂપ, અમે પહેલાથી જ યુએસએ કોલસા સિવાય અન્ય પ્રકારના બલ્ક કોલસાની સીધી આયાત શરૂ કરી દીધી છે અને તે પણ સામાન્ય કંડલા/ તુના પોર્ટ કરતા અલગ પોર્ટ પર. અમે આગળ જતા અમારા પોર્ટફોલિયોમાં વધુ કોલસા ઉત્પાદનો ઉમેરવાનો ઈરાદો રાખીએ છીએ. અમે બજારમાં આ નવી પ્રોડક્ટને કોઈપણ અડચણ વગર સફળતાપૂર્વક ખસેડી શક્યા. તે એક ઉત્તમ સપ્લાય ચેઈનનો આભાર છે જે અમે છેલ્લા એક વર્ષમાં યુએસએ કોલસા સાથે આધાર તરીકે બનાવી છે.

અનમોલ પાસે ૧,૦૦૦ થી વધુ મજબૂત ગ્રાહકનો આધાર છે જે દર વર્ષે આશરે ૧૨૦ નવા ગ્રાહકો ઉમેરે છે જ્યારે મોટા ગ્રાહકોની બહુમતી સાથે લાંબા સમયથી સંબંધો ધરાવે છે. કોલસાના જથ્થાબંધ વેપારી, કંપની આંતરરાષ્ટ્રીય બજારમાંથી કોલસાની આયાત ૧ લાખ ટન શિપમેન્ટ દીઠ કરે છે કારણ કે તે ગ્રાહકોના સ્થળોએ ૩૫ ટનના જથ્થામાં આઉટબાઉન્ડ શિપમેન્ટમાં કોલસો પહોંચાડે છે.

★★★

## શ્યોર શોટ્સ

(પાના નં. ૧૬ નું ચાલુ)

જેઆ જે ડાયવર્સિફિકેશન બાદ મ્યુ. ફંડ, હાઉ. ફાયનાન્સ, જનરલ ઈન્સ્યુરન્સ, આઈ.ટી., બીપીઓ તેમજ રીટેલ ડિસ્ટ્રીબ્યુશન જેવી ફાયનાન્સ સર્વિસ પુરી પાડે છે. હાલમાં કંપની નવ સબસ્ડરી કંપની ૮ એસોસીટેડ કંપની તેમજ એક જોઈન્ટ વેન્ચર્સ ધરાવે છે. કંપની હાલમાં ૬૪૦ શાખાઓ, બે લાખથી વધુ ડિપોઝીટ્સ અને કોમર્શિયલ વ્હીકલ્સ અને કાર ફાયનાન્સના ૩ લાખથી વધુ ગ્રાહકો ધરાવે છે. ૧૯૭૨ માં આ કંપનીનો શેર મદ્રાસ સ્ટોક એક્ષ્ચેન્જ ખાતે લિસ્ટેડ થયો હતો. હાલમા આ શેરનું માર્કેટકેપ ૨૫૭૮૦ કરોડનું હતું. ૩૧ માર્ચ ૨૦૨૧ ના રોજ કુલ આવક ૩૯૫૩ કરોડ, નેટ નફો રૂ. ૮૦૯ કરોડ, ઈક્વિટી રૂ. ૧૧૧ કરોડ, ઈપીએસ ૭૨.૮૨ અને કંપનીએ ૧૮૦ ટકા ડિવિડંડ જાહેર કર્યું છે. ૨૦૨૧ ના પુરા થતા ક્વાર્ટરમાં કંપનીએ ૯૫૦ કરોડની આવક ઉપર રૂ. ૧૫૨ કરોડનો નેટ પ્રોફિટ અને ૧૭.૨૪ નો ઈપીએસ નોંધાવ્યો છે. પ્રમોટર્સ સ્ટેક ૩૫.૯૦ ટકા અને બુકવેલ્યુ રૂ. ૭૩૩ છે. કંપનીની ગ્રોસ એનપીએ ૪.૫૯ ટકા, નેટ એનપીએ ૩.૩૮ ટકા છે. એયુએમ ૨૯૮૨૩ કરોડ છે. આ કંપનીને ઈક્રા અને ક્રિસીલ દ્વારા એએએ નું રેટીંગ તેના એનસીડીએસ માટેઆપવામાં આવ્યું છે. આ કંપનીમાં મ્યુ. ફંડ ૬.૮૪ ટકા, એફપીઆઈ ૧૩.૮૪ ટકા સ્ટેક ધરાવે છે. બુકવેલ્યુ રૂ. ૭૩૩ છે. તે જોતા બોનસ કેન્ડીડેટ બની રહેશે. આ અગાઉ વર્ષ ૨૦૦૮ અને ૨૦૧૨ માં ૧:૧ ના પ્રમાણમાં બોનસ શેર આપ્યા છે. પી/બીવી ૩.૧૪ જે હરિફ કંપનીઓની તુલનામાં આકર્ષક કહી શકાય. હાલમાં ૨૩.૫૪ ના પીઈથી ટ્રેડ થતો આ સ્ટોક આગામી ૬ મહિનામાં રૂ. ૨૫૦૦ અને નવ મહિનામાં ૨૭૦૦ની સપાટી ટચ કરતો જોવાય.

***V-Mart Retail (રૂ. ૩૬૫૦.૦૦) (કોડ : ૫૩૪૯૭૬) :-*** રીટેઈલ સેક્ટરમાં મોટા ભાગની કંપનીઓ સારો દેખાવ કરી શકી નથી પણ આ કંપની એવી છે કે જેણે આઈપીઓ બાદ ખુબજ સારો દેખાવ કર્યો હતો અને શેર હોલ્ડરોને પણ સુંદર રીટર્ન આપ્યું છે. બીએસઈ ખાતે બી ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૪૦૭૫.૮૦ અને ઘટીને રૂ.૧૮૭૭.૮૫ જોવાયો છે. કંપની ૧૯ રાજ્યોમાં ૩૬૮ સ્ટોર્સ ધરાવે છે. ખાસ કરીને કંપની નાના શહેરોમાં હાજરી ધરાવે છે. હાલમાં કંપનીએ જુન ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે જેમાં કંપનીની આવક રૂ.૭૮ કરોડથી વધીને રૂ.૧૭૭ કરોડ થઈ છે જ્યારે નુકશાન રૂ.૩૪ કરોડથી ઘટીને રૂ.૨૯ કરોડ થઈ છે. કંપનીની ઈક્વિટી રૂ.૨૦ કરોડ છે અને કંપનીમાં પ્રમોટરો ૪૬.૬૬ ટકા અને પબ્લિક ૫૩.૩૪ ટકા સ્ટેક ધરાવે છે. કંપની રીટેઈલ સેક્ટરમાં ખાસ કરીને ફેશન સેગમેન્ટમાં સક્રિય છે અને આ સેગમેન્ટમાં નાના શહેરોમાં કંપની પોતાની બ્રાન્ડને મજબુત બનાવી ચુકી છે જેના કારણે કંપનીને અન્ય કંપનીઓ જેટલી મુશ્કેલીઓ પડી નથી આ સિવાય કંપનીની ઈક્વિટી ખુબજ નાની છે અને કંપની ઉપર ડેટ બર્ડન ખુબજ ઓછું છે જેના કારણે પણ આ કંપની ખુબજ સારો દેખાવ કરી રહી હતી પણ કોરોનાના લીધે આ સેક્ટરની સ્થિતિ પહેલા થોડી ખરાબ રહી હતી પણ હવે ધીરે ધીરે આ સેક્ટરમાં રીકવરી આવી રહી છે અને ખાસ કરીને હવે ફેસ્ટીવલ સીઝનમાં આ સેક્ટર ખુબજ સારો દેખાવ કરી શકે છે ત્યારે સ્ટોકમાં ઘટાડામાં રોકાણ માટે વિચારી શકાય.

***HUL (રૂ. ૨૭૦૨.૦૦) (કોડ : ૫૦૦૬૯૬) :-*** બીએસઈ ખાતે લિસ્ટેડ આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧ છે. ૫૨ સપ્તાહ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ. ૨૮૫૯ અને ઘટીને રૂ. ૨૦૩૫ જોવાયો છે. ભારતમાં કોરોના મહામારીના કેસ ઘટી રહ્યા છે અને તેને કારણે સરકાર દ્વારા લગાવાયેલા વિવિધ અંકુશો ઝડપથી દુર થઈ રહ્યા છે. દેશભરમાં અલગ અલગ પ્રકારના સ્ટોર હવે લાંબા કલાકો માટે ખુલ્લા પણ રહે ચે અને શોપિંગ મોલ એટલે કે મોડલ ટ્રેડ પણ હવે વધારે કલાકો માટે ખુલ્લા જોવાય છે અને આ પગલાનો ફાયદો દેશની સૌથી મોટી એફએમસીજી કંપની હિન્દુસ્તાન યુનિલીવરને વધારે મળે તે સ્વભાવિક છે. હિન્દુસ્તાન યુનિલીવર દ્વારા ગ્લેક્સો સ્મિથ ક્લાઈન કન્ઝયુમર હેલ્થકેરનો બિઝનેસ હસ્તગત કરવામાં આવ્યો હતો તેનું ઈન્ટીગ્રેશન હવે પુરુ થવામાં આવ્યું છે અને તેનો ફાયદો મળી શકે છે. કાચા માલની કિંમતો અત્યારે એકંદરે સ્થિર છે અને તે પાસાને લીધે નજીકના સમયગાળામાં કંપની ૨૪ થી ૨૫ ટકાનો ઓપરેટિંગ નફાનો માર્જિન હાંસલ કરી શકે તેવી ગણતરી છે જ્યારે બીજી તરફ સાબુમાં વપરાતા પામ ઓઈલ અને ક્રુડની કિંમતોમાં ઉછાળો જોવાયો હતો અને તે પછી પામ ઓઈલના ભાવ નીચે આવતા જાય છે જ્યારે આગલા વર્ષની સરખામણીમાં ચા ની કિંમતો પણ ઘટી છે પરંતુ સામે પક્ષે કંપની દ્વારા ચા ની વેચાણ કિંમતો પણ વધારી દેવાઈ છે અને તેથી નફાનો માર્જિન જળવાઈ શકશે. કંપનીમાં પ્રમોટરો ૬૧.૯૦ ટકા અને પબ્લિક ૩૮.૧૦ ટકા સ્ટેક ધરાવે ચે. કંપનીની ઈક્વિટી રૂ. ૨૩૫ કરોડની છે જ્યારે તેની સામે રૂ. ૪૭૪૩૯ કરોડનું જંગી રિઝર્વ છે. કંપનીના શેરની બુકવેલ્યુ રૂ. ૨૦૨ છે નાણાંકીય વર્ષ ૨૦૨૧માં કંપનીએ રૂ. ૧૨૧૯૪ કરોડનું વેચાણ હાંસલ કર્યું હતું. કંપનીએ રૂ. ૧૨૨૬૦ કરોડની આવક ઉપર રૂ. ૨૧૦૦ કરોડનો નેટ નફો નોંધાવ્યો છે જેની સામે ગત વર્ષના સમાનગાળામાં રૂ. ૧૦૮૮૫ કરોડની ટોટલ આવક ઉપર રૂ. ૧૮૯૭ કરોડનો નેટ નફો નોંધાવ્યો હતો. અત્યારનો ટ્રેન્ડ જોતા ચાલુ વર્ષના વેચાણો રૂ. ૪૬૦૦૦ કરોડથી વધીને રૂ. ૫૦૭૫૦ કરોડ અને ઓપરેટિંગ નફો રૂ. ૧૧૩૨૦ કરોડથી વધીને રૂ. ૧૨૮૨૦ કરોડ થવાનો અંદાજ છે.

***Jay Bharat Maruti (રૂ. ૨૦૩.૦૦) (કોડ : ૫૨૦૦૬૬) :-*** જય ભારત મારુતિ એક ઓટો એન્સીલરી કંપની છે જે અને મારુતિ સુઝુકી સાથે કોલોબ્રેશનની અસ્તિત્વમાં આવી છે. આ કંપની ખાસ કરીને એક્ઝોસ્ટ સીસ્ટમ, ફ્યુલ ફિલ્ટર, સસ્પેન્શન પાર્ટ્સનું ઉત્પાદન કરે છે અને કંપનીના પ્લાન્ટ્સ હરિયાણામાં ગુડગાવ, બવાલ અને માનેસર ખાતે આવેલા છે તો ગુજરાતમાં પણ કંપનીનો પ્લાન્ટ આવેલો છે. બીએસઈ ખાતે બી ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૫ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૨૬૯ અને ઘટીને રૂ.૯૮.૭૫ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૮૮૨ કરોડ છે. કંપનીમાં પ્રમોટર્સ ૫૯.૩૫ ટકા, એફઆઈઆઈ ૩.૫૦ ટકા અને પબ્લિક ૩૬.૪૮ ટકા સ્ટેક ધરાવે છે. કંપનીની ઈક્વિટી રૂ.૧૧ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૪૩૯ કરોડનું રીઝર્વ છે. જુન ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ.૭૦.૨૨ કરોડથી વધીને રૂ.૪૧૧.૫૫ કરોડ થઈ છે જ્યારે નફો રૂ.૨.૯૬ કરોડ રહ્યો છે જે ગત વર્ષે જુન ક્વાર્ટરમાં રૂ.૨૦.૬૧ કરોડની નુકશાની હતી. નાણાકીય વર્ષ ૨૦૨૧માં કંપનીએ રૂ.૧૪૯૯ કરોડના વેચાણ ઉપર રૂ.૨૬ કરોડનો નફો હાંસલ કર્યો હતો. કંપની છેલ્લા ૪ ક્વાર્ટરથી સારો દેખાવ કરી રહી છે અને જે રીતે ઓટો સેક્ટરમાં રીવાઈવલ જોવા મળ્યું છે એનો ફાયદો આ કંપનીને મળી શકે છે. કંપનીએ થોડા મહિના પહેલા જ ૧ શેર ઉપર ૧ બોનસ શેર આપ્યો હતો અને નાણાકીય વર્ષ ૨૦૨૧ માટે ૨૫ ટકા ડીવીડન્ડ પણ ચુકવ્યું છે. લોંગ ટર્મ એન્ગલથી સ્ટોકમાં રોકાણ કરી શકાય.

***Disclosures*** as per SECURITIES AND EXCCHANGE BOARD OF INDIA (Research Analysts) Regulation, 2014; • I and / or my clients may have investment in this stocks • I/My family have no financial interest or beneficial interest of more than 1% in the company whose stocks I am recommending • Stop loss is useful for Short / Medium Term investor Only • Smart Investment will not be responsible / liable for any loss arising out of investment based on tis advices • Past performance may or may not be substainedin future " ***(Dilip K. Shah) Research Analyst : SEBI Regn No. : INH000002152***

## Smart Tips

(પાના નં. ૧૬ નું ચાલુ)

***J.K. Paper (રૂ. ૨૨૭.૦૦) (કોડ : ૫૩૨૧૬૨) :-*** એ ગ્રુપની આ કંપની પેપર અને પેપર પ્રોડક્ટસ ક્ષેત્રે કાર્યરત છે. શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧૦છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૨૮૪ અને ઘટીને રૂ. ૮૬ જોવાયો છે. જે.કે. ગ્રુપની આ કંપની ઓફિસ પેપર, પેરકેજીંગ બોર્ડસ પ્રિન્ટીંગ અને રાઈટીંગ પેપર તેમજ સ્પેશ્યાલીટી પેપરનું ઉત્પાદન કરે છે. કંપની બે પ્લાન્ટ ધરાવે છે તેની ઉત્પાદન ક્ષમતા ૪૫૦૦૦ ટીપીએ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સીંગલ યુઝ પ્લાસ્ટીક ઉપર બાન મુકતા તેનો સીધો લાભ પેપર સેક્ટરની તમામ કંપનીઓને મળતા શેરમાં ઉછાળો જોવા મળ્યો હતો. કંપની દેશના ચાર ઝોનમાં ૧૮ ડેપો, ૪૦૦૦ થી પણ વધુ ડિલર્સ તેમજ ૨૩૦ જેટલા સ્ટોર્સ ધરાવે છે. આ કંપની યુ.એસ., યુ.કે. તેમજ પાડોશી દેશો સહિત ૬૦ દેશોમાં નિકાસ કરે છે. કંપનીએ તેલંગાણા સિરપુરનો પ્લાન્ટ રૂ. ૩૭૫ કરોડમાં ટેકઓવર કર્યોછે. માર્કેટકેપ રૂ. ૩૮૮૪ કરોડ, બુકવેલ્યુ રૂ. ૧૪૬.૯૮ છે. ડિવિડંડ યીલ્ડ ૧.૭૪ ટકા થવા જા યછે. કંપનીએ જુન ૨૦૨૧ ના પુરા થતા ક્વાર્ટરમાં કોન્સોલીડેટ બેઝ ઉપર આવકમાં ૪૦.૮૧ ટકા વૃધ્ધિ સાથે રૂ. ૬૬૦.૭૫ કરોડ અને નેટનફામાં ૨૮૫૪ ટકાના જંગી ઉછાળા સાથે રૂ. ૧૦૪ કરોડ નોંધાવ્યો છે. જે ગત વર્ષના સમાનગાળામાં રૂ. ૪૬૯ કરોડની આવક ઉપર રૂ. ૩.૫૨ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો હતો. ઈબીઆઈટીડીએ ૧૫૦ ટકા ઉછળીને રૂ. ૨૨૪.૫૧ કરોડ અને ઈપીએસ ૬.૧૪ નોંધાવ્યો છે. ઈક્વિટી રૂ. ૧૬૯ કરોડ અને રીઝર્વ રૂ. ૨૩૧૫ કરોડ જેટલુ જંગી છે. કેન્દ્ર સરકારે ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ, સિંગાપોરથી આયાત થતા અનકોટેડ કોપીયર પેપર ઉપર એન્ટી ડમ્પીંગ ડ્યુટી લાદતા આ કંપનીને મોટો લાભ થઈ શકે છે.

***Finolex Industries (રૂ. ૨૧૫.૦૦) (કોડ: ૫૦૦૯૪૦) :-*** પીવીસી રેઝિને અને પીવીસ પાઈપ્સના ઉત્પાદનમાં ટોચનું સ્થાન ધરાવતી ફિનોલેક્સ ઈન્ડ.ની ફેઈસવેલ્યુ રૂ. ૨ છે. એ ગ્રુપની આ કંપનીનો ભાવ ૫૨ સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૨૧૦ અને ઘટીને રૂ. ૯૮ જોવાયો છે. પુના ખાતે મુખ્ય મથક ધરાવતી આ કંપની પીવીસી વોટર પાઈપ અને સીપીવીસી પાઈપ્સના ઉત્પાદનમાં છે અને આ પાઈપો કૃષિ સેક્ટર તેમજ ઈલેકટ્રિકલ ફિટિંગના ક્ષેત્રમાં ખુબજ મજબુત માંગ ધરાવે છે. આ બિઝનેસનો લગભગ ૪૦ વર્ષ કરતા પણ વધારે અનુભવ ધરાવતી ફિનોલેક્સ ઈન્ડ. દ્વારા કૃષિ સેક્ટર માટેના ખાસ પાઈપ બનાવવામાં આવે છે. આ ઉપરાંત કાસ્ટિંગ પાઈપ, કોલમ પાઈપ્સ અને સોલવન્ટ કેમિકલ્સનું ઉત્પાદન આ કંપની કરી રહી છે. કંપની દ્વારા સીપીવીસી પાઈપ અને ફિટિંગ્સ ગટર માટેના પાઈપ્સ, એસડબલ્યુઆર પાઈપ અને એએસટીએમ પાઈપ્સનું ઉત્પાદન પણ શરૂ કર્યું છે અને હવે ઈન્ફ્રાસ્ટર્કચર, રીયલ એસ્ટેટ અને કૃષિ સેક્ટરમાં મજબુત અપટ્રેન્ડ શરૂ થયો હોવાનો ફાયદો આ કંપનીને મળી શકશે. કંપનીની માર્કેટકેપ રૂ. ૧૨૦૫૮ કરોડની છે કંપનીની ઈક્વિટી રૂ. ૧૨૪ કરોડ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ. ૩૦૧૪ કરોડનું જંગી રીઝર્વ છે. કંપનીના શેરની બુકવેલ્યુ રૂ. ૫૦.૫૯ છે. કંપનીમાં પ્રમોટરો ૫૨.૪૭ ટકા અને પબ્લિક ૪૭.૧૯ ટકા સ્ટેક ધરાવે છે. જુન ક્વાર્ટરમાંમાં કંપનીએ રૂ. ૯૬૫ કરોડનું વેચાણ કર્યું હતું જ્યારે કંપનીની ટોટલ આવક રૂ. ૯૮૧ કરોડ જેની સામે કંપનીનો નેટનફો રૂ. ૧૪૭ કરોડ નોંધાવ્યો હતો જે ગત વર્ષના સમાનગાળામાં ટોટલ આવક રૂ. ૫૭૦ કરોડની સામે કંપનીનો નેટનફો રૂ. ૫૩ કરોડનો નોંધાયો હતો. વર્તમાન ભાવે આ સ્ટોકમાં રોકાણ કરનારને ૬ થી ૯ મહિનામાં રૂ. ૨૨૫ થી ૨૩૫ ના લેવલને ટચ કરતો જોવાય.

***ONGC (રૂ. ૧૪૬.૦૦) (કોડ : ૫૦૦૩૧૨) :-*** બીએસઈ ખાતે એ ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૫ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૧૪૮ અને ઘટીને રૂ. ૬૪.૧૫ જોવાયો છે. દેશની આ સૌથી મોટી ઓઈલ અને ગેસ શારકામ કંપની ભારતની ક્રુડ ઓઈલ અને કુદરતી ગેસની મહત્તમ માંગ સંતોષે છે. ભારત સરકારના પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય હેઠળ કામ કરી રહેલી આ કંપનીનું મુખ્ય મથક નવી દિલ્હીમાં આવેલું છે અને તેનો વહીવટ સરકાર દ્વારા નિયુક્ત થયેલી મેનેજિંગ ડિરેક્ટર અને અન્ય ડાયરેકટરો દ્વારા થઈ રહ્યો છે છેલ્લાં ઘણા વર્ષોથી કંપનીનો મુખ્ય બિઝનેસ મુંબઈ ખાતેના કુવા ઉપર નિર્ભર રહ્યો છે અને સાથે સાથે આસામ ખાતે આવેલા તેના ક્રુડ ઓઈલના કુવાઓમાં ઉત્પાદન ધીરે ધીરે ઘટ્યું છે સામે પક્ષે કંપની દ્વારા જંગી મુડીરોકાણ કરવા છત્તાં નોંધપાત્ર ઉત્પાદન આવી શકે તેવો કોઈ જ નવો કુવો શોધી શકાયો નથી હવે ઓએનજીસી હિન્દુસ્તાન પેટ્રોલિયમાનો અમુક હિસ્સો અન્ય પાર્ટીને વેચી દેવા તત્પર છે અને તે અંગે આગામી મહિનાઓમાં પોઝીટીવ ડેવલપમેન્ટ જોવા મેળી શકે તે સંભાવના મજબુત છે. કંપનીની ઈક્વિટી રૂ. ૬૨૯૦ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ. ૨૧૪૬૯૦ કરોડનું જંગી રીઝર્વ છે. કંપનીના શેરની બુકવેલ્યુ રૂ. ૧૬૦ છે. કંપનીમાં પ્રમોટરો ૬૦.૪૧ ટકા અને પબ્લિક ૩૯.૫૯ ટકા સ્ટેક ધરાવે છે. નાણાંકીય વર્ષ ૨૦૨૧ માં કંપનીએ રૂ. ૧૦૮૧૩૫ કરોડનું વેચાણ હાંસલ કર્યું હતું. કંપનીની ટોટલ આવક રૂ. ૧૦૯૩૦૧ કરોડ જેની સામે રૂ. ૬૨૪૨ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો હતો જે ગત વર્ષના સમાનગાળામાં રૂ. ૬૩૫૦૭ કરોડની આવક ઉપર રૂ. ૧૬૫૦ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો હતો. કંપનીએ છેલ્લાં ૧૨ મહિનામાં રૂ. ૧૭.૪૩ ની શેરદીઠ કમાણી દર્શાવી છે જેની સામે શેરનો અત્યારનો બજાર ભાવ કેવળ ૭.૭૧ નો પીઈ રેશિયો દર્શાવે છે આમ આ શેરમાં રી-રેટીંગની સંભાવના જોવાઈ રહી છે.

***L&T Finance Holding (રૂ. ૮૯.૦૦) (કોડ: ૫૩૩૫૧૯) :-*** એ ગ્રુપની આ ફાયનાન્સ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧૦છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૧૧૩ અને ઘટીને રૂ. ૫૫ જોવાયો છે. કંપનીમાં પ્રમોટર્સ હોલ્ડિંગ ૬૩.૫૯ ટકા અને પબ્લિક ૩૬.૪૧ ટકા છે.શરૂઆતમાં કંપની ફાર્મા ઈક્વિપમેન્ટ અને કોમર્શિયલ વ્હીકલ્સ ફાયનાન્સ પ્રોવાઈડ કરતી હતી. વર્ષ ૨૦૧૨ માં હાઉસીંગ ફાયનાન્સ ક્ષેત્રે પ્રવેશી આજ વર્ષના ઈન્ડો સ્પેસીફીક હાઉસીંગ ફાય. લીમીટેડને સફળતાપૂર્વક મેળવી અને સ્પેશ્યલ કન્ઝયુમર ફાયનાન્સની ઓટો પાયનાન્સ કંપની ફેમીલી ક્રેડિટ લીમીટેડ એક્વાયર કરી છે. કંપનીએ ગ્રામીણ તથા હાઉસીંગ ફાય. હિસ્સામાં વધારો કર્યો છે. ગત વર્ષે કંપનીએ ૯ ટકા ડિવિડંડ જાહેર કર્યું હતું. ૨૧ જાન્યુઆરી ૨૦૨૧ માં કંપનીએ ૧૭:૭૪ ના રેશિયોથી રૂ. ૫૫ ના પ્રિમિયમે રાઈટ્સ ઈસ્યુ કર્યા હતા. માર્કેટકેપ રૂ. ૨૨૪૯૦ કરોડ, બુકવેલ્યુ રૂ. ૭૫.૯૨ છે. ઈક્વિટી રૂ. ૨૪૬૯ કરોડ અને રીઝર્વ રૂ. ૧૬૧૦૩ કરોડ છે. કંપનીએ જુન ૨૦૨૧ ના પુરા થતા ક્વાર્ટરમાં કોન્સોલીડેટ બેઝ ઉપર રૂ. ૩૨૦૧ કરોડની આવક ઉપર રૂ. ૧૭૭ કરોડનો નેટપ્રોફિટ નોંધાવ્યો છે જે ગત વર્ષના સમાનગાળામાં રૂ. ૩૩૯૭ કરોડની આવક ઉપર રૂ. ૧૪૭ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો હતો. ટુંકાથી મધ્યમગાળે આ સ્ટોક ૧૦ થી ૧૫ ટકા રીર્ટન આપી નવું ટોપ બનાવતો જોવાય.

**(SEBI Registered Research Analyst)**

**** Disclosure*** :- The author has not brought / sold any stock advised in this news paper during last one month • All stocks rates / indices on 1st October 2021 unless specified o Stoploos is useful for Short-Medium term investors only •

**** Disclaimer*** :- • Smart Investment will not be responsible / for any loss arising out of investment based on its recommendation. • Though, every care has been taken, we will not responsible for any errors / omissions • All disputes are subject to Ahmedabad jurisdiction

## આપણે મજબુત સપોર્ટ ઉપર છીએ !

(પાના નં. ૧ નું ચાલુ)

ગત સપ્તાહે જ ફેબ્રુઆરી ૨૦૨૧ના હાઈને ક્રોસ કરી કર્યું હતું. પીસીઆર ડેટા ચુકવે છે કે બંને ઈન્ડેક્સમાં ઓવરસોલ્ડ જેવી સ્થિતિ છે અને તેથી મને લાગે છે કે બંને ઈન્ડેક્સમાં આપણે મજબુત સપોર્ટ પાસે બેઠા છીએ. મિત્રો મેં ફ્રી ટેલીગ્રામ ચેનલ શરુ કરી છે જેમાં જોડાવા માટે તમે અમારી વેબસાઈટ ઉપર જઈને ટેલીગ્રામ સિમ્બોલ ઉપર ક્લિક કરીને જોઈન થઈ શકો છો. આ ટેલીગ્રામ ચેનલમાં હું બેંક નિફ્ટી અને નિફ્ટીના ટ્રેડીગ લેવલ્સ પણ જણાવું છું. આ સિવાય હું મીડીયમ ટર્મ થી લોંગ ટર્મ માટેના રોકાણ લાયક સ્ટોક પણ જણાવું છું. જે લોકો રસ ધરાવતા હોય એ આજે જ અમારી ટેલીગ્રામ ચેનલમાં જોડાઈ શકે છે. જોકે અનેક ખોટી ટેલીગ્રામ ચેનલ્સ મારા નામનો ઉપયોગ કરીને બની ગઈ છે માટે સાચી ચેનલમાં જોડાવા માટે અમારી વેબસાઈટ ઉપર જઈને જ જોઈન કરવું સલાહભરેલ રહેશે.

**સંવર્ધક તંત્રી**

**સ્વ.કાન્તિલાલ મ. શાહ**

**તંત્રી : દિલીપ કે. શાહ**

The material contain here in is based on Fundamental & Technical analysis & other Scientific methods, but errors can not be ruled out. The informatiom given above is of advisory nature. The Editor and Publisher does not take any consequences arisigng out of it. All rights reserved. Reproducing in whole or in part of any matter including features without permission is prohibited

**ARCHI PUBLICATIONS**

**(A divn. of AFCL)**

**311 to 313, Nalanda Enclave, Opp. Sudama Resorts, Pritamnagar 1st Dhal, Ellisbridge, Ahmedabad-380006.**

**Ring : : 26576639**

**Fax : 26579996**

**: E-mail :**

**smartinvest25@gmail.com**

**smartinvest25@yahoo.in**

**web**

**smartinvestment.in**

## માર્કેટ ટીપ્સમાં ફરતાં શેરો....

- Het Zaveri

**JK Cement (Rs. 3209.00) (Code : 532644) (F. V. : 10.00) :-** ઓક્ટોબર શ્રેણીની શરૂઆતથી બજારોના ફ્યુચર્સ અને ઓપ્શન્સ (ડેરિવેટિવ) સેગમેન્ટમાં સ્ટોક ઉમેરવામાં આવ્યો હોવાથી જેકે સિમેન્ટના શેર્સે આગેકૂચ કરી છે. આગામી બે વર્ષમાં વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ૧૫ મિલિયન ટનથી વધારીને ૨૩ મિલિયન ટન કરવાનો જેકે સિમેન્ટનો ટાર્ગેટ છે. કંપની ઉત્તર અને મધ્ય ભારતમાં તેની હાજરીના વિસ્તરણ મારફત આ ટાર્ગેટ હાંસલ કરી શકે છે. આ યોજનાને અનુરૂપ કંપનીએ ઉત્તર પ્રદેશના હમિરપુરમાં નવો ઉત્પાદન એકમ સ્થાપ્યો છે. આ પ્લાન્ટની ક્ષમતા વાર્ષિક ૨ મિલિયન ટન હશે. જેકે સિમેન્ટ રાજસ્થાન, હરિયાણા, પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને ગુજરાતમાં ગ્રે ઉત્પાદન એકમોમાં ૧૨ મિલિયન ટન ક્ષમતા ધરાવે છે અને દક્ષિણ મહારાષ્ટ્ર તથા કેરળની માગ પૂરી કરતાં કર્ણાટકનું ઉત્પાદન એકમ ૩ મિલિયન ટનની ઉત્પાદન ક્ષમતા ધરાવે છે. નાણાકીય વર્ષ ૨૧માં કંપનીનો કોન્સોલિડેટેડ ઈબીઆઈટીડીએ રૂ. ૧,૫૩૬ કરોડ હતો. જેકે સિમેન્ટ આ વર્ષ ૧૦ ટકા ઊંચા ઈબીઆઈટીડીએનો લક્ષ્યાંક ધરાવે છે અને ગ્રે સિમેન્ટ સેગ્મેન્ટમાં તેના ૫,૦૦૦ના નેટવર્કમાં ૨,૦૦૦ ડીલરશિપ ઉમેરવાનો તેનો આશય છે. રોકાણ કરો.

**ION Exchange (Rs. 2225.00) (Code : 500214) (F. V. : 10.00) :-** આયન એક્સચેન્જ (ઈન્ડિયા) ભારતીય વોટર ટ્રીટમેન્ટ ઉદ્યોગમાં લીડર છે. કંપની ટોટલ વોટર મેનેજમેન્ટ સોલ્યુશન ઓફર કરે છે. વોટર અને વેસ્ટ-વોટર ટ્રીટમેન્ટના સંપૂર્ણ સ્પેક્ટ્રમને આવરી લેતા ટેક્નોલોજીસ ઉત્પાદનો અને સેવાઓની વ્યાપક રેન્જ સાથે સમગ્ર વિશ્વમાં તે બહુ ઓછી કંપનીઓમાંની એક છે. તાજેતરમાં આયન એક્સચેન્જને ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિ. દ્વારા ડિઝાઈન, ટર્ન કી ધોરણે એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટના ઈન્સ્ટોલેશન માટે એન્જિનિયરિંગ, પ્રોકરમેન્ટ, કન્સ્ટ્રક્શન અને કમિશનિંગ (ઈપીસીસી) કોન્ટ્રાક્ટ અપાયો છે, જેનું કોન્ટ્રાક્ટ મૂલ્ય રૂ. ૩૫૭.૪૬૫ કરોડ છે. આ કોન્ટ્રાક્ટ ઓડિશાના પારાદીપ ખાતે તેના પારા ઝાયલીન (પીએક્સ) અને પ્યોરીફાઈડ ટેરેફ્થેલિક એસિડ (પીટીએ) કોમ્પ્લેક્ષ પ્રોજેક્ટ માટે અપાયો છે. પીટીએ પોલીયેસ્ટર ફાઈબર્સ, પેકેજિંગ એપ્લિકેશન્સમાં ઉપયોગમાં લેવાતી પીઈટી બોટલ્સ અને પોલીયેસ્ટર ફિલ્મ માટે વપરાતો કાચો માલ છે. તેથી વધુ અને વધુ ઓર્ડર મળી રહ્યા છે, જેણે કંપનીની આવક વધારી છે. ખરીદો.

**Tata Investment (Rs. 1436.00) (Code : 501301) (F. V. : 10.00) :-** તમે માત્ર એક સ્ટોક ટાટા ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન (ટીઆઈસી) ખરીદીને ટાટા ગ્રૂપના બધા જ સ્ટોક ખરીદી શકો છો. ટીઆઈસીમાં ૬૮.૫ ટકા હિસ્સો ધરાવતી ટાટા સન્સના રોકાણ એકમ તરીકે તેની વેલ્યુએશન તેના પોર્ટફોલિયોની વેલ્યુનું ડિસ્કાઉન્ટ કરીને મેળવવામાં આવે છે. ડિસ્કાઉન્ટના વિસ્તરણના આધારે ટીઆઈસીમાં રોકાણની તક આકર્ષક છે. ડિસ્કાઉન્ટમાં વિસ્તરણે સ્ટોકને આકર્ષક બનાવ્યો છે. ટાટા ગ્રૂપની માર્કેટ કેપીટલાઈઝેશન ૩૦૦ અબજ ડોલરને વટાવી ગઈ છે. તેની ૨૮ લીસ્ટેડ કંપનીઓમાંથી ૨૭ના શૅર્સ આ વર્ષ દરમિયાન વધ્યા છે તેમ સ્ટોક એક્સચેન્જનો ડેટા જણાવે છે. ભારતના સૌથી મોટા જૂથે આ વર્ષની શરૂઆતથી માર્કેટ વેલ્યુમાં ૮૪.૭૫ અબજ ડોલરનો ઉમેરો કર્યો છે અને વર્ષ દરમિયાન તેના શૅરના ભાવ ૧૫ ટકાથી લઈને ૩૭૫ ટકા સુધી ઊછળ્યા છે. ટાટા ઈન્વેસ્ટમેન્ટ્સમાં રોકાણનો સીધો લાભ મળશે. ખરીદો.

**LIC Housing Finance (Rs. 427.00) (Code : 500253) (F. V. : 2.00) :-** એલઆઈસી હાઉસિંગ ફાઈનાન્સ (એલઆઈસીએચએફ) વ્યાપક વિતરણ નેટવર્ક સાથે ભારતમાં સૌથી મોટી હાઉસિંગ ધિરાણ કંપનીઓમાંની એક છે. એલઆઈસીએચએફે ૭૦૦ અને વધુનો સિબિલ સ્કોર ધરાવતા લેણદારો માટે તહેવારોની મોસમમાં રૂ. ૨૦ એમ (અગાઉની મર્યાદા રૂ. ૫ એમ સુધી હતી) સુધીની લોન માટે ૬.૬૬ ટકાનો સૌથી નીચો હોમ લોન રેટ ઓફર કર્યો છે. જૂન ૨૧થી આર્થિક પ્રવૃત્તિઓમાં સુધારો થયો છે ત્યારે લેણદારોને તેમના સિબિલ સ્કોરના આધારે અલગ પાડીને તેની કલેક્શન કાર્યક્ષમતામાં ૯૮ ટકાનો સુધારો થયો છે, જે પ્રોત્સાહનજનક છે. જોકે, સ્ટેજ ૩ લોનમાં તીવ્ર ઊછાળો ચિંતાજનક છે. કોરોના મહામારીની બીજી લહેરની અસરને કારણે તેમાં તીવ્ર ઊછાળો જોવા મળ્યો છે. અમે નાણાકીય વર્ષ ૨૨ અંદાજિત/નાણાકીય વર્ષ ૨૩ અંદાજિતમાં ૮૫બીપી/૬૦ બીપીના ક્રેડિટ ખર્ચનો અંદાજ રજૂ કરીએ છીએ. ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક (આઈપીપીબી) અને એલઆઈસીએચએફે તાજેતરમાં આઈપીપીબીના ૪૫ મી.થી વધુ ગ્રાહકોને હોમ લોન પૂરી પાડવા માટે વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરી હતી. ૬૫૦થી વધુ શાખાઓ અને ૧,૩૬,૦૦૦થી વધુ બેંકિંગ એક્સેસ પોઈન્ટ્સના મજબૂત અને વ્યાપક નેટવર્ક મારફત આઈપીપીબી એલઆઈસીએચએફની હોમ લોન પ્રોડક્ટ્સને સમગ્ર દેશમાં તેના ગ્રાહકો માટે સુલભ બનાવશે. એલઆઈસીનો આઈપીઓ નજીકમાં હોવાથી આ સ્ટોક પણ લાઈમલાઈટમાં છે. ખરીદો.

*Disclosures : At the time of writing this article, author, his clients & dependent family members may have positions in the stocks mentioned above. The author, his firm, his clients or any of his dependent family members may make purchases or sale of the securities mentioned in website. Author may have positions in above stocks so have vested interest obviously in their going up or down as the case may be. Disclaimer : Investing in any equity is risky. Our recommendations are based on reliable & authenticated sources believed to be true & correct, and also is technical analysis based on & conceived from charts. Investors should take their own decisions. We assume no responsibility for any transactions undertaken by them. The author won't be liable or responsible for any legal or financial losses made by anybody.*

**ધનવર્ષા ફીનકેપ પ્રા. લી.**

ઈક્વિટી, કોમોડીટી, કરન્સી માર્કેટ, ડીમેટ એકાઉન્ટ, મ્યુચ્યુઅલ ફંડ, ફીક્સ ડીપોઝીટ, ઈન્વેસ્ટમેન્ટ, ફોરેક્સ, ફોરેક્સ ડેબીટ કાર્ડ.

ટ્રાવેલ ચેક, સોના-ચાંદી લાઈફ ઈન્સ્યોરન્સ, વિવિધ કંપનીઓના જનરલ ઈન્સ્યુરન્સ.

કોઈપણ ડિલિસ્ટેડ અને અનલિસ્ટેડ શેરોના વેચાણના તેમજ પ્રોબ્લેમના ઉકેલ માટે, ટેક્સ પ્લાનીંગ, એકાઉન્ટીંગ અને ઓડીટીંગ

પોર્ટ ફોલિયો મેનેજમેન્ટ અને દરેક પ્રકારનું નાણાંકીય એક જ સ્થળે ઉપલબ્ધ.

Ph. : 079-2684076, 26582276. M. : 9227204076

email : dhanvarshafincap@gmail.com

## ધ્યાનમાં રાખવા જેવા શેરો...

- Siddharth Shah

**Sun Pharma (Rs. 826.00) (Code : 524715) (F. V. : 1.00) :-** સન ફાર્માસ્યુટિકલ્સે ભારતમાં કફ મેનેજમેન્ટમાં નવીન ફોર્મ્યુલેશન ચેરીકોફ૧૨ (ડેક્સટ્રોમેથોર્ફન હાઈડ્રોબ્રોમાઈડ ૩૦ એમજી અને ક્લોર્ફેનિરેમાઈન મીલેટ ૪ એમજી) લોન્ચ કરી છે. ચેરિકોફ ૧૨ ભારતમાં સૌપ્રથમ પ્રિસ્ક્રિપ્શન કફ સીરપ છે, જે ૧૨ કલાક સુધી રાહત આપે છે. સતત રિલિઝ માટે પોલિસ્ટિરેક્સ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને આ દવાનું ઉત્પાદન થાય છે. ચેરિકોફ ૧૨ છ વર્ષથી ઉપરની વય જૂથના દર્દીઓ માટે અપ્રૂવ્ડ છે. આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીઝે ત્રણ મહિનામાં પ્રતિ શૅર રૂ. ૮૯૮ની પ્રાઈસ ટાર્ગેટ સાથે સન ફાર્મા પર 'બાય' રેટિંગની ભલામણ કરી છે. ફાર્મા ક્ષેત્રે છેલ્લા કેટલાક સપ્તાહમાં સ્વસ્થ કરેક્શન જોયું છે જ્યારે વ્યાપક સ્તરે બજાર હજી પણ તેજીમય છે. તબક્કાવાર આ સ્ટોક ખરીદો.

**United Spirits (Rs. 865.00) (Code : 532432) (F. V. : 2.00) :-** બેગપાઈપર વ્હિસ્કી અને વ્હાઈટ મિસ્ચીફ વોડકા જેવી બ્રાન્ડ્સના સંભવિત વેચાણથી યુનાઈટેડ સ્પિરિટ્સના સ્ટોકમાં તેજી જોવા મળી રહી છે જ્યારે ડિઆજીઓ પેટાકંપનીએ પ્રીમિયમાઈઝેશન વ્યૂહરચના અપનાવી છે અને ઊંચા માર્જિનના કારણે નફો વધ્યો છે તથા તે સ્થાનિક બજારમાં ફ્રેન્ચ દારૂની કંપની પેર્નોર્ડ રિકાર્ડનો સામનો કરી રહી છે. યુએસએલના લોકપ્રિય પોર્ટફોલિયોમાં ૩૦ બ્રાન્ડ્સનો સમાવેશ થાય છે અને વેલ્યુ દ્વારા આ પોર્ટફોલિયાના અડધા ભાગ પર વ્યૂહાત્મક સમિક્ષા ફોકસ કરશે. આ સમિક્ષામાં મેકડોવેલ્સ અથવા ડિરેક્ટર્સ સ્પેશિયલ ટ્રેડમાર્કનો સમાવેશ નહીં કરાય. પ્રમોટર્સ ડીસેમ્બર ૩૦, ૨૦૨૦ સુધીમાં કંપનીમાં ૫૬.૮ ટકા હિસ્સો ધરાવતા હતા જ્યારે એફઆઈઆઈનો હિસ્સો ૧૯ ટકા, ડીઆઈઆઈનો હિસ્સો ૯.૮ ટકા અને પબ્લિક તથા અન્યોનો હિસ્સો ૧૪.૫ ટકા હતો. ખરીદો.

**HAL (Rs. 1336.00) (Code : 541154) (F. V. : 10.00) :-** સરકારી માલિકીની એરોસ્પેસ જાયન્ટ હિન્દુસ્તાન એરોનોટિક્સ લિ. (એચએએલ)એ અરુણાચલ પ્રદેશમાં સ્થાનિક કામગીરી માટે બે સિવિલ ડૂ-૨૨૮ વિમાનના પૂરવઠા માટે અલાયન્સ એર એવિએશન લિ. સાથે લીઝ કોન્ટ્રાક્ટ કર્યો છે. તેનો આશય ભારતની રિજિઓનલ કનેક્ટિવિટી સ્કીમ (આરસીએસ)ને પ્રોત્સાહન આપવાનો છે. એચએએલ ડૂ-૨૨૮ ઉત્તર-પૂર્વમાં કામગીરી માટે ખૂબ જ સારું વૈવિધ્યસભર વિમાન છે અને તે ટૂંકા ટેક-ઓફ અને લેન્ડિંગ, અર્ધ તૈયાર રનવે પરથી ઉડ્ડયન અને ઉતરાણની ક્ષમતા ધરાવે છે તેમ કંપનીએ એક રિલિઝમાં જણાવ્યું હતું. આ ડેવલપમેન્ટ એચએએલ માટે નાગરિક ઉડ્ડયનમાં નવું ક્ષેત્ર ખૂલ્લું મુકશે. કંપની દેશના એર ઓપરેટર્સ દ્વારા એચએએલ ડૂ-૨૨૮ની સંખ્યા વધારીને પ્રાદેશિ નાગરિક ઉડ્ડયનમાં તેની હાજરી વધારવા આતુર છે. ખરીદો. પ્રત્યેક ઘટાડે વધુ ખરીદો.

**HCL Technologies (Rs. 1273.00) (Code : 532281) (F. V. : 2.00) :-** એચસીએલ ટેક્નોલોજીસ (એચસીએલ)એ ભારતમાં ૫જી ઓપન રેડિયો એક્સેસ નેટવર્ક (ઓ-રેન) લેબ લોન્ચ કરી છે, જે વૈશ્વિક ટેલિકોમ ઉદ્યોગની કંપનીઓને ૫જી નેટવર્કમાં પરીવર્તન કરવા સક્ષમ બનાવશે. આ લેબ મલ્ટિ-વેન્ડર વિકલ્પો ધરાવતા ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર્સને વધુ ખુલ્લા, બુદ્ધિશાળી, વર્ચ્યુઅલાઇઝ્ડ અને સંપૂર્ણપણે ઇન્ટરઓપરેબલ ૫જી મોબાઇલ નેટવર્ક પર જવા માટે મદદ કરશે જેથી અંતિમ વપરાશકર્તાઓને વધુ સારો અનુભવ મળી શકશે. દરમિયાન કંપનીએ ડિજિટલ સર્વિસ અને કોમ્યુનિકેશન સોલ્યુશન પૂરું પાડનારા બેલ્જિયમની પ્રોક્સિમક ગ્રૂપના ડેટા સેન્ટર બિઝનેસને ટ્રાન્સફોર્મ કરવા અને ડિજિટલ ફાઉન્ડેશન ઊભું કરવા અનેક વર્ષનો કરાર કર્યો છે. કરેક્શન પછી આ સ્ટોક આકર્ષક જણાય છે.

**Persistent Systems (Rs. 3647.00) (Code : 533179) (F. V. : 10.00) :-** પર્સિસ્ટન્ટ સિસ્ટમ્સ (બીએસઈ અને એનએસઈ : પર્સિસ્ટન્ટ)એ ઉત્તર કેરોલિના સ્થિત સોફ્ટવેર કોર્પોરેશન ઈન્ટરનેશનલ (એસસીઆઈ)ની શાર્લોટ અને તેની સહયોગી કંપની ફ્યુઝન૩૬૦ અને ન્યૂજર્સી સ્થિત શ્રી પાર્ટનર્સ અને ભારતમાં તેની પેટાકંપની મારફત ઈસ્ટ બ્રુન્સવિકનો કારોબાર ખરીદવા કરાર કર્યા હોવાની જાહેરાત કરી હતી. SCI અગ્રણી યુએસ બેંકોના પ્રભાવશાળી પોર્ટફોલિયો માટે ચુકવણી ઉકેલો, એકીકરણ અને સહાયક સેવાઓમાં વિશેષતા ધરાવતી ડીપ ડોમેન કન્સલ્ટિંગ ક્ષમતાઓ ધરાવે છે. વધારામાં ફ્યુઝન ૩૬૦ આઈબીએમની ફાઈનાન્સિયલ ટ્રાન્ઝેક્શન મેનેજર (એફટીએમ) સહિત અગ્રણી પેમેન્ટ પ્લેટફોર્મ્સ માટે એપ્લિકેશન ડેવલપમેન્ટ, મેઈન્ટેનન્સ અને સપોર્ટ પૂરા પાડે છે. એસસીઆઈએ પર્સિસ્ટન્ટની ક્ષમતાઓ વધારી છે અને સમર્પિત પેમેન્ટ બિઝનેસ યુનિટના પાયા તરીકે સેવા આપવાનું ચાલુ રાખશે. તબક્કાવાર ખરીદો.

**BUY TECHNO FUNDA GEM**

# HKG LTD FOR BUMPER RETURNS

**BSE Code : 539097 (CMP Rs. : 50.00)**

**Attractive Rights Issue in offing, Investors will benefit Greatly**

**Co Expected to Migrate on Main board shortly**

**SHORT TERM TARGET RS.101 • POSITIONAL TARGET RS 125**

બીએસઈના એસએમઈ પ્લેટફોર્મ પર સૂચિબદ્ધ એચકેજી લિમિટેડ (બીએસઈ: ૫૩૯૦૯૭) ભારતમાં સૌથી ઝડપથી વિકસતા વેપાર સંગઠનોમાંનું એક છે. એચ.કે.જી નાના ઉદ્યોગોને કનેક્ટ કરવા અને અમારા વેબ ઇન્ટરફેસો અને સેવાઓનો ઉપયોગ કરીને તેમને વિકાસ માટે સશક્ત બનાવવા માટેની ઇચ્છા ધરાવે છે. એચ.કે.જી.ની દ્રષ્ટિ એ છેકે વેબ ઇંટરફેસ સેવાને દરેક નાના વ્યવસાય માટે સુલભ બનાવવા અનેતેમને અનેકગણી વૃદ્ધિ માટે સક્ષમ બનાવવી.

કંપનીએ જાહેરાત કરી છે કે સફળ લોન્ચિંગ અને તેના વેબ બેક્રમાંપોર્ટલ "એરિયા ઓનલાઇન" ઉમેર્યા પછી, કંપનીએ હવે ગૂગલ પ્લે સ્ટોર "એરિયા ઓનલાઇન" પર પોતાની નવી એપ્લિકેશન શરૂ કરી છે.

એરિયા ઓનલાઇન એ એક વ્યવસાય છે જે તમારા ડેસ્ક પર બેઠેલા શ્રેષ્ઠ સ્થાનિક સર્વિસ પ્રોવાઇડર્સને શોધવામાં અને કનેક્ટ કરવામાં અનુપમઆરામ આપે છે. એરિયા ઓનલાઈન ગ્રાહકને આંગળીની ટીપ્સના ઉકેલોસાથે એક જ સમયે રચનાત્મક સમીક્ષાઓના આધારે ગુણવત્તાવાળા ઉત્પાદનો અને સેવાઓ પસંદ કરવામાં સહાય કરે છે. એરિયા ઓનલાઈનની સૌથી અગત્યની સુવિધા એ છે કે તે ઇચ્છિત સ્થાન પર પહોંચતા પહેલા પણ આરક્ષણ કરવામાં મદદ કરે છે જે બદલામાં બંને પક્ષોને સમય અને સંસાધનોનું સંચાલન કરવામાં મદદ કરે છે. એપ્લિકેશન હવે ગૂગલ પ્લે સ્ટોરપર ઉપલબ્ધ છે.

એચ.કે.જી. લિમિટેડ એ નાના ઉદ્યોગોને કનેક્ટ કરવાની ઇચ્છા ધરાવતા સૌથી ઝડપથી વિકસતા વ્યવસાયિક સંગઠનોમાંનું એક છે અને તેમને ડિજિટલ માધ્યમના ઉપયોગ દ્વારા વધવા માટે સશક્ત બનાવવું અને વેબ ઇન્ટરફેસોએ એરીયા એરિયા ઓનલાઇન નામની એક અનન્ય વ્યવસાય પહેલ શરૂ કરી છે, જેમાં તેની વેબસાઇટ દ્વારા કોઈ ડિજિટલ હાજરી દ્વારા કોઈના ઘરની દુકાન અને સેવાઓ શોધી શકે છે.

કોવિડ -૧૯ ને કારણે લોકડાઉન થયું જેના કારણે નાના-મોટા વેપારીઓનેઘરે બેસવું પડ્યું: તેમનો પોતાનો વ્યવસાય હતો. તે નોંધ્યું છે કેઓનલાઇન હાજરી ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેથી એચ.કે.જી.એ આઅનોખી સેવા શરૂ કરી હતી. મહાન સ્થાનિક ઉદ્યોગો શોધવા અનેશોધવાનો એરીયા .નલાઇન એ શ્રેષ્ઠ માર્ગ છે. કંપની ઊંચી વૃદ્ધિ હાંસલકરવા માટે માર્ગ પર છે.

કંપની પાસે માય રેરા, એરિયા, નલાઇન, બુક યોર ડીલર, માય લોકર, વર્ચ્યુઅલ એક્સ્પો અને મીડિયા માર્કેટિંગ જેવી અનેક સેવાઓ છે.

★★★

**એચ.કે.જી.નું વિઝન**

**શ્રેષ્ઠ રોકાણ ઉકેલો પ્રદાતા બનવા માટે, તેના નવીનતા અભિગમ, વિશ્વસનીયતા, રોકાણ સંશોધન રોકાણકારો મૈત્રીપૂર્ણ વલણ અને સંપત્તિબનાવટ માટેની યોગ્ય તકો પર કમાણી કરવાની તેની તમામ ક્ષમતા માટેમાન્યતા પ્રાપ્ત**

SMART Investment

Published on Every Sunday "Permitted to post at Ahmedabad PSO on every Monday (weekly) under Postal Regd. No. GAMC - 1530 / 2019 - 2021 Valid up to 31st December - 2021

## Stock Wave

Sarvesh Ashok Trivedi
(Mumbai) (Mob) 09820728124
www.chartsanketstock.com

### ઈન્ડેક્સની નબળાઈ વચ્ચે પણ પસંદગીના શેરોમાં સુધારો પણ જોવાશે

**BSE Index (૫૮૭૬૫.૫૮) :-** ૬૦૪૧૨.૩૨ ના ટોપથી નબળાઈ તરફી છે. દૈનિક ધોરણે ઓવરસોલ્ડ તરફ, અઠવાડીક તેમજ માસીક ધોરણે ઓવરબોટ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૫૮૮૯૦ ઉપર ૫૯૦૨૦ કુદાવે તો, ૫૯૧૨૦, ૫૯૨૫૦ પ્રતિકારક સપાટી ગણાય. નીચામાં ૫૮૫૫૧ નીચે ૫૮૨૬૦, ૫૭૭૨૦, ૫૭૧૨૦ સુધીની શકયતા.

**Bank Nifty Future (૩૭૩૬૦.૦૦) :-** ૩૮૩૯૫.૬૦ ના ટોપથી નરમાઈ તરફી છે. દૈનિક ધોરણે ઓવરસોલ્ડ, અઠવાડીક તેમજ માસીક ધોરણે ઓવરસોલ્ડ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૩૭૪૬૦ ઉપર ૩૭૫૩૦, ૩૭૬૨૦, ૩૭૯૧૫ પ્રતિકારક સપાટી ગણાય. નીચામાં ૩૬૯૫૦ નીચે ૩૬૭૬૦, ૩૬૫૨૦, ૩૬૨૫૦ સુધીની શકયતા.

**Nifty Future (૧૭૫૨૫.૭૫) :-** ૧૮૦૮૮.૩૦ ના ટોપથી નરમાઈ તરફી છે. દૈનિક ધોરણે ઓવરસોલ્ડ, અઠવાડીક તેમજ માસીક ધોરણે ઓવરબોટ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૧૭૫૮૧ ઉપર ૧૭૬૧૦, ૧૭૬૫૦ પ્રતિકારક સપાટી ગણાય. નીચામાં ૧૭૪૩૩ તુટે તો ૧૭૩૩૫, ૧૭૨૮૦, ૧૭૧૦૦, ૧૭૦૦૦ સુધીની શકયતા.

**BHEL (૬૫.૬૦) :-** ૪૯.૯૫ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક ધોરણે ઓવરબોટ, અઠવાડીક ધોરણે ઓવરબોટ તરફ તેમજ માસીક (અનુ. પાના નં ૧૪ ઉપર)

**ઈર્શાદ :- રડ્યા 'બેફામ' સૌ મારા મરણ પર એજ કારણથી, હતો મારો જ એ અવસર ને મારી હાજરી નહોતી" -'બેફામ'**

# અંતે અપેક્ષા મુજબનું સામાન્ય કરેક્શન

ગત પૂરા થયેલા રિપોર્ટવાળા અઠવાડિયાનું પ્રથમ સેશન ફ્લેટ છતાં ગ્રીનમાં બંધ રહ્યું અને ત્યાર પછીના બધા સેશનમાં સતત કરેક્શન જોવા મળ્યું. આમ અંતે લાંબી રાહ જોવડાવ્યા બાદ સામાન્ય કરેક્શને સ્થાન લીધું, પરંતુ એનાલિસ્ટોના મતે આ કરેક્શન અપેક્ષા મુજબનું નથી. યોગાનુયોગ આ ડેરિવેટિવ્સ એક્સપાયરી વીક હતું. ચોમાસાનો અંતિમ સ્પેલ હવે લગભગ પૂરો થવામાં છે ત્યારે ફાઈનલ રેલી રિપોર્ટની રાહ જોવાય છે.

**BONUS ANNOUNCED**
**Universal Auto (1 for 4)**
**Advitya Trade announced bonus shares in the ratio of 44 for 100 on 21.08.21, but informed the exchange in the week under review.**

**BONUS MEET**
Man Infra (4-10-21)
Medico (7-10-21)



**Expert's Eye**

Dilip Davda
e-mail : dilip_davda@rediffmail.com

આગામી અઠવાડિયે સપ્ટેમ્બર મહિનાના ઓટો અને સિમેન્ટ કંપનીઓના ડિસ્પેચ ડેટાની પ્રત્યાઘાતી અસર બજાર પર જોવા મળશે. ગ્લોબલ માર્કેટની પ્રવાહી સ્થિતિ અને એશિયન માર્કેટનો મિક્સ ટ્રેન્ડ ભારતીય માર્કેટની મૂવમેન્ટ પર જોવા મળશે. અઠવાડિયા દરમિયાન એફઆઈઆઈ શુક્રવારની ટોકન ખરીદી સિવાય મોટાભાગે નેટ સેલર રહ્યા હતા.

અઠવાડિયા દરમિયાન સેન્સેક્સ ૧,૨૮૨.૮૯ પોઈન્ટ તૂટી ૬૦,૪૧૨.૩૨ થી ૫૮,૫૫૧.૧૪ અને નિફ્ટી પણ ૩૨૧.૧૫ પોઈન્ટ ઘટી ૧૭,૯૪૩.૫૦ થી ૧૭,૪૫૨.૯૦ ની વચ્ચે ટ્રેડ થયો હતો

**સેકન્ડરી માર્કેટ :-** સોમવારે માર્કેટ ગેપથી ઊંચા લેવલે ખૂલ્યું પરંતુ ઈન્ટ્રા ડે માં હાઈ લેવલ બનાવી અંતે વધી ગ્રીનમાં બંધ રહ્યું હતું. સેન્સેક્સ ૨૯.૪૧ પોઈન્ટ સુધરી ૬૦,૦૭૭.૮૮ અને નિફ્ટી ૧.૯૦ પોઈન્ટના સામાન્ય સુધારે ૧૭,૮૫૫.૧૦ ના લેવલે બંધ રહ્યો હતો. સેન્સેક્સ ઈન્ટ્રા ડે માં ઓલટાઈમ હાઈલેવલે સ્પર્શ્યો હતો. જ્યારે બેન્કિંગ, રિઆલ્ટી, ઓટો કાઉન્ટરોમાં ભારે ખરીદીનું વલણ જોવા મળ્યું હતું. તેમને રિલાયન્સનો સપોર્ટ મળ્યો હતો અને આઈટી, ફાર્મા કાઉન્ટર ગગડ્યા હતા. જોકે મિડ-સ્મોલકેપ કાઉન્ટરોમાં દરેક ઉછાળે

(અનુ. પાના નં ૧૨ ઉપર)

**EX-SPLIT**
Indo Borax (10 for 1)
Bajaj HC (2 for 1)
CL Edu (2 for 1)

**EX-BONUS**
Galactico (1 for 1)
G K P Print (1 for 1)

## શ્યોર શોટ્સ

- Dilip K. Shah

**Birla Corporation
Sundaram Finance
V-Mart Retail, HUL
Jay Bharat Maruti**

**Birla Corporation (રૂ. ૧૩૮૭.૦૦) (કોડ : ૫૦૦૩૩૫) :-** બિરલા કોર્પોરેશન એમ પી બિરલા ગ્રુપની અગ્રણી કંપની છે જે મુખ્યત્વે સિમેન્ટનું ઉત્પાદન કરે છે. આ સિવાય કંપની જ્યુટ ગુડ્સ, પીવીસી ફ્લોર કવરીંગ, ઓટો ટ્રીમ પાર્ટ, આયર્ન એન્ડ સ્ટીલ કાસ્ટિંગ જેવા સેગમેન્ટમાં પણ સક્રિય છે. કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૧૫૬૦ અને ઘટીને રૂ.૬૧૭ જોવાયો છે. કંપનીની ઈક્વિટી રૂ.૭૭.૦૧ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૫૪૦૯ કરોડનું રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટરો ૬૨.૯૦ ટકા અને પબ્લિક ૩૭.૧૦ ટકા સ્ટેક ધરાવે છે. જુન ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ.૧૨૨૨ કરોડથી વધીને રૂ.૧૭૪૯ કરોડ થઈ છે જ્યારે આ ક્વાર્ટરમાં કંપનીનો નફો રૂ.૬૬ કરોડથી ૧૧૫ ટકા વધીને રૂ.૧૪૨ કરોડ થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૧ના પરિણામોની વાત કરીએ તો કંપનીની આવક રૂ.૬૯૧૬ કરોડથી ઘટીને રૂ.૬૭૮૫ કરોડ થઈ હતી જયારે નફો રૂ.૫૦૫ કરોડથી વધીને રૂ.૬૩૦ કરોડ થયો હતો. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૧માં રૂ.૮૧.૮૩ની ઈપીએસ હાંસલ કરી હતી. કંપનીએ ફેબ્રુઆરી ૨૦૧૬માં રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સિમેન્ટ બિઝનેસ રૂ.૪૮૦૦ કરોડમાં ખરીદી લીધો હતો જેના થકી કંપનીની ક્ષમતા ૧૦ એમટીપીએથી વધીને ૧૫.૫ એમટીપીએ થઈ હતી. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૧૦૬૮૬ કરોડ છે. કંપનીમાં મ્યુચ્યુઅલ ફંડ્સ ૧૨.૨૩ ટકા અને એફપીઆઈ ૩.૯૬ ટકા હિસ્સો ધરાવે છે અને ઈન્સ્યુરન્સ કંપનીઓ પાસે ૧.૫ ટકા સ્ટેક છે. સ્ટોક માત્ર ૧.૯૫ પ્રાઈઝ ટુ બુક વેલ્યુથી ક્વોટ થઈ રહ્યો છે. ઘટાડે સ્ટોકમાં રોકાણ કરવા વિચારી શકાય. નાણાકીય વર્ષ ૨૦૨૧ માટે કંપનીએ ૧૦૦ ટકાનું ડીવીડન્ડ ચુકવ્યું હતું.

**Sundaram Finance (રૂ. ૨૪૫૨.૦૦) (કોડ : ૫૯૦૦૭૧) :-** બી ગ્રુપની આ ફાયનાન્સ ક્ષેત્રની કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧૦ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૨૮૮૩ અને ઘટીને રૂ. ૧૨૭૭ જોવાયો હતો. આ કંપનીની સ્થાપના ૧૯૫૪માં થઈ હતી. કંપની શરૂ થઈ ત્યારે પેઈડઅપ કેપીટલ માત્ર રૂ. ૨ લાખની હતી અને કંપની મદ્રાસ મોટર્સ એન્ડ જનરલ ઈન્સ્યુરન્સ દ્વારા પ્રમોટ કરવામાં આવી હતી જે ૧૯૭૧માં રાષ્ટ્રીયકરણ પહેલા અગ્રગણ્ય ઈન્સ્યુરન્સ કંપની તરીકે ઓળખાતી હતી. અગાઉ કોમર્શિયલ વ્હીકલ્સ માટે ફાયનાન્સ પુરૂ પાડવાનો આ કંપનીનો મુખ્ય ઉદ્દેશ હતો

(અનુ. પાના નં ૧૪ ઉપર)

## Smart Tips

Smita N. Zaveri

**Redington, J.K. Paper, Finolex Industries, ONGC, L&T Finance Holding**

**Redington (રૂ. ૧૪૪.૦૦) (કોડ : ૫૩૨૮૦૫) :-** કોમર્શિયલ ટ્રેડિંગ એન્ડ ડીસ્ટ્રીબ્યુશન ક્ષેત્રે કાર્યરત એ ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૨ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૧૭૯ અને ઘટીને રૂ. ૫૩ જોવાયો છે. ૧૯૬૧માં મહારાષ્ટ્ર ખાતે કેવલરામ પ્રા. લી. ના સ્થાપાયેલી આ કંપની ત્યારબાદ ૨૮ એપ્રિલ ૧૯૮૭માં નામ બદલીને રેડીંગ્ટન ઈન્ડિયા લી. થયું હતું. ૨૦૦૭માં એપલ સાથે ડિસ્ટ્રીબ્યુશન કરાર કર્યા હતા. ૨૦૧૩ માં એમેઝોન સાથે કીનલે ડીવાઈસીસ માટે અને ૨૦૧૬માં કંપનીએ તુર્કીની લીન્ક પલ્સનો સ્ટેક ઓવરસીસ સબ્સીડરી દ્વારા હાંસલ કર્યો હતો. કંપનીની કુલ ૭૫ ટકાથી વધારે આવક સપ્લાય ચેઈન સોલ્યુશન દ્વારા થઈ રહી છે જ્યારે બાકીની આવક મોબીલીટી સેગ્મેન્ટની આવે છે. કંપની કોર બિઝનેસ ઉપર વધુ ધ્યાન આપી રહી છે. "મેક ઈન ઈન્ડિયા" અને "સ્માર્ટ સીટી" ને કારણે કંપનીને લાભ મળતો જોવાશે. કંપની ૧૦૦ ટકા પબ્લિક હોલ્ડિંગ ધરાવે છે. માર્કેટકેપ રૂ. ૧૧૭૩૮ કરોડ, બુકવેલ્યુ રૂ. ૬૭.૯૩ છે. ઈક્વિટી રૂ. ૭૭ કરોડ અને રીઝર્વ રૂ. ૪૮૫૫ કરોડ જેટલુ જંગી છે. કંપનીએ જુન ૨૦૨૧ ના પુરા થતા ક્વાર્ટરમાં કોન્સોલીડેટ બેઝ ઉપર રૂ. ૧૩૪૭૪ કરોડની આવક ઉપર રૂ. ૨૩૯ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો છે જે ગત વર્ષના સમાનગાળામાં રૂ. ૧૦૭૨૧ કરોડની આવક ઉપર રૂ. ૯૮ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો છે. તાજેતરમાં કંપનીએ ૧:૧ ના પ્રમાણમાં બોનસ શેર ઈસ્યુ કર્યા છે. આ અહેવાલોને પગલે શેરમાં કરંટ જોવાય.

(અનુ. પાના નં ૧૪ ઉપર)

# સ્ક્રીપ સ્પેસીફીક ધ્યાન

**દિવાને-ખાસ**



એ. જે. દિવાન (મુંબઈ)
mail : divanconsultancy@rediffmail.com

એકધારી સ્પીડ તેજીથી ઈન્ડેક્સ ૬૦,૦૦૦ ને પાર જોવાયો હતો. નિફ્ટી પણ ૧૮૦૦૦ ની આસપાસ આવી ગયો. ચીનની સ્ટીલ નીતિથી ભારતમાં સ્ટીલ શેરોમાં ભારે વેચવાલી આવી હતી. ટાટા સ્ટીલ જેવી અગ્રગણ્ય કંપનીમાં ૨૦૦ રૂપિયા નિકળી જવી એ સામાન્ય વાત નથી. છેલ્લાં કેટલાક દિવસોથી ટાટા સ્ટીલ ૧૨૭૦ ની આસપાસ સપોર્ટ લે છે પણ ૧૩૨૫ કુદાવતો નથી. ક્રુડ પણ ૮૦ ડોલર ટચ કરી આવ્યું એ પણ ભારતની ઈકોનોમી માટે એલાર્મ વગાડે છે. ભારતના ઘણા રાજ્યોમાં અતિ ભારે વરસાદ થતા પાકને નુકશાન થયું છે. ખેડુત આંદોલન સમાપ્ત કરવામાં સરકારને રસ નથી પણ બીજેપી સરકારમાં ભંગાણ પડાવવામાં સરકાર મઝા લઈ રહી છે. ગુરૂવારે ડાઉજોન્સમાં ફરીથી ૫૦૦ પોઈન્ટનો ઘટાડો નોંધાયો. ગેસના ભાવમાં વધારો કદાચ ગેસને ફાયદો કરી આપશે પણ પ્રજાનું શું ?

લુપીનના ગોવાના પ્લાન્ટમાં યુ.એસ.નું ઈન્સ્પેક્શન આવતા શેરનો ભાવ ચાલવો મુશ્કેલ લાગે છે. રિલાયન્સમાં વિદેશી ડાયરેક્ટર મીડલ ઈસ્ટમાંથી લેતા શેરના ભાવમાં તેજી આવી છે. ૨૪૮૦ નો સ્ટોપલોસ લેણ પેટે રાખવો. સરકાર પાવર જનરેશન પર વધુ ધ્યાન આપી રહી છે માટે પાવરના શેરો જેએસડબલ્યુ એનર્જી, અદાણી ટ્રાન્સમીશન તથા એનટીપીસીમાં કોઈપણ ઘટાડે ખરીદી રોકાણ માટે કરી શકાય. આ સાથે પાવર ફાયનાન્સ (પીએફસી) ૧૩૮ ના સ્ટોપલોસ સાથે ખરીદો.

**સરકાર ટ્રાવેલ ટુરીઝમને પ્રોત્સાહન આપવાની છે તો આવનારા દિવસોમાં દિવાળી તથા ક્રીસમસ વેકેશનમાં નીચેના શેરોમાં થોડી ચમક દેખાય શકે છે. : યુનાઈટેડ સ્પીરીટ, લેમન ટ્રીન, ઈન્ડિયન હોટલ્સ, વીઆઈપી ઈન્ડ અને મહિન્દ્રા હોલીડે.**

***ગુરૂવારના બજારના આધારે નીચેના શેરો પર અમારુ મંતવ્ય વાંચો :- મધરસન સુમી:*** કોઈપણ ઉછાળે ૨૩૨ થી ૨૩૩ ના સ્ટોપલોસથી વેચો. ***ટાટા સ્ટીલ*** ની રેન્જ ૧૨૭૫ થી ૧૩૧૫ ની દેખાય છે. ***ડેલ્ટા કોર્પોરેશન*** કોઈપણ ઘટાડે આ શેરમાં ખરીદી કરો. સ્ટોપલોસ રાખવી હોય તો ૨૫૦ નો રાખો. ***ડીએલએફ*** ખરાબ બજારમાં ૪૧૦ ની આસપાસ મળે તો ૪૦૫ ના સ્ટોપલોસથી પકડી લેવાય. ***વેદાંતા*** ૨૯૩ થી ૨૯૫ વેચવા માટે સારો ભાવ છે. ૨૯૭ ના સ્ટોપલોસ રાખી ૨૮૦ નો ટાર્ગેટ જોવા મળી શકે. ***અદાણી પોર્ટ*** પોર્ટ પર મળેલા પાવડરનું નિરાકરણ ન આવે ત્યાં સુધી શેરને ન અડો. ૭૩૦ની નીચે વધુ ખરાબી શક્ય છે. જન્માષ્ટમી અને ગણપતીમાં થયેલી તેજી થોડે ઘણે અંશે શ્રાધ્ધમાં ધોવાઈ ગઈ.


## DOW Den of Wealth — D(en)O(f)W(ealth)

### Performance of our last Month Recommendations

| Rec. Date | Company Name | Recomm. | Remarks |
|---|---|---|---|
| 22nd July 21 | ASRL | Buy at 114 sl 97 | Book 50% profit at 124 on 26th July |
| 22nd July 21 | RESONANCE | Buy at 170 sl 160 | Book 50% profit at 185 on 23rd July |
| 27th July 21 | INTEGRA ENG | Buy at 63.5 sl 54 | Book full profit at 74 on 5th August |
| 28th July 21 | RUBFILA INTER | Buy at 105 sl.93 | Book full profit at 122 on 3rd August |
| 28th July 21 | DIGISPICE | Buy at 73.5 sl.60 | Book full profit at 80.50 on 3rd August |
| 3rd August 21 | FLEX FOOD | Buy at 141 sl.133 | Book 50% profit at 144 and 50% profit at 148 in intraday |
| 5th Aug 21 | FLEX FOOD | Buy at 128.5 sl 122 | Book 50% profit at 137 on 9th August & stop loss of 122 click later |
| 6th Aug 21 | ARTEFACT PROJECTS | Buy at 49 sl 45 | Book full profit at 56 in intraday trade |
| 6th Aug 21 | BENGAL TEA | Buy at 74 sl 61 | Book 50% profit at 85 on 9th August & stop loss of 61 click later |
| 9th Aug 21 | VEDAVAAG | Buy at 56 sl 52. | Stop Loss clicked |
| 11th Aug 21 | RISHIROOP | Buy at 706 sl 93 | Book full profit at 120 on 13th August |
| 18th Aug 21 | AJANTA SOYA | Buy at 120 sl 101 | 50% Book profit at 135 on 3rd Sep |
| 20th Aug 21 | POLYSPIN EXPORT | Buy at 81 sl 69 | Book full profit at 86 on 20th Sep |
| 20th Aug 21 | ASIAN ENERGY | Buy at 141 sl 130 | Book 50% profit at 153 on 30th August/ Book full profit at 170 on 17th Sep. |
| 24th Aug 21 | DENIS CHEM LAB | Buy at 54 sl 45 | Book 50% profit at 60 on 30th August/ Book full profit at 66 on 1st Sep. |
| 24th Aug 21 | RAM RATNA WIRE | Buy at 126 sl 106 | Book 50% profit at 141.50 on 26th Aug. |
| 3rd Sep 21 | BSL LTD | Buy at 60 sl 48 | Book full profit at 70 on 3rd Sep |
| 3rd Sep 21 | JAYSYNTH DYESTU | Buy at 81 sl 70 | Call hold |
| 3rd Sep 21 | FAZE3 AUTO | Buy at 125 sl 106 | Book 50% profit at 141 on 6th Sep/ |
| 9th Sep 21 | VEDAVAAG | Buy at 55.75 sl 48 | Book 50% profit at 61 on 14th Sep/ Book full profit at 64.5 on 17th Sep |
| 14th Sep 21 | DCW | Buy at 38 sl 34 | Book 50% profit at 41.5 on 17th Sep/ Book full profit at 45.5 on 27th Sep |
| 21st Sep 21 | FLUDOMET | Buy at 133 sl 115 | Call hold |
| 21st Sep 21 | CITY STEEL SEC | Buy at 58.5 sl 51 | Call hold |
| 23rd Sep 21 | ARIHANT CAPITAL | Buy at 140 sl 122 | Call hold |
| 28th Sep 21 | SPENCERS | Buy at 117.5 sl 105 | Book full profit at 132 on 1st Sep. |
| 30th Sep 21 | LEMONTREE | Buy at 46.5 sl 42 | Call hold |
| 30th Sep 21 | AGARIND | Buy at 351 sl 325 | Call hold |
| 1st Sep 21 | NELCAST | Buy at 91 sl 82 | Call hold |

DOW સ્કિમમાં સબસ્ક્રાઈબર્સને SMS તેમજ E-mail દ્વારા બ્રેકિંગ ન્યુઝ અને અન્ય Buy/Sell ના આઈડિયાની સર્વિસ પુરી પાડવામાં આવે છે. આ સર્વિસ અમારા બે પબ્લિકેશન્સના વચ્ચેના ગાળામાં આપવામાં આવશે.

**M. 9825006980**

E : smartinvest25@gmail.com
W : www.smartinvestment.in

DOW નું એક વર્ષ માટેનું લવાજમ
**Rs. 7000/-**

**Bank Details**
HDFC Bank
CURRENT A/C NO. :
00062560008858,
BENEFICIARY NAME
Archi Publications
RTGS / NEFT IFSC
HDFC0000006
Navrangpura Branch,
Ahmedabad-380009.


Printed by Dilip K. Shah, Published by Dilip K. Shah, Owner by Dilip K. Shah. Printed at Allied Offset Printer Pvt. Ltd. 14/2, Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad-380021. Published from 311 to 313, Nalanda Enclave, Opp. Sudama Resorts, Pritam Nagar1st Dhal, Ellisbridge, Ahmedabad. Editor : Dilip K. Shah

*Financial Weekly*

# SMART Investment

Only Financial Weekly Published in
English & Gujarati Language

Editor : Dilip K. Shah
ARCHI PUBLICATIONS
311 to 313, Nalanda Enclave, Pritamnagar 1st Dhal,
Ellisbridge, Ahmedabad-6. GUJARAT, INDIA

Phone : 079 - 2657 66 39
Mob. : 9825306980 , 9825006980

E-mail :
smartinvest25@gmail.com
smartinvest25@yahoo.in

web : www.smartinvestment.in

# SMART Investment

# *Subscription Chart*

## *(Revised Rates effective from 1st Decemeber 2020)*

### E-mail Edition (Soft Copy) (Every Sunday)

| Smart Investment Weekly | 1 Year | 2 Years | 3 Years |
|---|---|---|---|
| 1. Gujarati Edition | 2500 | 4500 | 6000 |
| 2. English Edition | 1500 | 2600 | 3600 |

### E-mail Edition (Soft Copy) of Smart Plus News Letter (Every Sunday) * For Private Circulation only

| News Letter | 1 Year | 2 Years | 3 Years |
|---|---|---|---|
| 1. Smart Plus | 1700 | 3100 | 4500 |

### Combined Package for Weekly & News Letter

Guj. & English Weekly E-Copy (Every Sunday Morning)
With Smart Plus News Letter (Every Sunday Evening)

| | 1 Year | 2 Years | 3 Years |
|---|---|---|---|
| 1. Gujarati + Smart Plus | 3700 | 6900 | 10200 |
| 2. English + Smart Plus | 2800 | 5100 | 7400 |

**Contact : 079-26576639 (M) 9825006980**
**smartinvest25@gmail.com , smartinvest25@yaoo.in**

**If you want to subscribe our copy,**
**Please Register into our website**

**www.smartinvestment.in**

**You will be assigned your subscription over there itself**

# SMART INVESTMENT

## Ring : 079 - 2657 66 39 / 982500 6980

***Warning :- Your soft Copy (E-mail Edition) is for your exclusive use only. Any attempt to share your copy or forwarding your copy to a non-subscriber will disqualify your membership & we will be compelled to stop your supply and forfeit your subscription thereafter without any refund to you.***

## Hard Copy is available on Every Sunday Morning at your nearest book-stall

| City | Agent's Name | Mobile No. | Landline No. |
|---|---|---|---|
| Ahmedabad | Pocket Book Centre | 098240 776680 | 079-25508732 |
| | Vinod Agency | 098254 84098 | 079-25510104 |
| | Mohsin Mansuri | 098250 35928 | 079 - 25350794 |
| | | 099243 70455 | |
| Anand | Mistry News Agency | 098251 73432 | 02692 - 251032 |
| Akola | Vishnu Book Seller | 072424 39444 | |
| Baroda | Shreenath News paper | 098982 40228 | 0265-2413049 |
| Baroda | A.G. Vora & Co. | 098240 95716 | 0265-2323248 |
| Bhavnagar | Prem News Agency | 094289 90615 | |
| | Suchdev Agency | 099040 72336 | |
| Bharuch | Falgun News Agency | 098792 37236 | |
| Gandhidham | A.H. Pandya | 098252 37212 | 02836-220212 |
| Jodhpur | Sarvoday Book Stall | | 0291-26533734 |
| Jamnagar | Mahesh Agency | 098982 85979 | |
| Mehsana | Mens Paper Agents | 098256 36988 | 27621236007 |
| Mumbai | Varavadkar & Co. | 093231 29040 | |
| Navsari | Jaydeep News Agency | 098983 59235 | |
| PUNE | Sandesh AGency | | 020-66021340 |
| Rajkot | Thakkar News Aghency | 099241 33518 | 0281-2233518 |
| Surat | Surat Book Centre | 0 98790 44220 | 0261-2431158 |
| Solapur | Aparna Agency | 094220 65825 | |
| Surendranagar | M. B. Shah | 098982 18921 | |
| Udaipur | Kailash Book Center | 098291 36695 | 0294-2561145 |
| VAPI | Om News Agency | 099242 84109 | |
| Valsad | Paresh News Agency | 091733 59444 | |

**If you want to subscribe our copy, Please Register into our website**
**www.smartinvestment.in**
**You will be assigned your subscription over there itself**

# Financial Weekly

## Every Sunday

*Financial Weekly*

SMART Investment

English & Gujarati Edition

Contact : 079-26576639 (M) 9825006980

smartinvest25@gmail.com , smartinvest25@yaoo.in

## Every Wednesday

સ્માર્ટ બોનાન્ઝા

SMART BONANZA

Gujarati Edition

Only Financial Weekly Published in English & Gujarati

Financial Weekly

SMART Investment

GAMC No. :1703/2018-20. Issued by SSP Ahd. Valid up to 31-12-2020

RNI No : GUJENG / 2008 / 24320

# According to the Indian Newspaper Society, newspapers can collect fines from the administrator of the WhatsApp group

## It is illegal to broadcast PDF copy of Newspaper on WhatsApp & Telegram group, action can be taken on group admin

In the period of pandemic of Covid-19, Newspapers are facing challenges related to distribution on the one hand, on the other hand, their e-paper copy and digital piracy incidents have also increased. This is causing loss of revenue to newspapers. In view of this, **the Indian Newspaper Society (INS)** has warned that it is illegal to download pages from e-papers of newspapers and circulate their PDF file in WhatsApp or Telegram Group.

Newspapers can take stringent legal and heavy penalties against a person who illegally circulates on social media by copying e-paper or portions thereof. Administrators of that WhatsApp or Telegram group will be held responsible for illegally circulating e-copy of newspaper in such a group.

follow us

Financial Weekly

# SMART Investment

## Install the app (Telegram & Instagram) to follow our latest update

Now......

we are on Instagram as
smartinvestment.in

&

We're on Telegram now too
https://t.me/smartinvest_25

# www.smartinvestment.in

Smart Investment Website Index

**41,777 hits only 1 Week**

**Total number of Hits**

**1,62,33,999**

## Kuber Bhandar of earnings

*Future - Options, Stock - Watch, Funda - Picks, Technical Shares, Speculative Scrips, Primary Market,*

Contact : 079-26576639 E-mail : smartinvest25@gmail.com